કુમાર

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

સંસ્થાપક : સ્વ. રવિશંકર મ. રાવળ

વર્ષ ચોસઠમું · ડિસેમ્બર · ઓગણીસ સો એકાણુ

તંત્રી · ધીરુ પરીખ · સંપાદક · બિહારીલાલ ટાંક




સળંગ
૭૬૭
મો અંક

પિએતા

શિલ્પકાર · માઈકલ ઍન્જેલો

(જુઓ આ અંકની 'કલાવાર્તા')



સૃષ્ટિની ઉત્પત્તિને લગતા બાઇબલના જૂના કરાર – ઑલ્ડ ટેસ્ટામેન્ટ-ના પ્રથમ પુસ્તક 'જેનિસિસ–૧'માં કથા છે કે સર્જનના છઠ્ઠા દિવસે પરમેશ્વરે પૃથ્વીની માટીમાંથી પોતાના જેવી દેહાકૃતિવાળા પુરુષનું સર્જન કરી તેનામાં જીવનનો શ્વાસ પૂર્યો. વૅટિકન સિટીના સિસ્ટાઇન ચૅપલની છતના એક ભાગમાં વિખ્યાત કલાકાર માઇકલઍન્જેલોએ અદ્ભુત કલા કૌશલથી આ ઘટનાને ચિત્રાંકિત કરી છે. તેમાં એણે સર્વશક્તિમાન સર્જનહાર પરમેશ્વર અને પૃથ્વી સાથે જડાએલા પુરુષ વચ્ચેના વિરોધાભાસનું અદ્ભુત દર્શન કરાવ્યું છે. આ ચિત્રની પરિકલ્પનામાં ક્યાંય સીધી રેખા નથી. સામસામા લંબાએલા બે હાથનું સીધાપણું પણ વળાંકદાર રેખાઓ વડે ભેદાઈ ગયું છે, અને એથી ચિત્રના બે જુદાજુદા અંશ – સ્વર્ગ અને પૃથ્વી-માં ઐક્ય સ્થપાયું છે. આ પછી નિદ્રાધીન પુરુષની પાંસળીમાંથી પરમેશ્વરે સ્ત્રીનું સર્જન કર્યું (જુઓ પૂઠાનું ત્રીજું પાનું). આ પુરુષ અને સ્ત્રી એ માનવજાતનાં આદિ માતા-પિતા 'આદમ' અને 'ઈવ' કહેવાયાં.

'કુમાર' **કુમારનું** વર્ષ ચોસઠમું

ડિસેમ્બર ૧૯૯૧ · સળંગ અંક ૭૬૭

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા-લઘુકથા-લઘુનવલ

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : અશોકભાઈ બચુભાઈ રાવત. પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન. નં. ૩૪૩૭૪૫) મુદ્રક : દર્શન પ્રિન્ટર્સ અમદાવાદ વતી હરેશ પટેલ, કમ્પ્યૂટર ટાઈપ સેટિંગ : પ્રિન્ટોગ્રાફ, ૩૩૪, સર્વોદય કોમ. સેન્ટર, સલાપસ રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧. વાર્ષિક લવાજમ રૂ. ૭૫ પરદેશમાં રૂ. ૨૫૦ .
છૂટક કિંમત રૂ. ૮-૦૦ + ટ. ખ. રૂ. ૨.૦૦

વાચકો લખે છે...



વર્ષોથી દિવાળી અને નૂતન વર્ષ નિમિત્તે 'કુમાર'ના ચાહકો અવનવા અભિનંદનપત્રો મોકલાત રહ્યા છે. 'કુમાર' પ્રત્યેના પ્રેમથી પ્રેરાઈ કેટલાક તો જાતે ચીતરીને કે અવનવી કલાચાતુરી વાપરીને આવાં કાર્ડ બનાવે છે. એમની આવી લાગણી બદલ અમે આભારી છીએ. આ વર્ષે મળેલાં સંખ્યાબંધ અભિનંદનપત્રોમાંથી જાતે બનાવેલા ત્રણે કાર્ડ અહીં આપ્યાં છે. મથાળે દર્શાવેલું કાર્ડ 'કુમાર'ના જાણીતા કલાકાર અને લેખક વાસુદેવ સ્માર્તે કરી મોકલ્યું છે, જેમાં એમણે દીપજ્યોતિનું બહુરંગી રેખાંકન કરી શુભકામનાઓ વ્યક્ત કરી છે. નીચે ડાબી બાજુનું કાર્ડ ઊનાના એક ચિત્રશિક્ષક બી. જી. વ્યાસનું છે, જેમાં એમણે નૂતન વર્ષના પ્રભાતનું દૃશ્ય આલેખ્યું છે. જમણી બાજુના કાર્ડમાં અમદાવાદના પ્રા. મોહનલાલ મ. જાનીએ 'કુમાર'ના નામાક્ષરોને કમલધારી હાથીની દેહાકૃતિમાં સંયોજીને પોતાની શુભકામનાઓ વ્યક્ત કરી છે.

'કુમાર'ના કલાવાર્તા વિભાગમાં અત્યાર સુધીમાં ઘણા કલાકારોના પરિચયો આવી ગયા છે. આ પરિચયોનું એક પુસ્તક થવું જોઈએ. 'કુમાર'ના લખાણોમાંથી તમે ચયન કર્યું છે, ત્યારે આ કામ કલા-જગત માટે ઉપયોગી થશે. ગુજરાતીમાં આવા પ્રકારનું એક પણ પુસ્તક નથી ત્યારે 'કુમાર'ને આવો વિચાર કેમ સૂઝતો નથી ? *

* (વિચાર તો સૂઝ્યો જ છે, પરન્તુ દરેક વિચારને કાર્યાન્વિત કરવાનું વ્યવહાર પાસું પણ વિચારવું પડે. તંત્રી) - શીલા રોય (જૂનાગઢ)

¤

'કુમાર' નામની ફૂલવાડીમાં આંખ અને હૃદયથી વિહરવું એ એક વ્યસન થઈ ગયું છે... સપ્ટેમ્બર'-૯૧નો એક અંક વાંચ્યો એટલે પ્રતિભાવ લખવાનું મન થઈ ગયું. કાવ્યો બધાં જ સારાં હતાં. એમાંય 'લાવો કોરું પાનું' અને 'વગર' બંને ખૂબ જ સરસ. લઘુનવલ 'લાકડી' તથા લઘુકથા પણ સુંદર લાગ્યાં. 'સંભવામિ યુગે યુગે' નો કટાક્ષ ખૂબ જ ગમે છે. આ જ અંકમાં રમેશભાઈ શાહે લખ્યું છે કે વિનોદ ભટ્ટના લેખ કુમાર કદના નથી. કબૂલ. પણ આપણા મનના કદ પ્રમાણે વેતરીને પછી આપણા મનમાં ઉતારીએ તો કેમ ? અલબત્ત, વિનોદભાઈ ગંભીર લાગતી વાતો માઈલ્ડ ડોઝમાં આપે છે. ઈર્ષા જેવા સનાતન જરૂરી અવગુણ વિશે કેટલી માહિતી આપી એમણે !...નહેરુ જેવી સમર્થ વ્યક્તિની મનોદશાની ખબર પણ એમના દ્વારા જ મળી. એટલે 'કુમાર'ના કદ વિશે શું લખવું ?

- કુ. ઉર્મિલા એમ. જુંગી (પોરબંદર)

¤

આપ સૌને નૂતન વર્ષાભિનંદન
'કુમાર'ને અર્પણ

'બ.રા.'એ પ્રાસેલી કવિકવિ 'રવિ-કલા' સ્પંદન ધરે
કુમારે સેવેલી શબદ નગરી પાંખ પસરે
કુમારે ગાળેલી કવિત ઝરણી કાવ્ય વહતી
કુમારે શું સેવ્યું તે પરમ સત શું સૌરભ ભરે !


કુમારે હૈયાને રસબસ રસી વાણ ઉચરી,
કુમારે ધારેલી ગતિ મધુર શી સિદ્ધ કરવા
અખંડોની સાધી મુદિત મનની તાપસ ગિરા;
કુમારે ફૂજ્યું તે ગહન ગગને કેલિ કવતું !
કુમારે ક્યારે કે નવ કવિત શા કાવ્ય કવિના
ન ધર્યાં કે ના છાપ્યાં પરણ પર ! જે જે અકવિતા !
ફરી મથ્યાં તે તે કવિ ! રસ ચખે શાશ્વત થયાં !
પણે જે ગિન્નાયા, પણ કવિ થયા કાવ્ય-ખરલે
વદે-ધીમી શાંતિ ગ્રહણ કરતાં વાચ - કરમે -
"કુમારે સહ્યું જે ઈતિ - અથ - થયું કાવ્ય પથનું" !

- ડૉ. હિમાંશુ ભટ્ટ (રાજકોટ)

¤

જૂન ૧૯૯૧ ના અંકમાં "જ્યોર્જ ઇવાનોવિચ ગુર્જિએફ" વાંચ્યા પછી તેમના સિદ્ધાંતો વિશે
(અનુસંધાન પાન ૫૮૨ ઉપર)





નયને ઉદાસીન/રાજેન્દ્ર શાહ

(ગાન)

નયને ઉદાસીન

એકાન્તે શીદ વિકલ,
ત્હારું વેગળું મેલી બીન !
ઝિલાય ના વેણ વ્હાલનાં
વ્હાલના તાને,
ફરફરે નહિ અધર
મધુર ગાને;
અલસ પ્રહર - ગભીર વહન
આથમણે જાય દિન.
સાજના સૂરે જાગેલ
કો રણકારે,
સોણલે ગમન
આ પારથી ઓ પારે;
કોઈ રે ગહન અણસારે અવ
નીરવ રવે લીન !

ફૂલને ભારે ફાંકો/નટરાજ બ્રહ્મભટ્ટ

(ગાન)

પડખે બેઠાં પાન બોલ્યાં:
'આ ફૂલને ભારે ફાંકો'.
આંખ કાઢીને બોલતો કાંટો:
'પોતપોતાનું ઢાંકો.'
ફૂલ બિચારાં ફૂલ જેવાં
તે મુખ રે ક્યાંથી ખોલે ?
બેય બાજુનું દુ:ખ ડાળીને
એ ય તે ક્યાંથી બોલે ?
એક તો મફત મ્હેક માણો ને
બોલ રે બોલો વાંકો !
આંખ કાઢીને બોલતો કાંટો :
'પોત પોતાનું ઢાંકો'.
આસપાસેનાં પંખીએ તો
ઠાવકી ભરી નાત:
'સાત પેઢીની આપણી સોબત
હોય ન બીજી વાત,
ડાળી ડાળી ડાયરા કરો
(ને) રંગ કસુંબા હાંકો.'

થોડુંઘણું બતલાવશે/અશોકપુરી ગોસ્વામી

(ગઝલ)

એ લખી શકશે ગઝલ ફરમાન એવું આવશે,
જે અહીં કાચા ઘડામાં જળ ભરીને લાવશે.
આપણા મનને ફૂટેલાં મૂળ જોઈને સહુ,
ઝાડ આ નવતર ઊગ્યું ક્યાંથી અચાનક ! ધારશે.
ઘાસ વાટે શ્વાસ લૈ ભીતર રહીને જે જીવે,
એ જ રણને કૂચ નૈં કરવા વિશે સમજાવશે.
ખાસ મનગમતા અવાજો સંઘરી લીધા પછી,
કાન જેવા કાન બીજાની તમા ના રાખશે.
જઈ, ગઝલને પૂછ, કે નખશિખ ઉદાસીન કોણ છે ?
શક્ય છે મારા વિશે થોડુંઘણું બતલાવશે.

છતાં !/ભરત ભટ્ટ 'તરલ'

(ગઝલ)

મુઠ્ઠી કરીને બંધ સતત દોડવા છતાં,
કૈં મેળવી શકાયું નહીં માગવા છતાં !
ભરચક છતાં તમામ દિશાઓ બની ગઈ,
ખાલીપણાનો ભાવ અહીં ખોડવા છતાં !
અંધાર 'હું' પણાનો ઉલેચાય છે જ ક્યાં ?
સાતેય અશ્વ સૂર્યના કૈં છોડવા છતાં !
મન ! કોઈપણ ઉપાયે જીવન જીવવું પડે,
મન, માછલીની માફક તરછોડવા છતાં !
સદ્‌ભાગ્ય છે કે, તો ય પહોંચી જવાય છે,
તારા તરફના માર્ગ બધાં મોડવા છતાં !

પાંચ હાઈકુ/ઉષા મોદી

પારેવું બેઠું
સિગ્નલે; દોડે પાટે
ઝડપે ગાડી

ડાળી, પાંદડાં
સૂકાં - ખરતાં; રહ
મૂળિયાં લીલાં.

બેઠું ધુમ્મસ
ક્ષિતિજે જોતું રાહ
ચન્દ્રાસ્ત તણી.

રાત્રિ રડતી
ઝાકળ થૈને : મસ્ત
ઊગતી કળી

ચાતક પ્યાસાં
શ્રાવણે - અતિ જળે:
કયાં સ્વાતિજળ ?



પોતાના વ્યક્તિત્વને મહાત્મા ગાંધીમાં સર્વથા વિલીન કરી એમની ઇચ્છાને પોતાની ઇચ્છા ગણી જીવનભર ચાલનાર નિષ્કામ કર્મયોગી અને અનન્ય ભક્ત

મહાદેવભાઈ દેસાઈ

કનુભાઈ જાની

ચરિત્ર શા માટે ? ચરિત્રભૂત માણસને સમજવા જ ? પાંચ-સાત-દસ પાનાંમાં એ શક્ય છે ? છતાં, કાંઈક એવો ઇરાદો હોય, પણ હકીકતે તો જીવનને જાણવા-માણવા; જીવનની જ જીવનસ્મૃતિરૂપ આરતી. એમાં ચરિત્રાયેલ વ્યક્તિ તો નિમિત્તરૂપ. મહાદેવભાઈની સમગ્ર અક્ષરસંપદામાંથી જો પસંદ કરીને એક જ લેવાની હોય કોઈ કૃતિ એમને સમજવા, ને જીવનના એમણે માનેલ રહસ્યને સમજવા, તો, જેને પાને પાને એમની વિદ્વતા ને ઊંડું જ્ઞાન ડોકાય છે (એમ હું નથી કહેતો, ગાંધીજી પણ કહે છે: 'Every page is evidence of his scholarship and exhaustive study of... Gita') એવી, મૂળ તો ગુજરાતીમાંના ગીતાના ગાંધીઅનુવાદના પોતે કરેલા અંગ્રેજી અનુવાદની પ્રસ્તાવના (નામે My Submission,) પણ ખાસ્સી સવ્વાસો પાનાંની - એ એક જ કૃતિ બસ થાય. અંગ્રેજોને પણ પરમાસ્વાદ્ય લાગે એવા ગંભીર છતાં ગૌરવયુક્ત લલિત ગદ્યમાં લખાએલી એ કૃતિના સમાપનમાં એ કહે છે:

'We have to burn ourselves out with a heart and a will and a cheer, each in his or her own sphere; our wicks may be ever so flimsy, our oil ever so poor, our flame ever so feeble, just enough to light our narrow paths, but ultimately our deem lights will blend right enough with the Universal Flame. All sacrifices, no matter how small or great, provided it is pure, reaches Him, ranks the same with Him, there is no last nor first.' અંદરનો હૃદયદીપ, બસ, જલતો રાખીએ, દૃઢતાથી ને આનંદથી, જે કોઈ ક્ષેત્રમાં હોઈએ ત્યાં: દીવેટ છોને હોય જર્જર, તેલ ટાંચું, વાટ ટગુમગુ, આપણી સાંકડી કેડીએ ઉજાસ પડતો રહે ને આપણે આગળ આગળ ચાલતા રહીએ તો બસ ! એ દીવો તો છેક વિશ્વની નિરંતર ઝળહળતી જ્યોતમાં જઈને મળશે એ નક્કી. ત્યાગ નાનકડો હોય કે મોટો, વિશુદ્ધ જોઈએ. એવો ત્યાગ પરમની સમીપે જ પહોંચાડે છે સૌને. ત્યાં કોઈ પહેલો નથી, કોઈ પછીનો નથી, નથી કોઈ નાનો કે મોટો. જીવનની આ ચાવી મહાદેવભાઈએ આપી છે. માનવમહત્તાનો આ માપદંડ 'જીવન એટલે શું ?', 'માનવશ્રેય શેમાં ?' એવા અઘરા પ્રશ્નોનો આટલો વિશદ ઉત્તર બીજે ભાગ્યે જ મળે. મળ્યો, કારણ વિદ્વતા નહિ -, અનુભવ. એમનું જીવન એટલે જ ગીતાપ્રોક્ત યોગ. યોગીનાં ચાર લક્ષણો: એ ક્ષીણકલ્મષ, છિન્નદ્વૈધ, યતાત્મા અને સર્વભૂતહિતે રત હોય. (ગીતા: ૫/૨૫) ઉદાહરણોનો પાર નથી. નાનીનાની વાતમાં આ ચારે લક્ષણો દેખાય. છેલ્લા દિવસોમાં આગાખાન મહેલમાં જેલમાં હતા. એ છેલ્લા દિવસોની નોંધોમાંથી તા. ૧૩-૮-'૪૨ ના પ્રસંગની નોંધ જુઓ. ('શુક્રતારક સમા મહાદેવભાઈ' પૃ. ૪૧) કસ્તૂરબા માટે ડોકટરે પ્રિસ્ક્રિપશન લખી આપ્યું. જેલના સુપરિન્ટેન્ડેન્ટે એને બજારમાં મોકલવા માંડ્યું, ત્યારે એમને રોકીને મહાદેવભાઈ ગાંધીજીને કહે, 'આમાં તો કસ્તૂરબાનું નામ છે ! આ તો બહારની દુનિયાને ખબર આપવાનું સીધું સાધન છે.' બાપુને વાત સાચી લાગી. સુપરિન્ટેન્ડેન્ટને કહ્યું કે નામો કાઢી નાખવાં હોય તો કાઢી નાખે. એણે ખૂબ આભાર માન્યો ને એમ કર્યું. પકડનારની સાથેનો કેવો વર્તાવ ! કેવી નાની ઝીણી વાત છતાં કેવી સત્યનિષ્ઠા! પોતાનો ભાર તો પોતે ઉપાડવાનો જ પણ ઉપડાવનારનેય ચાહવાના ને એની ચિન્તા કરવાની ! ઇશુએ કહ્યું છે એમ 'Whosoever would come after Me, let him renounce himself and take up his cross daily and follow me.' આવા 'યતાત્મા' એ હતા. ગાંધીજીને નહોતું સૂઝ્યું એ એમને સૂઝ્યું ! ગાંધીજીએ ગુરુશિષ્યસંબંધ-મીમાંસા (મહાદેવભાઈકૃત 'ગોપાળકૃષ્ણ ગોખલેનાં વ્યાખ્યાનો'ની પ્રસ્તાવનામાં) કરતાં લખ્યું છે: 'શિષ્યનું આચરણ એ જ તેની ગુરુ ઉપરની ટીકા છે.' મહાદેવભાઈના મૃત્યુ પછી એમની સમાધિ પર ફૂલ ચડાવતાં બાપુ

કહે, 'મહાદેવનું આખું જીવન ભક્તિનું એક અખંડ કાવ્ય હતું....શિષ્ય બનીને મહાદેવ મારો ગુરુ બન્યો છે.....''આપણે (આ) ભક્તિયોગનું પારાયણ કરીએ.' (શું. સ. મ.' ૨૯)

એ ભક્તિ ગાંધીદીધી નહોતી, ગળથૂથીમાં જ મળી હતી. કુટુમ્બ જ ઓળખાતું 'ટીલવાં' તરીકે. વતન સુરત પાસેનું દિહેણ. દાદા સૂરભાઈ ગણપતિભક્ત. ચાર પુત્રોમાંથી એક નાનપણમાં જ ગયો, બાકીના ત્રણ હરિભાઈ, બાપુભાઈ અને ખંડુભાઈ, ત્રણેને નાના મૂકીને સૂરભાઈ અવસાન પામ્યા. ગરીબી બેહદ, ખેડવા એકજ બળદ. પણ દાદી ન હાર્યાં. છોકરા ઉછેર્યા. ને પછી એક બાજુ બળદ ને બીજી તરફ જોડાય આ ત્રણમાંનો એક. એમ સૂંઢલ કરીને પણ ખેડ ચાલુ રાખી. બાપુભાઈ સાત ચોપડી કરી, શિક્ષક-તલાટી થયા, હરિભાઈ સાત કરી, સિનિયર ટ્રેઈન્ડ થઈ અધ્યાપનમંદિરમાં શિક્ષક થયા. માતા જમનાબહેન જાજરમાન, બુદ્ધિશાળી ને શ્રધ્ધાળુ. ખોળે પુત્ર જીવે નહિ, એટલે સિંહનાથ મહાદેવની બાધા રાખી: 'દીકરો આવશે તો મહાદેવ નામ રાખીશ; દીકરી આવશે તો પાર્વતી.' ૧-૧-૧૮૯૨ ને રોજ બાધા ફળી. ઓલપાડ તાલુકાના સરસ ગામે 'મહાદેવ'નો જન્મ. પિતા ત્યારે ત્યાં શિક્ષક. પણ મહાદેવભાઈ માતાનું સુખ પામ્યા નહિ. એ સાત જ વરસના હતા ને બત્રીસની ભરજુવાનવયે જમનાબહેન અવસાન પામ્યાં.

પણ પિતા વત્સલ, સરળ ને તીવ્રબુદ્ધિ. ગણિતમાં પ્રવીણ. અક્ષરો મોતીના દાણા જેવા. સ્મરણશક્તિ આશ્ચર્યજનક. (આ બધા જ ગુણો મહાદેવમાં!) એક વાર ઘેર પ્રસંગ. બજારમાંથી ગાડુંએક ભરીને માલસામાન ખરીદી લાવ્યા. પછી એની યાદી કિંમત સાથે મોઢેથી જ લખાવી! (મહાદેવની સ્મરણશક્તિના પાઠકસાહેબે કેટલા બધા વખાણ કર્યા છે! યરવડા જેલમાં 'હરિજન'નાં હજારેક સરનામાં મોઢેથી જ કરીને મોકલેલાં! (શુ. સ. મ. પૃ. ૨૩૭) ગાંધીજીનાં વ્યાખ્યાનોનાં ટાંચણ કરી લે, પણ 'હરિજન' કે 'યંગ ઈન્ડિયા'માં એ વ્યાખ્યાનો પૂરેપૂરાં આવે!) એમનું ગુજરાતી વાચન વિશાળ. ભજનોનો ભારે શોખ. રામાયણ-મહાભારતમાં ખૂબ રસ. પ્રાથમિક શાળાના શિક્ષક તરીકે વ્યવસાય શરૂ કરી, અમદાવાદની મહિલા ટ્રેનિંગ કોલેજના આચાર્યપદ સુધી પહોંચેલા. સ્વતંત્ર મિજાજના ને સ્વમાની. એક વાર એમની કોલેજનાં લેડી સુપરિન્ટેન્ડેન્ટે છેલ્લી ઘડીએ પ્રવાસે જવાનો આદેશ આપેલો, ત્યારે એમણે તેમને ધધડાવી નાખેલાં.

પિતાના આ કુળસંસ્કારો મહાદેવમાં ઊતર્યા. પિતા જ્યાં હોય ત્યાં એમને અભ્યાસ કરવો પડતો. ભણવામાં અત્યંત તેજસ્વી. એકડિયામાં હતા, ને બીજી સુધીના વર્ગો એક જ ઓરડામાં ચાલે એટલે બધા પાઠો સાંભળતા; એમાં ઈન્સ્પેક્ટરે એક વાર બીજીનાને એક પાઠમાંથી પૂછ્યું. સૌ ચૂપ. આમણે હાથ ઊંચો કર્યો ને સાચો જવાબ આપ્યો. આવી તીવ્ર ગ્રહણશક્તિ ને સ્મૃતિશક્તિ. ગુજરાતી પાંચ ધોરણ સુધી એ રીતે છિન્નભિન્ન પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કર્યો. પછી અંગ્રેજી ત્રણ ધોરણ સુધી દિહેણમાં રહીને ભણ્યાં. ત્યાં મણિશંકરભાઈ અંગ્રેજી ભણાવે ને ધર્મચર્ચા કરે. એમાં એમને ઘણો રસ પડ્યો. જીવરામ વૈદ્યની ઉપનિષદ વગેરેની કથાઓ સાંભળવા મળી, એ કોઠે ઊતરી. માણભટો ને રામલીલાવાળા આવે, રામાયણ-મહાભારત પણ વંચાય-કથાય. એ બધાંમાં મહાદેવ રસ લે. સૂરભાઈ શંકરજીના સંગીતના સંસ્કારો પણ ઝીલ્યા. વેકેશનમાં મણિશંકર માસ્તર પાસેથી સંસ્કૃત સરખું કરી લીધું. કાલિદાસનું 'શાકુન્તલ' શીખ્યા.

અંગ્રેજી ચોથું જૂનાગઢ કરવાનું નક્કી કર્યું. કાકા ખંડુભાઈ ત્યાં. એ જમાનામાં રેલવે બધે નહોતી. રસ્તાઓ પણ જાહલ. મુસાફરી કપરી. મહાદેવ દાંડીથી ઘોઘા જવા મછવામાં નીકળ્યા. સાથે એમના કાકાના દીકરાઓ. વીજળીનું એ જમાનામાં નામેય નહિ. ઘાસતેલને ફાનસે આંખો બગડવાનો ભય, તેથી પિતાજીએ દિવેલનો એક ડબ્બો ભરી આપેલો. દરિયામાં બેચેની ન લાગે ને ઊલટીઓ ન થાય એ માટે ગોળ-સૂંઠની ગોળીઓ વાળી આપેલી. બે દિવસનું ભાતું, ને પીવાના પાણીનો ઘડો પણ ભરી આપેલો. કમનસીબે એ ઘડો, મછવામાં બેસતાં જ ટચકો લાગતાં ફસકી ગયો!

દિહેણથી બપોરે બાર વાગ્યે નીકળી, આ ભણેશરીઓ બપોરના ત્રણ વાગ્યે દાંડી પહોંચ્યા. દાંડીથી મછવામાં બેસી ઘોઘા જવા સાંજે નીકળ્યા. એ સાંજ, રાત આખી ને બીજો દિવસ આખો એમ દરિયામાં, મછવામાં ચોવીસ કલાક પસાર કર્યા ત્યારે બીજે દિવસે છેક સાંજે ઘોઘા પહોંચ્યા. રાત્રે ઘોઘામાં ધર્મશાળામાં સૂતા. સવારે ઊઠીને ચાલવા માંડ્યું. ભાવનગર બાર માઈલ દૂર હતું. ત્યાં પહોંચ્યા. રાતની ગાડી પકડી. ધોળા પહોંચ્યા. ગાડી બદલી, જેતલસર પહોંચ્યા. પાછી ગાડી બદલી, ને એ રીતે ચોથે દિવસે બે વાગ્યે પહોંચ્યા જૂનાગઢ!



અમદાવાદમાં દેવજી સરૈયાની પોળમાંનું મહાદેવભાઈનું નિવાસસ્થાન

ત્યાં જેમને ઘેર ભણવા મૂકેલા એ કાકી ભારે કપરાં. પાંચ વાગ્યે ઊઠાડતા. પછી સંધ્યા, કપડાં ધોવાં, કૂવેથી પાણી સીંચવું, દાળચોખા વીણવાના વગેરે કામમાં જોડાવાનું. અગિયારશ કે વારતહેવાર હોય તો ઉપવાસ કરવાનો. દર પખવાડિયે એક વાર એરંડિયાનો જુલાબ ફરજિયાત. કાકીનું શિસ્ત જેલ જેવું કડક. ચૂંચાં ન ચાલે. એક વરસ આમ કાઢ્યું ત્યાં. (ભવિષ્યમાં ગાંધીજીની શિસ્ત જરાય આકરી ન લાગી, એનો થોડો યશ કાકીની તાવણનેય આપવો પડે. જુઓ, વિધિ પણ ક્યારેક કેવી પૂર્વતૈયારીમાં પળોટે છે !)

પાંચમી અંગ્રેજી કરવા પાછા સુરત આવ્યા. રહેવાનું હતું અડાજણમાં ને ભણવાનું સુરતમાં. રોજ જવા-આવવાનું, છતાં ભણવામાં દિલદગડાઈ નહીં. ગણિત તો એવું કે શિક્ષક પણ પ્રભાવિત થયેલા. અભ્યાસમાં નિયમિત ને મહેનતુ. બોલવામાં પણ પ્રભાવ પાડે. ૧૯૦૪માં - પ્લેગના સમયમાં, શાળા બંધ. બાપુકાકાને ત્યાં હજીરાની નજીક ડામકામાં રહેલા ત્યારે ત્યાં રામલીલા ભજવાય. એમાં દારૂતાડી વિરુદ્ધ ભાષણ પણ છોકરાઓ આપે. એમાં મહાદેવે ભાષણ આપેલું ! બધાંને ગમેલું. જેમ ભણવામાં ને બોલવામાં એમ દેખાવે પણ પ્રભાવશાળી. ઊંચા ને ગોરા. નરહરિભાઈએ નોંધેલ પ્રસંગ છે: ('મહાદેવભાઈનું પૂર્વચરિત', પૃ. ૨૦) એક વાર છોકરાઓએ મહાદેવને કોટપાટલૂન પહેરાવ્યા, માથે હેટ. હાથમાં લીધી સોટી ! ખજૂરામાં તાડીનો માંડવો, ત્યાં પારસી વેપારી. તાડીમાં પાણી ભેળવે. છોકરા પહોંચ્યા. કહે, 'સાહેબ આવે છે, સાહેબ !' પેલાએ જોયું ! હોશકોશ ઊડી ગયા. તાડી ઢોળી નાખી. પટેલસાહેબે માંડવો બતાવ્યો. સાહેબ તો ફક્કડ અંગ્રેજી ફડફડ બોલે ! છોટુભાઈ ગુજરાતીમાં પૂછે. આમ પાંચેક મિનિટ બધું ચાલ્યું. ત્યાં સાહેબની ચોટલી દેખાઈ ગઈ ! છોટુભાઈ કહે, 'સાહેબ તો દખ્ખણના છે, વિલાયતના નથી.' પંદર વર્ષની વયે સુરતની હાઈ સ્કૂલમાંથી ૧૯૦૬ના નવેમ્બરમાં એ મેટ્રિક થયા, હાઈ સ્કૂલમાં પ્રથમ આવ્યા. પિતા ત્યારે વલસાડ. એટલે ગોધરાના એક સંત પુરુષોત્તમ સેવકરામના પ્રભાવ નીચે પણ મહાદેવ આવી ચૂકેલા. પોતે કુંભાર - ભજનો ભાવપૂર્વક ગાય. ઉપનિષદગીતાનું જ્ઞાન કોઠાસૂઝથી. ભણેલા નહિ. ભગતજી મહાદેવ પાસે ભજન ગવડાવે. આ સંબંધ ટકી રહેલો. ભગતજી મહાદેવના પુણ્યને કળી ગયા હોય કે ગમે તેમ, '૧૨ ની સાલમાં મહાદેવ એમને મળવા ગયા ત્યારે ભગતજીએ મહાદેવને 'સંત આવ્યા' કહીને આવકાર્યા ! એમનાં કપડાં પોતે ધોયાં ! કહે, 'સંતની સેવા કરવાનો લાભ કંઈ ઘડી ઘડી મળે છે ?' (મ. પૂ. ચ., ૪૩) (આ ભગતજી ૧૯૨૬માં અવસાન પામ્યા ત્યારે મહાદેવભાઈએ 'નવજીવન'માં (વર્ષ ૮, અંક ૧૧, તા. ૧૪-૧૧-૧૯૨૬) અંજલિ આપી છે.

૧૯૦૫માં અંગ્રેજી છઠ્ઠામાં હતા ત્યારે એમનાં લગ્ન થયાં દુર્ગાબહેન સાથે. દુર્ગાબહેનના પિતા ખંડુભાઈ કેળવણી ખાતામાં ડેપ્યુટિ હતા. શાળાઓનું નિરીક્ષણ કરવાની સાથે ચકોરઆંખે પાણીદાર મુરતિયાની ખોજમાં પણ રહેતા. એમાં મહાદેવને ઝડપ્યા. દુર્ગાબહેન ખૂબ સંસ્કારી. છ ચોપડી ભણેલા. (પણ ત્યાગમાં મહાદેવને હરાવ્યા ! મહાદેવને તો ગાંધી મળ્યાનો લ્હાવો હતો; દુર્ગાબહેને તો ગૃહસ્થજીવનના બધા જ આનંદો ને સુખોનો ત્યાગ કર્યો ! મહાદેવભાઈનું જીવન એટલે યોગ અને વિયોગની કથા ! ગાંધીજી સાથેનો પરમ યોગ; તો દુર્ગાબહેન સાથેનો એવો જ પરમ વિયોગ ! ગાંધીની ગંગાને મહાદેવની યમુના મળે એ ખાતર જાણે 'અત્ર લુપ્તા સરસ્વતી !') સત્તરની સાલથી '૪૨ માં અવસાન પામ્યા ત્યાં સુધી, સતત પચ્ચીસ વરસ, મહાદેવભાઈ ગાંધીજીની સાથે ને સાથે. નારાયણભાઈ કહે છે તેમ 'કાકા પાસે અવકાશ જ ક્યાં હતો ? કાં બ્રિટિશ સરકારની જેલમાં હોય, કાં ગાંધીજી સાથે રેલમાં. એટલે વરસને વચલે દિવસે સાબરમતી આશ્રમમાં આવે ત્યારે અમારે મન જાણે દશેરા-દિવાળીનો ઉત્સવ જ થઈ રહેતો.' (શુ. સ. મ., ૧૧૬) દુર્ગાબહેન પોતે પણ ઘર સાચવીને બેસવાને બદલે પતિને ને ગાંધીજીને ગમતાં કામોમાં જ પરોવાયેલાં રહ્યાં. બિહારમાં લોકશિક્ષણમાં જોડાયાં, રેંટિયો - ખાદી - પ્રવૃત્તિ તો સતત કરતાં રહ્યાં. '૩૩ માં ગાંધીજીએ આશ્રમવાસીઓને ખસેડ્યાં ત્યારે, નારાયણને પણ આશ્રમમાં છોડીને, રાસની ટુકડીમાં જોડાયાં. જેલ ગયાં. વર્ધા-સેવાગ્રામ ગયાં. અલ્લાહાબાદ ગયાં. ને '૪૨માં મહાદેવભાઈ જતાં મૃત્યુ પર્યંત (૨૦-૬-૫૫) એકાકી જીવન સંતની માફક ગુજાર્યું. એ વેડછીમાં ગુજરી ગયાં. આવી કસોટી ઈશ્વર કો'કની જ કરે છે ! દુર્ગા દુર્ગા જ નીકળ્યાં. મહાદેવભાઈની કોઈ કથા દુર્ગાબહેનના વિરલ ત્યાગની કથા વિના ઊણી જ ગણાશે.)

૧૯૦૭માં મહાદેવભાઈ મુંબઈની એલ્ફિન્ટસ્ટન કોલેજમાં જોડાયા. ગોકળદાસ તેજપાલ ફ્રી બોર્ડર તરીકે પ્રવેશ પામ્યા. અભ્યાસમાં તેજસ્વી, એટલે સ્કોલરશિપ મળેલી, પણ બીજે વર્ષે ઇન્ટરમાં પહેલો નંબર ગયો ! બીજો આવ્યો. હવે ? સ્કોલરશિપ બંધ ! એટલે ભણતર પણ બંધ. ૧૯૦૮ની એ વાત. વૈકુંઠભાઈ મહાદેવના મિત્ર. પોતે પહેલો નંબર આવેલા મહાદેવની સ્થિતિ કળી ગયા. પિતાની સંમતિ મેળવી, ચૂપચાપ, મહાદેવને ખબરેય ન પડે તેમ, ગયા પ્રિન્સિપાલ પાસે ને લખી આપ્યું કે પોતે સ્કોલરશિપ જતી કરે છે. ને મિત્રનો માર્ગ આપોઆપ મોકળો થયો ! મિત્રોય આવા સ્નેહ ને ત્યાગના સંસ્કારોવાળા : વૈકુંઠભાઈ મહેતા, રામનારાયણ પાઠક, ગિજુભાઈ બધેકા, નરહરિ પરીખ....

ત્યારે મહાદેવભાઈને ચાલવાનો ભારે શોખ, ને તેય જલદ ગતિએ. (ક્યાં ખબર હતી કે આ બધી તૈયારી વિધાતા બાપુને યોગ્ય વ્યક્તિત્વ ખીલે એ માટે જ કરાવતી હતી ! ૧૯૧૮ના સૈન્ય-ભરતીના વખતમાં લાંબી કૂચની ટેવ પાડવા રોજના ૨૦-૨૨ માઈલ ચાલતા ! વર્ધા-સેવાગ્રામ વચ્ચે ટપાલના અધમણ-મણના થેલા સાથે બળતે બપોરે અગિયારેક માઈલ રોજ બે વરસ સુધી ચાલતા રહેલા ! વચમાં એક સીંદીગામ આવે. ગંદું. ગાંધીજી કહે, 'આની ગંદકી જવી જોઈએ.' ગઈ ! આમને સાવરણે !! ચાલ્યા પછીયે બાપુનાં વિવિધ કામોના ગંજને તો પહોંચી વળવાનું જ ! કેવાં કેવાં કામો !! બંગાળના ક્રાન્તિકારીઓને મુક્ત કરવા ગવર્નર વાઈસરૉયને મળવાનું, દવલી કેમ્પના ડિટેન્યુને ભૂખહડતા છોડાવવા સમજાવવું, શાન્તિનિકેતનનો ફાળો ઊઘરાવવા ટાગોરને ન નીકળવું પડે તેમ કરવા બિરલાને મળવું અડધી રાતે, ઠક્કરબાપાની જયન્તી નિમિત્તે સિત્તેર હજાર લાવવા, દક્ષિણના મિશનરીઓને રાષ્ટ્રિય પ્રવાહમાં ભેળવવા સમજાવવા, એન્ડ્રુઝ જેવાની ચાકરી કરવા જવું, કૉંગ્રેસના ધુરંધરોને ગળે બાપુની વાત ઉતારવી, ફાઈલિંગ, પત્રલેખન,

લેખલેખન, વગેરે. મુલાકાતીઓને પહોંચી વળવું - સંતોષવા, રાંધવું, બાપુનાં કપડાં ધોવાં, વગેરે વગેરે તો બધું કેટલુંય ! આ તાવણી ભવિષ્યની ટેવ બની જાય એની તૈયારી, અણજાણ, જુવાનવયે થતી જતી હતી.) અભ્યાસી સ્વભાવ. અંગ્રેજી તો એવું ફક્કડ કે જુનિયર બી.એ. માં હતા ત્યારે અંગ્રેજીમાં એક કાવ્ય કરીને, કૉલેજ મૅગેઝિન માટે આપવા ગયેલા. પ્રોફેસરે વખાણ્યું, પણ કાવ્યો હાલ લખવા કરતાં વધુ વાંચવાની ભલામણ કરેલી. ગુજરાતી, અંગ્રેજી, સંસ્કૃત, બંગાળી, મરાઠી, હિન્દી (ને પાછળથી મીરાંબહેન પાસે ને અબ્બાસ તૈયબજી પાસે શીખેલા તે ફ્રેન્ચ-ઊર્દૂ) એ બધી ભાષાઓનું સાહિત્ય વાંચે ! બી. એ. માં વિષય તત્ત્વજ્ઞાન. ભગતજી મળી ચૂકેલા. ઘરના ભક્તિસંસ્કાર, એમાં આ ફિલસૂફીનો અભ્યાસ ભળ્યો. દેહાધ્યાસ ટાળવાના સાધન તરીકે નમ્રતા ને સેવાની દીક્ષા મળી ચૂકેલી. વિરાટનો સર્જક એક ભવ્ય આત્મા - ગાંધી જેવો - સર્જાવતો હોય છે ત્યારે એના સાથીસંગીને તૈયાર કરવામાં પણ કેવી ઝીણવટ રાખતો હોય છે !

'ભોળા શંભુ' તખલ્લુસથી લખતા; પણ વાચનમાં ધ્યાન વધારે. ૧૯૧૦માં બી.એ. (ફિલસૂફી સાથે) થયા. સંસ્કૃત સાથે એમ.એ. કરવું હતું. પણ 'શાંકરભાષ્ય'ની સગવડ નહોતી એટલે માંડી વાળ્યું. એલ.એલ.બી.નો અભ્યાસ શરૂ કર્યો. એમાં બેને બદલે ત્રણ વર્ષ લાગ્યાં. બીજે વર્ષે ચાલીમાંની એક બહેને એકાન્ત જોઈને એમની ઓરડીમાં આવીને કરેલ આક્રમણના, ને એમાંથી માંડ નિષ્પાપ છૂટ્યાના વિચિત્ર બનાવના તનાવમાં પરીક્ષા ન આપી શક્યા. આ ત્રણેક વર્ષો દરમ્યાન ઓરિએન્ટ ટ્રાન્સલેટરની ઑફિસમાં રૂપિયા સાઠના પગારે નોકરી મળી. ગુજરાતી - હિન્દી - મરાઠીમાંથી અંગ્રેજીમાં ભાષાન્તર કરવાનું, પુસ્તકોનાં અંગ્રેજીમાં સાર-સંક્ષેપો આપવાનાં વગેરે કામો કરવાનાં હતાં. ત્યાં પ્રખ્યાત વિદ્વાન સંજાણા જેવાનો સાથ-માર્ગદર્શન મળ્યાં. આ દરમ્યાન મોહનલાલ પંડ્યાનું 'વનસ્પતિની દવાઓ' ને છદ્મનામે બૉમ્બ બનાવવાની રીતોનું પુસ્તક અભિપ્રાયાર્થે આવતાં, 'પ્રતિબંધ મૂકવા લાયક' એમ સ્પષ્ટ જણાવવું પડ્યું. (પાછળથી, નોકરી છોડ્યા પછી, અમદાવાદ આવી, વકીલાત શરૂ કરી ત્યારે એમણે જ પંડ્યાજીને આ જંજાળમાંથી એ છૂટા થાય એ માટેની અરજી ઘડી આપેલી) તિલકનું 'ગીતારહસ્ય' પણ હસ્તપ્રતરૂપે વાંચવા મળેલું.

આ દરમ્યાન જ (૧૯૧૩માં) મુંબઈની ગુજરાતી ફાર્બસ સભા તરફથી લૉર્ડ મોર્લેના પુસ્તક 'ઑન કૉમ્પ્રોમાઈઝ'ના અનુવાદ માટે રૂપિયા હજારનું ઇનામ જાહેર થયું, ને એ માટે મહાદેવભાઈ પસંદ થયા. દરમ્યાનમાં પિતાની બદલી અમદાવાદની મહિલા ટ્રેઈનિંગ કૉલેજમાં આચાર્ય તરીકે થતાં, મુંબઈની નોકરી છોડી મહાદેવભાઈ પણ અમદાવાદ આવ્યા.

રામનારાયણભાઈ ત્યારે સાદરામાં વકીલ, ને નરહરિભાઈ અમદાવાદમાં વકીલ. વકીલ તરીકે મહાદેવભાઈને નામે ચડેલ બે જ કામગીરીમાંની એક એમને પાઠકસાહેબ દ્વારા મળેલી. મહીકાંઠા એજન્સીના એક દરબારની ગવર્નરને અરજી મહાદેવભાઈએ ઘડી મોકલી તે, અને બીજી કામગીરી મોહનલાલની. પંડ્યાજી ત્યારે વડોદરા રાજ્યના ડેરી સુપરિન્ટેન્ડેન્ટ, ને સરકારની ગાયકવાડ પર ખફામરજી. પંડ્યાજીને છૂટા કરવા પડ્યા પણ સી. આઈ. ડી. સગડ મૂકે નહિ; એટલે છૂપાછૂપા ભટકવું પડે. એમને માટે મુંબઈના ગવર્નરને મહાદેવે અરજી ઘડી મોકલી. પરિણામ શૂન્ય. આવી વકાલત તો ઠીક, પણ મિત્ર (નરહરિ) જોડે 'ચિત્રાંગદા'નું ભાષાન્તર કર્યું. (પછી 'વિદાય અભિશાપ' અને 'પ્રાચીન સાહિત્ય'નું પણ) એ અરસામાં જ પિતાનો નિવૃત્તિકાળ પણ હતો. એટલે આવી ટાંચી વકીલાત પર અમદાવાદનું ઘર કેમ ચાલે ? નોકરી શોધવી રહી. મિત્ર વૈકુંઠભાઈ વહારે ધાયા. મુંબઈની સેન્ટ્રલ કો-ઑપરેટિવ બેન્કને, પોતે ગામડામાં કરેલ ધીરાણ માટે જે તે સહકારી મંડળીઓના વહીવટનું નિરીક્ષણ કરવા ઇન્સ્પેક્ટરની જરૂર પડી; મહાદેવભાઈએ એ કામ સ્વીકાર્યું. ગુજરાત-મહારાષ્ટ્રમાં ગાડાં મારફત ગામડાઓમાં ફરવું પડતું અને સહકારી મંડળીઓની કામગીરી તપાસવી પડતી. એકવાર આવી તપાસ દરમ્યાન ગોલમાલ જણાતાં, અહેવાલ વચમાનાં ખાયકીખોર અધિકારીને કુદાવીને સીધો રજિસ્ટ્રારને મોકલતાં, પહેલાં તો ઠપકો મળ્યો પણ વધુ તપાસ થતાં અભિનંદન મળ્યાં. એ અંગે વૈકુંઠભાઈ લખે છે : 'એમના સુંદર અક્ષર અમારી ઑફિસમાં સૌનું મન હરી લેતા... કૉલેજમાં હું તેમને સારા અભ્યાસી અને પુષ્કળ વાચનરસવાળા તરીકે ઓળખતો પણ આ વખતના મારા પરિચયમાં તેમનામાં સાહિત્યિક કળા પ્રથમ પંક્તિની છે તે જોઈ શક્યો. ગુજરાતી તેમ જ અંગ્રેજી બંને ભાષાઓ પર તેમનું સરખું જ પ્રભુત્વ હતું.' (મ. પૂ. ચ. ૧૯૫૦;૬૪) આ કામગીરીને અંગે ગામડાંમાં ફરવું પડતું, ગામડાંના લોકો સાથે તળપદી ભાષામાં જ બોલવું પડતું, એને કારણે એમને મરાઠી ભાષા સહજસિદ્ધ થઈ ગઈ. આ રખડપટ્ટીથી પોતે કંટાળેલા, તેમાં એમના તટસ્થ અહેવાલો ખાતાને આકરા લાગવા માંડ્યા, એટલે એમણે આ નોકરી છોડી.

ત્યારે વિશ્વયુદ્ધ શરૂ થઈ ચૂક્યું હતું. ભારતનાં લોકોની મદદની બ્રિટનને જરૂર હતી. બદલામાં સ્વરાજ્ય વહેલું આપવા પોતે તૈયાર છે એ મતલબનું વ્યાખ્યાન ભારતમંત્રી મોન્ટેગ્યૂએ આપેલું. સૌને એ ગમ્યું. મુંબઈની હોમરૂલ લીગે બ્રેલ્વી મારફત મહાદેવભાઈ પાસે એનો અનુવાદ કરાવ્યો. એ એટલો સરસ થયો કે લીગે મહાદેવભાઈની સેવાઓ માગી. મુંબઈના એક આગેવાન જમનાલાલ દ્વારકાદાસે પોતાના મંત્રી તરીકે જોડાવાનું કહેણ મોકલ્યું. વૈકુંઠભાઈએ હૈદરાબાદ (દક્ષિણ)માંની બેન્કના મેનેજરપદ માટે પોતે ભલામણ કરે છે એમ લખ્યું. શું કરવું? પંદરેક દિવસ મંત્રીપદ સંભાળ્યું ને જમનાદાસભાઈને ભરૂચ જિલ્લા રાજકીય પરિષદનું પ્રમુખીય વ્યાખ્યાન તૈયાર કરી આપ્યું. પણ મન ન ઠર્યું. વિધિ જ જાણે એમને, જુઓ ક્યાં લઈ ગઈ !!

આ ગાળા દરમ્યાન ૧૯૧૫માં ગાંધીજી અમદાવાદ આવી ચૂક્યા હતા. વકોચરબ-આશ્રમની નિયમાવલિનો એક મુસદ્દો એમણે જાહેર ચર્ચા માટે મૂકેલો. એની એક નકલ લઈ નરહરિભાઈ અને મહાદેવભાઈની મિત્ર-બેલડીએ પોતાના પ્રતિભાવો લખી મોકલેલા. ભદ્રમાં ગાંધીજીનું વ્યાખ્યાન હતું. બંને ગયા. પૂરું થતાં મળ્યા. પત્રની યાદ આપી. ગાંધીજી કહે,'ચાલો સાથે. ચર્ચા કરીએ.' એ દોઢ-બે કલાકની ચર્ચા પછી, બહાર નીકળ્યા, ત્યારે બંનેના ચિત્ત એ સંતસમાગમની ધન્યતાથી સભર હતાં. એપ્રિલ માસ હતો.

(અનુસંધાન પાન ૫૫૯ ઉપર)

સત્યજિત રાયે કિશોર અને કુમાર વયના વાચકો માટે જે અનેક રસસભર વાર્તાઓ લખી છે તેમાં એમની રહસ્યકથાઓ અને વિજ્ઞાન કથાઓએ એક મોટો ચાહક વર્ગ ઊભો કર્યો છે. પોતાની કથાઓ પરથી એમણે બનાવેલી ફિલ્મો પણ એટલી જ આદરપાત્ર છે. એમની રહસ્યકથાઓ તથા તેના નાયક ડિટેક્ટિવ ફેલુદા અને એમની વિજ્ઞાનકથાઓ તથા તેના નાયક પ્રો. શંકુથી તો 'કુમાર'ના વાચકો પણ સારી પેઠે પરિચિત છે. બાળકો માટેની કથાઓમાં એમણે સર્જેલું આવું જ જાણીતું પાત્ર છે. 'તારિણી ખુડો', એટલે કે 'તારિણી કાકા.' આગળ-પાછળ કોઈનીય ચિંતા વગરના આ તારિણીકાકા એકલા માણસ છે. સમસ્ત દેશમાં એ ઘૂમેલા છે અને અનેક ધંધા-નોકરી કરી એમણે ભાત ભાતના અનુભવો મેળવ્યા છે. એમના અનેક પ્રકારના શોખમાં દૂધ અને ખાંડ વગરની કેવળ પાણીમાં ઉકાળેલી ચા અને એક્સપોર્ટ ક્વૉલિટીની બીડી એમને ખાસ પ્રિય છે. આડોશપાડોશનાં બાળકો એકઠાં કરીને પોતાના અનુભવોના સમૃધ્ધ ખજાનામાંથી અવનવી વાતો કહેવામાં એમને આનંદ આવે છે. ચાનો ઘૂંટ કે બીડીનો સટ લઈને એ વાત માંડે ત્યારે તેમાં પોતાનું કોઈ પરાક્રમ, બુધ્ધિચાતુરી કે સાહસ હોય યા ક્યારેક ભૂતપ્રેતની વાત હોય. અલબત્ત, એ બધી વાતો સાચી જ હોવાના કોઈ પુરાવા હોય નહિ, પણ એમના દરેક અનુભવની વાત એક રસભરપૂર વાર્તા બની રહે છે. નેપલો, નિકુંજ, ભૂલુ, સુનંદ અને ચટપટી વગેરે બાળકો એમની એ વાર્તાઓના કાયમી શ્રોતાઓ છે, જેમાં નેપલો જરા વધારે બોલકો અને બીજા બધાંથી વધુ ચાલાક છે. તારિણીકાકાની બે વાર્તાઓ - 'ડ્યૂએલ' અને 'ધુમલગઢની હંટિંગ લૉજ' અગાઉ 'કુમાર' માં આવી ગઈ છે. અહીં એમની એક વધુ વાર્તા આપી છે. આ પણ સૌને ગમશે જ. - સં.

મૂળ લેખક - સત્યજિત રાય

બેટ્સમૅન તારિણીકાકા

અનુવાદ - સુકન્યા ઝવેરી

ડિસેમ્બરની એ ઓગણીસમીએ કડકડતી ઠંડી પડતી હતી. સાંજના તારિણીકાકા માથે અને ગળે મફલર વીંટાળીને આવ્યા અને ખાટ ઉપર બેસતાં જ પૂછ્યું, 'તમે લોકો મેદાનમાં રમત જોવા નથી જતા ? છાશ પીને દૂધનો સ્વાદ માણતા લાગો છો !'

'એટલે ? એ વળી શું ?' મેં પૂછ્યું.

'આ ટેલિવિઝન, બીજું શું ?' કાકા બોલ્યા, 'લોકોને ઘરકૂકડી કરવા માટે આ ટેલિવિઝન જેવી બીજી કોઈ ચીજ નહિ હોય ! અમારા જમાનામાં તો ક્રિકેટની રમત જોવી હોય તો ટિકિટ ખરીદીને મેદાનમાં જવું પડતું. અને એની મજા પણ કંઈ ઑર જ હતી. શિયાળાના કૂણા મીઠા તડકામાં લીલા રંગના ખુલ્લા બાંકડા પર બેસીને ઘાસથી છવાયેલા હરિયાળા મેદાનમાં સફેદ કપડાં પહેરેલા ખેલાડીઓને રમતા જોવાનો પણ એક લહાવો હતો. એમાં યે કોઈ ખેલાડી એકાદ બે બાઉન્ડરી કે ઓવર બાઉન્ડરી મારે ત્યારે તો પૂછવું જ શું ? હજી યે યાદ છે દિલાવર હુસેનની જાર્ડિનની એમ.સી.સી. ટીમ સામેની રમત. માથા પર પાટો બાંધેલો - બૉલ વાગવાથી એનું માથું ફૂટેલું - તે છતાં દિલાવર રમતો હતો. સ્ટાઈલ-ફાઈલની બલા નહિ, બેટ પકડ્યું છે તે જાણે મસ મોટો દેડકો ટાંપીને બેઠો હોય ! પણ શું રમતો એ દિલાવર ! ચોસઠ કે પાંસઠ રન, પણ દરેક રન લાખલાખનો.'

'એ તો ઠીક, પણ રમત ન જામી હોય તો ?' સુનંદે પૂછ્યું.

'તો શું થયું ? ચારે કોર લોકો તો હોય ને ? એમની સાથે હસી-મજાકની વાતો કરો. લંચ ટાઈમે મુરઘીની કટલેટ અને હેપિબૉય આઈસ્ક્રીમ. બપોર પછી સૂર્ય જેમ જેમ પશ્ચિમમાં ઢળવા માંડે અને ઝાડના પડછાયા લંબાતા જઈ મેદાનને ઢાંકી દે, ઉત્તરમાં હાઈકોર્ટ, બેટ-બૉલના ખટાખટ અવાજની વચ્ચે ગંગાના પટ પરથી કોઈ સ્ટીમરનું ભૂંગળું સંભળાય - ભોં...અરે, કેટલી વાત કરું? સાહેબલોકો તો કહેતા હતા કે ઇડન જેવું ક્રિકેટનું મેદાન દુનિયાભરમાં બીજું ક્યાંય નથી !'

'તમને ક્રિકેટનો આટલો બધો શોખ છે એ તો તમે અત્યાર સુધીમાં ક્યારેય કહ્યું જ નહિ !' નેપલો બોલ્યો.

'અરે, શી વાત કરું ? મારો હીરો હતો રણજી - જામસાહેબ ઑફ નવાનગર, મહારાજા રણજિતસિંહજી. નવાનગરના રાજા તેમ ક્રિકેટના પણ રાજા. સાહેબલોકોની આંખો તો કાળા આદમીની રમત જોઈને ત્રાંસી થઈ જતી. જે બધા ભારતીય લોકોએ પરદેશમાં દેશનું મોં ઉજાળ્યું છે એમાં રણજી પ્રથમ છે. અને સાંભળો, માત્ર ક્રિકેટ જ નહિ, મારા આ તારિણીકાકાએ પાંસઠ વર્ષની ઉંમરમાં એકેય રમત છોડી નથી. ગીલીદંડા અને હુતુતુતુથી માંડી બ્રિજ, પોકર અને બિલિયર્ડ પણ. સ્કૂલ-કોલેજમાં હોકી, ક્રિકેટ, ફૂટબોલ રેગ્યુલર રમતો. ત્રીસ વર્ષની ઉંમરે એક વાર ગોરા લોકોની એક ટીમની સામે પણ ક્રિકેટ રમેલો.'

'એમ.સી.સી.ની સામે ?' નેપલાએ તુરત પૂછ્યું.

'બરાબર,' તારિણીકાકા બોલ્યા, 'પણ એમ.સી.સી.ની વિરુધ્ધ નહિ, પણ એમ.સી.સી.ના પક્ષમાં. મેરિલીબોન નહિ, પણ માર્તન્ડપુર ક્રિકેટ કલબ, અને સામા પક્ષે હતી ગોરા સાહેબોની 'પ્લાન્ટર્સ કલબ.'

'એમાં તમે કેટલા રન કરેલા ?'

'એ કહેવામાં તો આખી વાર્તા જ માંડીને કહેવી પડે.'

'તો કરોને.' નેપલાએ કહ્યું. 'ભૂતપ્રેતની તો ઘણી વાર્તા સાંભળી. આજ રમતની વાત કરો.'

'ભૂતને અને આ વાર્તાને કંઈ જ સંબંધ નથી એવું તો ન કહી શકાય.'

'અરે વાહ !' નેપલો આંખના ડોળા ઘુમાવતો બોલ્યો. 'ભૂત અને ક્રિકેટ! ગજબ કૉમ્બિનેશન !' અને પછી દૂધખાંડ વિનાની ચાનો એક ઘૂંટડો ભરી ગળાનો મફલર સરખો કરતાં તારિણીકાકાએ એમની વાર્તા શરૂ કરી.

ઉત્તર પ્રદેશમાં ઉત્તરે હિમાલયની પહાડીઓમાં ત્રણેક હજાર ફીટની ઊંચાઈએ માર્તન્ડપુર નામે એક શહેર છે. નેટિવ સ્ટેટ - દેશી રાજ્ય. રાજાની

ઉંમર બાવન વર્ષ, નામ વીરરેન્દ્રપ્રતાપસિંહ. ભગવાનગઢના રાજાના રેકમેન્ડેશન (સિફારસ)થી મને આ રાજાના સેક્રેટરીની નોકરી મળેલી. રાજાઓ માટે જેને જે કહેવું હોય તે ભલે કહે, પણ મારી તરફનું તેઓનું વર્તન એવું સાલસ હતું કે હું તો કમ સે કમ એ લોકોને બદનામ નહિ કરી શકું. કદાચ મારું નસીબ એવું સારું હતું. એટલે એવા વીંછી જેવા રાજાઓના સંસર્ગમાં હું આવ્યો નથી. એ જે હોય તે, પણ માર્તન્ડપુરના રાજાએ જે રીતે મારી સરભરા કરેલી એથી તો ખુશ થયા વિના નહિ ચાલે.' સેક્રેટરીના કામ ઉપરાંત મારે એક ખાસ કામ પણ કરવાનું હતું. વીરેન્દ્રપ્રતાપ વિદ્યાર્થી અવસ્થાથી જ ડાયરી લખતા. એમની એ બધી ડાયરી વાંચી તેમના જીવનની જાતજાતની હકીકતો શોધી કાઢીને મારે એક અલગ નોટબુકમાં નોંધી રાખવાની હતી.

ઘટનાબહુલ જીવન, એટલે એ કામ કરવામાં મને પણ મજા આવતી હતી. આ ડાયરી પરથી મેં જાણ્યું કે, રાજેન્દ્રપ્રતાપના જીવનમાં ક્રિકેટને એક ખાસ વિશેષ સ્થાન મળ્યું હતું. એમના મહેલના વિશાળ વિસ્તારમાં ક્રિકેટનું એક મેદાન પણ હું. એ તો મેં અહીં આવતાં જ જોયેલું. પહાડી જમીનને ટોચીટાંચીને એ વિસ્તારને સમતલ બનાવવામાં આવેલો. તેમાં એક ફૂલનો બાગ અને ફળની વાડી પણ હતી. ખળખળ વહેતી એક નાનકડી નદી, એક ચીડિયાખાનું અને એક મંદિર હતું, અને હતું એક ક્રિકેટ ગ્રાઉન્ડ તથા ક્લબનું બિલ્ડિંગ. રાજા વીરેન્દ્રપ્રતાપને મેં પૂછ્યું તો એ કહે કે એ ગ્રાઉન્ડમાં દર શરદઋતુમાં ક્રિકેટની મેચ રમાય છે. મોટી એક જ મેચ રમાય - માર્તન્ડપુર ક્રિકેટ ક્લબ વર્સસ પ્લાન્ટર્સ ક્લબ. આ મેચ જોવા તળેટીમાંથી યે લોકો અહીં ઉપર આવતાં. હું જ્યારે ત્યાં ગયો - નાઈન્ટિન ફોર્ટી નાઈનમાં - ત્યારેય ઘણા બધા ગોરાસાહેબો એ પ્રદેશમાં રહેતા હતા. મોટે ભાગે એ લોકો ત્યાંના ચાના બગીચાના માલિકો હતા. એમાં ચાર તો પ્રખ્યાત ખેલાડી હતા. જુવાનીમાં તેઓ ઇંગ્લેન્ડમાં હતા ત્યારે કાઉન્ટી ક્રિકેટ રમેલા. પછી ધંધા માટે તેઓ હિંદુસ્તાનમાં આવેલા. રાજાની ક્રિકેટ ટીમ રાજેન્દ્રપ્રતાપના અમલ દરમિયાન ખૂબ જ હતી, પણ હવે એવું નહોતું રહ્યું. એટલે પાછલાં દસ વર્ષમાં એક વાર પણ માર્તન્ડપુરની ટીમ મેચ જીતી શકી નહોતી. ચાર દિવસ સુધી આ મેચ ચાલતી, પણ માર્તન્ડપુરના રન થાય નહિ તેથી દરેક વખતે એક ઇનિંગ્સથી હાર થતી. તેથી સાહેબ લોકોને એક ઇનિંગ્સથી વધુ બેટિંગ જ ન કરવું પડે.

મને આવ્યાને હજી ત્રણ જ અઠવાડિયાં થયાં હતાં ત્યાં રાજાએ એક દિવસ મને આ વાર્ષિક મેચની વાત કરી. કહ્યું, 'તું તો ખાસ્સો જુવાનજોધ છે અને શરીરે પણ ખડતલ છે. રમતગમતમાં રસ લે છે કે નહિ ?'

'એક જમાનામાં આઉટડોર ગેમ્સ રમતો, પણ આજકાલ તો પાનાં, શતરંજ કે બિલિયર્ડ વગેરે તક મળે ત્યારે રમી લઉં છું.'

એ પછી રાજાએ એમની એમ.સી.સી. અને પ્લાન્ટર્સ ક્લબની વાત કરી. 'અહીં સારા ક્રિકેટરની બહુ તંગી છે, પણ એક જમાનામાં એવું નહોતું. હું પોતે તો કદી ક્રિકેટ રમ્યો નથી, પણ પિતાજી રમતા અને ત્યારે અમારી ટીમથી આ સાહેબલોકો રીતસર ગભરાતા. અત્યારે એથી સાવ ઊંધી જ સ્થિતિ છે અને છતાં એવી પ્રથા પડી છે કે આ વાર્ષિક મેચ રમ્યા વિના ચાલે એમ જ નથી. હજી એક મહિનો બાકી છે મેચને. આ વખતે તું પણ મચી પડ એમ હું ઇચ્છું છું.'

મેં ન છૂટકે કહ્યું કે, આજકાલ રમવાની મારી પ્રેક્ટિસ રહી નથી. તો કહે, 'અરે એક મહિનામાં તો પ્રેક્ટિસનો પૂરતો સમય મલી રહેશે. તને ગન એન્ડ મૂર કંપનીનું એક સરસ વિલાયતી બેટ આપીશ. બાપુજી એ વિલાયતથી લાવેલા. એમના એક મિત્રે એમને એ ભેટ આપેલું છે. એટલે કામની વચ્ચે વચ્ચે ફુરસદ મળે ત્યારે જરા હાથ સાફ કરી લે. અને હા, તને બોલિંગ કરતા આવડે છે ?'

મેં કહ્યું, 'એ તરફ તો મારું વલણ નહોતું. ફાઈવ ડાઉન, સિક્સ ડાઉન ઊતરતો અને બેટિંગ જ કરતો. પણ યંગ એજનું એ ફોર્મ પાછું આવે એવી આશા રાખવી એ કદાચ વધુ પડતી છે.' જો કે રાજાસાહેબે એ વાત કાને ધરી નહિ. કહે, 'મારી સાથે ચાલ, હું તને એ બેટ સોંપી દઉં.'

મહેલના દક્ષિણ ભાગમાં એક ખાસ ખંડમાં એ મને લઈ ગયા. એ ખંડ કહેવાતો 'ટ્રોફી રૂમ.' વીરેન્દ્રપ્રતાપ ઉત્તમ શિકારી પણ હતા. એમણે મારેલાં વાઘ, રીંછ, બાઈસન, હરણ વગેરેનાં સ્ટફ કરેલાં દેહ અને માથાં આ ખંડમાં રાખ્યાં હતાં. એક મોટા કબાટમાં સંખ્યાબંધ કપ અને મેડલ હતા, જેમાંના મોટા ભાગના રાજેન્દ્રપ્રતાપસિંહે મેળવેલા, અને કેટલાક વીરેન્દ્રપ્રતાપસિંહે સ્કવૉશની રમત જીતીને મેળવેલા હતા.

એક બીજા કબાટમાં ટેનિસ અને સ્કવૉશનાં રેકેટ, માછલી પકડવાના વિધવિધ કાંટા અને જુદી જુદી રમતમાં પહેરવાની જાતજાતની કેપ. પણ આમાં ક્રિકેટનું બેટ તો ક્યાંય દેખાયું નહિ. મેં રાજાને એ વિષે પૂછ્યું તો કહે, 'પિતાજીને એ અતિશય પ્રિય હતું એટલે એને જાળવીને ખાસ અલગ રાખ્યું છે.'

અને પછી એક જુદા જ કબાટનું નીચેનું ખાનું ખોલી એમાંથી બ્રાઉન પેપરથી વીંટાળેલું એક બેટ બહાર કાઢ્યું. એના વડે ઘણી બધી મેચ રમાઈ હોવા છતાં હજી યે તે બહુ સારી હાલતમાં દેખાતું હતું.

'હાથમાં લઈને જો.' રાજાએ તે મારી સામે ધરતાં કહ્યું.

લીધું. અને લેતાં જ કોઈ જાદુની જેમ મને મારી ઉંમરનાં દસ વર્ષ ઓછાં થઈ ગયાં હોય તેવો તરવરાટ મારામાં વ્યાપી ગયો. મને થયું કે હું જેટલી રમતો રમ્યો છું તેમાં ક્રિકેટ જ મારી સૌથી વધુ પ્રિય રમત હતી. બેચાર વાર એ બેટને હવામાં ઉલાળી તુરત મેં કહ્યું કે હું રાજાના પક્ષે રહી સાહેબલોકોની સામે રમવા તૈયાર છું. રાજાએ તુરત હેન્ડ શેક કરવા પોતાનો જમણો હાથ મારી તરફ લંબાવ્યો.

ત્રણેક દિવસમાં તો એમ.સી.સી. ટીમના બધા ખેલાડી સાથે ઓળખાણ કરી લીધી. કેપ્ટન હતા સુંદરલાલ ગુપ્તે. દિલ્હીના આદમી. ઉંમર મારા જેટલી જ. બીજા ખેલાડીઓને જોઈને તો દિલને ખાસ કાંઈ ધરપત ન થઈ. એટલું તો હું ભારપૂર્વક કહી શકું કે એ બધા કરતાં મારો દેખાવ, બાંધો અને તંદુરસ્તી વધુ સારાં હતાં.

બેએક દિવસ મેદાનમાં જઈ બેટ અજમાવી જોયું. હાથ મજાનો ચાલતો હતો. નજર પણ સાફ, માથું ઠંડું. સુંદરલાલ ખૂબ ખુશ થયા.

પણ ત્રણેક દિવસ પછી મારા નસીબે પલટો ખાધો. સવારમાં ઊઠતાં જ છીંકો આવી અને બપોર થતાંમાં તો તાવ ચઢ્યો - ઇન્ફલુએન્ઝા. ત્યારે તો મિક્ચરનો જમાનો, આજના જેવી ગોળીઓ નહિ. ડૉક્ટર પાંડેએ મને તપાસીને પ્રિસ્ક્રિપશન લખી આપ્યું. સાત દિવસે તાવ ગયો. આઠમા દિવસે સવારે પથારીમાંથી ઊઠ્યો ત્યારે ખબર પડી કે શરીરની અરધી શક્તિ હરાઈ ગઈ હતી. અગાઉ પણ મને ફ્લુ થઈ ગયેલો એટલે એનાથી અશક્તિ આવે છે તેની તો ખબર હતી, પણ મારી ચિંતા તો પંદર દિવસ પછી મૅચ કેમ રમાશે તેની હતી. પણ રાજા તો આમ છતાં યે નિર્વિકાર. કહે, 'પંદર દિવસ તો બહુ છે. જો જે તું મૅચ વખતે તો એકદમ સાજો થઈ જઈશ. આગલે દિવસે બેટ ચલાવી શકે તો પછી કોઈ ફિકર નથી.'

પછી હું શું કરું બીજું ? રમવાની ફિકર છોડી મેં મારા કામમાં મન પરોવ્યું.

અહીં હવે રાજેન્દ્રપ્રતાપની ડાયરીની વાત કરવી જરૂરી છે. ચામડાથી બાંધેલાં તેત્રીસ વૉલ્યુમ હતાં એનાં ! સોળ વર્ષની વયથી એમણે એ નિયમિત લખવા માંડેલી. પહેલેથી છેલ્લે સુધી અંગ્રેજીમાં. શરૂઆતમાં તેની ભાષામાં ગોટો, વ્યાકરણમાં ભૂલ વગેરે; પણ એકવીસમાં વર્ષે વિલાયત ગયા પછી છ મહિનામાં એમની ભાષા અસલ અંગ્રેજી બની ગઈ હતી. વાંચવાની સાથેસાથે મારે તેમાંથી નોટ્સ પણ ઉતારવાની હતી એટલે આ દોઢેક મહિનામાં ખાસ કંઈ આગળ વધી શક્યો નહિ, પણ એટલામાંયે રાજાની અવલોકન શક્તિ જોઈ મુગ્ધ બની ગયેલો. વીરેન્દ્રપ્રતાપે તો એ ડાયરીનાં બધાં વૉલ્યુમ વાંચેલાં. એમના મત પ્રમાણે એ ડાયરી એકમેવ-અદ્વિતીયમ્ હતી. ભારતના કોઈ દેશી રાજાએ આવી ચીવટથી ડાયરી લખ્યાનું મેં સાંભળ્યું નથી. એક વાત તો હું બરાબર સમજી ગયેલો કે રાજેન્દ્રપ્રતાપ ક્રિકેટના ખૂબ રસિયા હતા. ઇ. ૧૯૦૧માં એ વિલાયત પહોંચ્યા એ જ દિવસે એમણે ડાયરીમાં નોંધ્યું હતું કે, 'એટ લાસ્ટ આઈ કેન વૉચ રણજી પ્લે. ! (અંતે હવે હું રણજીને રમતા જોઈ શકીશ.)

વિલાયતથી પાછા આવીને તુરત રાજેન્દ્રપ્રતાપે માર્તન્ડપુર ક્રિકેટ ક્લબની સ્થાપના કરી. જો કે સાહેબોની પ્લાન્ટર્સ ક્લબ તો પહેલેથી હતી જ. બંને વચ્ચે વાર્ષિક મૅચ રમવાની કલ્પના પણ રાજેન્દ્રપ્રતાપની જ હતી. પાંત્રીસ વર્ષના થયા ત્યાં સુધી પોતે જ એમની એમ.સી.સી.ના કૅપ્ટન હતા. એમના અમલ દરમિયાન સાહેબલોકો કદી મૅચ જીતી શક્યા નહોતા. કારણ કદાચ રાજેન્દ્રપ્રતાપ પોતે કૅપ્ટન હતા. અજબ બેટસમૅન તરીકે એમની ખ્યાતિ હતી. વીરેન્દ્રપ્રતાપ તો કહેતા કે એમના પિતાએ પણ જામ રણજી, દિલીપસિંહજી, પટૌડીના નવાબ ને પતિયાળાના મહારાજની જેમ ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં જ ઊતરી પડવું જોઈતું હતું. પણ ક્રિકેટ કરતાં યે એમને લેખનનો વધુ શોખ હતો. પોતાની ડાયરી પરથી એમણે આત્મકથા લખવા યે માંડેલી, પણ ત્રેપન વર્ષની વયે અચાનક હાર્ટફેલમાં ગુજરી ગયા. વીરેન્દ્રપ્રતાપની વય ત્યારે બાવીસ વર્ષની. પિતાનું અધૂરું કાર્ય પોતે પૂરું કરવાનું એમણે નક્કી કર્યું હતું.

જોતજોતામાં તો મૅચનો દિવસ પાસે આવી પહોંચ્યો. એ પહેલાં ફક્ત બે દિવસ જ હું પ્રેક્ટિસ કરી શકેલો. અશક્તિ સાવ ચાલી ગઈ નહોતી. છતાં યે મનમાં ઉત્સાહ અનુભવતો હતો એમ તો કહેવું પડે. મન કહેતું હતું કે હવે આ મૅચ મારે રમવાની જ છે. આ દરમિયાન પ્લાન્ટર્સની ટીમ વિષે પણ જાણી લીધેલું. એમનામાં ત્રણ જણ અચ્છા બેટસમૅન હતા - કૅપ્ટન, મેનટૉર અને વિસકોક્સ. બે સારા બોલર હતા - માર્ટિન અને ફુલરટન. આમાં માર્ટિન ખૂબ ફાસ્ટ ગણાતો હતો.

મૅચના દિવસે સવારથી જ મેદાન દર્શકોથી ભરાઈ ગયું હતું. મારી છાતીના ધબકારા વધી ગયેલા; સાથોસાથ રમવાની હોંશ પણ વધી ગઈ. અમારા કૅપ્ટનને કહી રાખેલું કે ફ્લુની અસર સાવ ગઈ નથી એટલે ફીલ્ડિંગમાં ખૂબ દોડવું ન પડે તેવી જગ્યાએ મને રાખે. ગુમે કહ્યું, 'કોઈ ફિકર કરશો નહિ, તમને સ્લિપમાં ઊભા રાખીશ.' દસ વાગ્યા. મૅચ શરૂ થઈ. મેદાનમાં ચારેકોર લોકોની ભીડ હતી. નીલ આકાશમાં પીંજેલા રૂ જેવાં શરદઋતુનાં વાદળો છવાયેલાં હતાં. બંને ટીમના કૅપ્ટન અને અમ્પાયર મેદાનમાં આવ્યા. આંખો બંધ કરી મેં ચારેક વાર દુર્ગામાતાનું નામ સ્મરી લીધું. ટૉસ્ટ ઉછળ્યો અને સામી ટીમના કૅપ્ટન જ્હોન વિલકોક્સે બેટિંગ કરવાનો નિર્ણય લીધો. તદ્દન કોરાંકાટ સફેદ પેન્ટ-શર્ટ અને બ્લ્યૂ કૅપ સાથે હું મેદાનમાં સેકન્ડ સ્લિપમાં જઈ ઊભો રહ્યો. જો કે જતાં પહેલાં રાજાને મળી આવેલો. એમણે મારો હાથ પોતાના હાથમાં લઈ કહ્યું, 'ગભરાઈશ નહિ, તારા બૅટમાં જાદૂ છે.' જો કે તેનું ખરું રહસ્ય તો પછી સમજાયેલું.

પાંત્રીસ વર્ષ પહેલાંની આ વાત, એટલે બહુ વિગતે તો આજે યાદ નથી, પણ એટલું યાદ છે કે ગોરા સાહેબો ત્રણસો બત્રીસ રન કરી બીજા દિવસે ટી-ટાઈમ પહેલાં બધા આઉટ થઈ ગયેલા. મેં પણ એક કૅચ પકડી જરા આબરૂ જાળવી, પણ મન કહેતું હતું કે આ વર્ષે પણ સાહેબોને હરાવાશે નહિ. સાડા ત્રણસો રન એકઠા કરે એવા બેટ્સમૅન અમારી ટીમમાં નહોતા. આ અગાઉ ઉપરાઉપરી દસ વાર માર્તન્ડપુર ક્લબ હારી છે અને આ વેળા અગિયારમી વાર હારશે.

ચા પછી એમ.સી.સી. બૅટિંગ માટે મેદાનમાં ઊતરી. ઑપનિંગ બેટસમૅન કૅપ્ટન ગુમે અને સુન્દરમ્ નામે એક મદ્રાસી હતા. અગાઉ નક્કી કર્યા મુજબ પાંચ વિકેટ પડ્યા પછી મારે રમવા જવાનું હતું.

ગુમે ઠિશુક ઠિશુક કરી ત્રેવીસ રને કૉટ આઉટ થઈ ગયા, અને એની જગ્યાએ સલામતહુસેન આવ્યો. કહીશ તો માન્યામાં નહિ આવે, પણ પોણા પાંચ વાગ્યાં સુધીમાં તો ધડાધડ પાંચ વિકેટો ખરી પડી અને રન થયેલા ફક્ત બાણું જ. ચોથી વિકેટ પડી ત્યારે હું પૅડ પહેરીને તૈયાર થઈ ગયો. પાંચમો ખેલાડી પણ રન કર્યા વગર જ વિલે મોંએ પાછો ફર્યો ત્યારે હું મેદાનમાં રમવા ઊતર્યો. કોઈએ તાળી પાડી નહિ. મને કોઈ ઓળખતું યે નહોતું. હું કોઈ બંગાળી બાબુ છું એટલું જાણે એટલે મારા પર કોઈને ખાસ કંઈ મદાર પણ નહોતો.

બૉલિંગ કર હતો એમનો ફાસ્ટ બોલર ક્લિફ માર્ટિન અને ઓવરના હજી ત્રણ બૉલ બાકી હતા. હું સ્ટમ્પ પાસે જઈનો ઊભો. સમજાવી ન શકાય તેવી મારા મનની હાલત ત્યારે હતી. સવાર સુધી તો મનમાં થતું હતું કે, માંદગીમાં જે શક્તિ ચાલી ગયેલી તે બધી આ પાછલા દિવસોમાં પાછી આવી ગઈ હતી, પણ હવે લાગવા માંડ્યું કે એ બધી અલોપ થઈ ગઈ હતી. બૅટ

હાથમાં ભારે લાગતું હતું અને પગ ઉપરનાં પેડ જાણે દોડીને રન કરવામાં નડવાના જ હતાં.

આ તરફ બૉલિંગ માટે તત્પર માર્ટિન પોતાના પેન્ટ પર બૉલ ઘસી રહ્યો હતો. મને લાગ્યું કે એના પહેલા જ બૉલે મારા સ્ટમ્પની દાંડી ઊડી જવાની હતી. છતાં મનને કઠણ કરી માથું ઘુમાવીને ફિલ્ડ ઉપર એક નજર કરી લઈ મેં બેટ ગોઠવ્યું અને ભવાં સંકોચી માર્ટિન તરફ જોયું. બધું રેડી જોઈ એણે સ્ટાર્ટ કર્યું. ચૌદ પગલાં દોડી સમસ્ત શક્તિ એકઠી કરી એણે મારા તરફ જે બૉલ ફેંક્યો એ હતો શૉર્ટ પિચ.

એક પળમાં તો ન જાણે ક્યાંથી મારામાં સાહસ આવ્યું. સાહસ જ નહિ, એની સાથે દૃષ્ટિની એકાગ્રતા, નર્વ પર કાબૂ, કાંડામાં જોર, બેટ ફટકારવાનો જુસ્સો બધું એક સાથે મારામાં ઊભરાઈ આવ્યું અને જેવું મેં બેટ ફટકાર્યું કે આંખના પલકારામાં બૉલ આકાશમાં ચડી ફલબધરની પાછળ શિરીષનાં પાંદડાંમાં થઈને ધડાંગ અવાજ સાથે પાછળના કોઈ પતરાના છાપરા પર જઈ પડ્યો. રમતનો એ પહેલો જ છક્કો હતો. હજારો કબૂતરો એક સાથે ઊડે ને જેવો અવાજ થાય એવો તાળીઓનો ગડગડાટ દર્શકોમાંથી ગાજી ઊઠ્યો. ક્રિકેટના મેદાનમાં તળીઓનો આવો ગડગટાડ ભાગ્યે જ સાંભળવા મળ્યો હશે. અને એનાથી નદીમાં જેમ પૂર આવે તેમ મારામાં ઉત્સાહ અને કૉન્ફિડન્સ પ્રસરી ગયો. એ પણ ખરું કે તે દિવસની મારી રમતથી હું પોતે જ આભો બની ગયેલો. એ જાણે હું જ નહોતો, પણ મારી અંદર પેસી મારા વતી કોઈ ક્ષણજન્મા ક્રિકેટ રમી રહ્યું હતું. બધું કર્તવ્ય એનું જ, હું તો જાણે નિમિત્તમાત્ર હતો.

મારો સ્કોર થયેલો બસ્સો તેંતાલિસ નોટ આઉટ. તેમાં યે અગિયાર ઓવર બાઉન્ડરી અને એકત્રીસ બાઉન્ડરી. બીજા બૅટ્સમેન પર ભરોસો રખાય તેમ નહોતું એટલે ઓવરના છેલ્લા બૉલે શૉર્ટ રન લઈ બૅટિંગનો બધો ભાર મેં મારી પોતાની ઉપર જ લઈ લીધેલો. ડ્રાઈવ, હુક, ગ્લાન્સ, કટ, ઓવર ધ બોલર - એકેય સ્ટ્રોક મેં બાકી નહોતો રાખ્યો. આશ્ચર્ય તો એ હતું કે અગાઉ જ્યારે હું ક્રિકેટ રમતો હતો ત્યારે આમાનાં અનેક સ્ટ્રોક મારા હાથેથી મરાયા નહોતા. એકસો રન થયા કે તુરત જ સાહેબલોકો આવીને મારી પીઠ થાબડી શાબાશી આપી ગયા, પણ બસો થયા ત્યારે તો બધાના ચહેરા ફિક્કા પડી ગયા. ફરી મારી પીઠ થાબડવાની શક્તિ હવે એમનામાં રહી નહોતી.

મારી આવી રમત પછી સાહેબોમાં એવો તો સોપો પડી ગયો કે બીજી ઈનિંગમાં સત્યોતેરમાં તો એમની છેલ્લી વિકેટ ખડી ગઈ. ઈનિંગની ડિફટ. કારણ અમારું ટોટલ હતું ચારસો છત્રીસ. ચોથે દિવસે અઢી વાગ્યે તો રમત પૂરી થઈ ગઈ.

તે દિવસે સાંજે મારા ઓરડામાં ભરદ્વાજ ચાકર પાસે જરા ચંપી કરાવતો હતો ત્યાં રાજાનો ખાસ માણસ બોલાવવા આવ્યો. હું તેની સાથે રાજાજી પાસે ગયો. ખંડમાં પ્રવેશતાં જ રાજા મારી સામે જોઈ હસીને બોલ્યા, 'વેલ, બેનરજી, હાઉ ડુ યુ ફિલ ?' (કેમ બેનરજી, કેમ લાગે છે ?)

મેં તો તદ્દન નિખાલસ ભાવે કહ્યું, 'જુઓ રાજાજી, મારી તો મતિ જ બહેર મારી ગઈ છે. સાચું કહું તો હું આવું ક્યારેયે રમ્યો જ નથી. મારા માટે એ શક્ય જ નથી. આનું રહસ્ય ભેદવું યે મારી શક્તિ બહારની વાત છે.'

રાજાના ચહેરા પર હજી પેલું મુલાયમ સ્મિત વિલસી રહ્યું હતું. સામેની ખુરશી બતાવી એમણે મને બેસવા કહ્યું.

હું બેઠો. પાસેના ટેબલ ઉપરથી એમણે પુસ્તક ઉપાડ્યું. જોતાં જ હું જાણી ગયો કે એ રાજેન્દ્રપ્રતાપની ડાયરીનો એક ખંડ હતો. એક ખાસ પાનું ખોલી એ ડાયરી મારી સામે ધરતા એ બોલ્યા, 'અહીંથી આગળ વાંચી જા.'

વાંચતા પહેલાં મેં મથાળે ઈસ્વીસન અને તારીખ જોઈ લીધી - ત્રીજી નવેમ્બર, ૧૯૦૩. એટલે કે રાજેન્દ્રપ્રતાપના વિલાયત ગયાના અઢી વર્ષ પછી. અને એ પછી જે વાંચ્યું તેનું ગુજરાતી કરીએ તો - 'આજ રણજીએ એમની મૈત્રીની નિશાની રૂપે તેમનું પોતાનું એક બેટ મને ભેટ આપ્યું. આ બેટ વડે એમણે સસેક્સ વતી મિડ સસેક્સની સામે ૨૦૨ રન કરેલા. મારા જેવું નસીબદાર આ દુનિયામાં બીજું કોણ હશે ?'


આટલા દિવસ રણજીનું માત્ર નામ જ સાંભળેલું. આજ એમના મૃત્યુના આટલાં વર્ષો પછી, મારી રમત પરથી મેં અનુભવ્યું કે તેઓ કેવું રમતા હશે ! □

અનુસંધાન] મહાદેવભાઈ દેસાઈ [પૃ. ૫૫૫ પરથી

રાતના દસેક. સોપો પડી ગયેલો. બંને જુવાન વકીલ દોસ્તો કોચરબથી નીકળીને એલિસ પુલ તરફ પાછા ફરતા હતા. ક્યાં કોચરબ, ને ક્યાં આ બેનાં ઘર ! એકનું સાંકડી શેરીમાં તો નરહરિનું રાયપુરમાં ! વચમાં ત્યારે તો બધું ઉજ્જડ વેરાન ! મેઘલી રાત હતી અને ઝરમર ઝરમર છાંટા પડતા હતા. બંનેનાં મનમાં એ અનન્ય મેળાપની અવર્ણનીય ઘેરી અસર હતી. આખરે મહાદેવે મૌન તોડ્યું : 'નરહરિ, મને તો આ પુરુષને ચરણે બેસી જવાનું મન થાય છે.' મનમાં સંકલ્પબીજ વવાયું. ઊંડી ઇચ્છાનું બીજ ફણગ્યા વિના રહેતું નથી.

ત્યારે હજી સહકારી મંડળીઓવાળી નોકરી છોડી નહોતી. એ દિવસોમાં જ નાનો ભાઈ મૃત્યુ પામ્યો. એના સ્મરણાર્થે મહાદેવભાઈએ નોકરીમાંથી બચાવેલા રૂપિયા પાંચસો આશ્રમમાં દાન પેટે મોકલી આપ્યા. એ અરસામાં જ ભાષાન્તર માટેની મંજૂરી મોર્લે પાસેથી મેળવવાની હતી. એ માટે એક લાંબો પત્ર તૈયાર કરેલો. જઈને ગાંધીજીને બતાવ્યો. વાંચીને ગાંધીજી કહે, 'અંગ્રેજો આપણને ખુશામતખોર ને સ્વરાજ્ય માટે નાલાયક અમસ્તા કહે છે? આવા કાગળમાં તમે મોર્લેની વિદ્વત્તાના આટલાં ગુણગાન કરો એ અપ્રસ્તુત છે...' ગાંધીજીએ બાર-પંદર લીટીનો ટૂંકો કામકાજી ઢબનો કાગળ એમને લખાવ્યો. ગાંધીજીએ મહાદેવનું કરેલું આ પહેલું કામ. આ પ્રસંગ ૧૯૧૬નો. એ જ પ્રસંગે ચર્ચા દરમ્યાન ગાંધીજીએ 'સ્વભાષાની ઉપાસનાની દીક્ષા' પણ જાણે આપી.

તો, મહાદેવે 'ગાંધીસાહેબ' (ત્યારનું સંબોધન)નું પહેલું કામ ક્યારે કર્યું? ૧૯૧૭માં. નોકરીમાંથી દિલ ઊઠી ગયેલું. જૂના વડીલમિત્ર સંજાણાની સલાહ લીધી. કહે, 'નોકરી છોડી દો અને તમારા અંતરાત્મા અને આદર્શને અનુકૂળ હોય તે કામ સ્વીકારો...' (દલાલ : 'સ્વ. મહા. દે. સ્મૃતિચિત્રો.' આશ્રમ પ્રકાશન, અમ. ૧૯૮૩; પૃ. ૩૧) રાજકારણીઓથી ચેતતા રહેવાનું પણ કહ્યું. નોકરી છોડી. (આવતા અંકે પૂરું)





નિહારિકાઓ


રુસ્તમ રાવ

પૂર્ણિમાની અજવાળી રાતે ચંદ્રમા સોળે કળાએ ખીલ્યો હોય ત્યારે તેનાં શીત-મધુર કિરણોને સ્પર્શી ધરતી અનોખું સૌંદર્ય ધારણ કરે છે. પરંતુ અમાવાસ્યાની અંધારી રાતે આકાશનું દર્શન કરીએ તો એ પણ ખરેખર જ અદ્‌ભુત અને અવર્ણનીય હોય છે. સ્વાભાવિક રીતે જ કવિઓ કરતાં ખગોળરસિકોને આવી અંધારી રાતનું આકર્ષણ વધુ હોય છે. ચંદ્રની અનુપસ્થિતિ ધરતી પર અંધાર પટ સર્જે છે. પરિણામે આકાશમાં તારાઓ ખૂબ ચમકદાર દેખાય છે. માંડ દષ્ટિગોચર થતા ઝાંખા તારાઓ, અને લગભગ અદશ્ય રહેતી નિહારિકાઓ પણ આકાશમાં સ્પષ્ટ ઊભરી આવે છે. ખગોળરસિકો અવલોકન માટેની આવી સુંદર તક કદી ચૂકતા નથી.

દૂરબીનની શોધ થઈ તે અગાઉ પણ અંધારી પાતે ગ્રહો અને તારાઓની સાથે સાથે તેમનાથી તદ્દન જુદાં તરી આવતાં કેટલાંક ઝાંખાં ધાબાંઓની નોંધ લેવામાં આવી હતી. દેવયાની નક્ષત્રમાં આવેલું આવું એક ધાબું એટલું પ્રેક્ષણીય હતું કે સૌ નિરીક્ષકો માટે તે એક આકર્ષણ બની રહલું. પરંતુ ખરેખર તે શું છે એ સમજાતું ન હતું. વર્ષો સુધી એ કલ્પનાનો જ વિષય રહ્યો હતો. અન્ય સ્થાનોએ પણ નરી આંખે પ્રકાશમાં આવાં ધાબાં આકાશમાં જોઈ શકાતાં, અલબત્ત, તેમની સંખ્યા ખૂબ મર્યાદિત હતી. તેમનો દેખાવ આછી નાનકડી વાદળીઓ જેવો હોવાથી પશ્ચિમના ખગોળવિદોએ તેમને 'નેબ્યૂલા' (nebula) નામ આપ્યું. આ લૅટિન શબ્દ છે. જેનો અર્થ 'વાદળ' થાય છે. આપણે તેમને 'નિહારિકા' કહીએ છીએ, કારણ કે સંસ્કૃત ભાષામાં 'નિહાર'નો અર્થ ધુમ્મસ અથવા ઝાકળ થાય છે.

નરી આંખે તો માત્ર ગણતરીની જ નિહારિકાઓ દેખાતી, પણ દૂરબીનની શોધ પછી તેમનો આંક ઘણો વધ્યો. સમય જતાં દૂરબીનની ક્ષમતા વધતી ગઈ તેમ તેમ વધુ ને વધુ નિહારિકાઓ દેખાવા લાગી. પરંતુ તેમનું રહસ્ય તો વણઉકલ્યું જ રહ્યું હતું. આથી સર વિલિયમ હર્ષલે તેમના વ્યવસ્થિત અભ્યાસનો આરંભ કર્યો. જો કે તે વખતે દૂરબીનમાં પણ બધી નિહારિકાઓ લગભગ એકસરખી દેખાતી હતી એટલે નિહારિકાઓની સંખ્યા, અને આકાશમાં તેમનાં સ્થાનો નોંધવાં સિવાય બીજું કંઈ થઈ શકે એમ ન હતું. આ પ્રકારનું પ્રાથમિક સર્વેક્ષણનું કાર્ય ઉપાડ્યું ત્યારે હર્ષલ પાસે મેસિયરે તૈયાર કરેલી જે છેલ્લી યાદી હતી તેમાં ફક્ત ૧૦૩ તદ્દન જુદા જ તરી આવતા તારકગુચ્છોનો ઉલ્લેખ હતો. આ જ્યોતિર્પિંડોની ઓળખ આજે પણ મેસિયર આંક વડે આપવામાં આવે છે : જેમકે દેવયાની નક્ષત્રમાં આવેલી સર્પિલ નિહારિકા (spiral nebula)ને ખગોળ વિદો 'M-૩૧' સંજ્ઞાથી ઓળખે છે. હર્ષલે કરેલા સર્વેક્ષણને અંતે જે યાદી તૈયાર થઈ તેમાં ૨૫૦૦ નિહારિકાઓની નોંધ લેવામાં આવી હતી.


મથાળે જમણી બાજુ : વર્ષના ઉત્તરાર્ધના પાછલા મહિનાઓમાં ઉત્તર આકાશમાં દેખાતા દેવયાની (Andromeda) તારામંડળમાં દેખાતી દેવાયાની નિહારિકા'. 'એમ-૩૧'ની સંજ્ઞાથી પણ તે ઓળખાય છે અને નરી આંખે પણ તે કળી શકાય છે. લગભગ આપણા 'આકાશગંગા તારાવિશ્વ' જેવી જ અને ૧૨૦૦૦૦ પ્રકાશવર્ષ જેટલા પહોળા વિસ્તારમાં ફેલાએલી એ આપણાથી પંદર લાખ પ્રકાશવર્ષ દૂર છે. શક્તિશાળી દૂરબીન દ્વારા તેની કિનાર પર તારાઓ પણ દેખાતા હોઈ કેવળ વાયુમય નિહારિકા જ નહિ પણ એક તારાવિશ્વ છે.તેની નજીકમાં જ બે બીજી નાની નિહારિકાઓ પણ જોવા મળે છે. ડાબી બાજુની છબી 'એન.જી.સી. ૭૨૯૩'ની સંજ્ઞાથી ઓળખાતી એક વલયાકાર નિહારિકા. વર્ષના પાછલા ઉત્તરાર્ધમાં લગભગ મધ્યાકાશમાં જોવ મળતા કુંભરાશિ (Aquarius)ના તારામંડળમાં દૂરબીનથી એ જોઈ શકાય છે. ભૂતકળમાં કોઈ મોટા તારાના વિસ્ફોટથી ચોપાસ પ્રસરતા જતા વાયુથી આવી નિહારિકા બને છે. આપણા તારાવિશ્વમાં આવી નિહારિકાઓ જોવા મળે છે.



વૃષભ રાશિના તારામંડળમાં 'એમ-૧'ની સંજ્ઞાથી કે 'કર્ક' (ક્રેબ) નિહારિકા તરીકે ઓળખાતી આ નિહારિકા એક સેકંડે લગભગ ૭૦૦ માઈલના વેગે વિસ્તરી રહી છે. ૧૧મી સદીમાં ચીનના ખગોળશાસ્ત્રીઓએ અહીં એક મોટો તારાવિસ્ફોટ જોયાનું નોંધ્યું છે.

વળી, સર વિલિયમ હર્ષલે નિહારિકાની ગણતરી કરી ત્યારે ફક્ત ઉત્તર ગોળાર્ધના આકાશનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. તેમના પુત્ર જહોન હર્ષલે પિતાના સર્વેક્ષણને સંપૂર્ણ બનાવવા દક્ષિણ ગોળાર્ધના આકાશનો અભ્યાસ કરવાનું વિચાર્યું. આ માટે દક્ષિણ આફ્રિકામાં કેપટાઉન નજીક દૂરબીન લઈ જઈ તેણે ઘણી મોટી સંખ્યામાં નિહારિકાઓની નોંધ કરી. સમગ્ર આકાશને આવરી લઈ તેણે ૧૮૬૪માં જે યાદી પ્રસિદ્ધ કરી તેમાં નિહારિકાઓનો આંક લગભગ ૪૬૩૦ પર પહોંચ્યો હતો. આ યાદીને સ્થાને ૧૮૯૦ માં ડ્રેયર તરફથી જે 'ન્યૂ જનરલ કેટલોગ' (NGC) બહાર પાડવામાં આવ્યું તેમાં ૨૦,૦૦૦ નિહારિકાઓનાં સ્થાન નોંધવામાં આવ્યાં હતાં. આ પ્રત્યક્ષ નિરીક્ષણો ઉપરાંત ફોટોગ્રાફિક પ્લેટો પર આનાથી લગભગ દસ ગણી નિહારિકાઓ અંકિત થઈ છે. પરંતુ આવી લાંબી લચક યાદીમાં ખગોળશાસ્ત્રીઓને રસ રહ્યો ન હતો. તેઓ તો નિહારિકાઓનાં બંધારણ અને અંતર વિષે જાણવા ઉત્સુક હતા.

એમ કહેવાય છે કે પુષ્ય (Praesepe) નક્ષત્રમાં આવેલા એક ખગોલીય વાદળને સ્વરચિત દૂરબીનમાંથી જોતાં ગેલીલિયોને તેમાં તારાઓનાં ઝૂમખાંનો ભાસ થયો હતો. ખગોળશાસ્ત્રમાં દૂરબીનનું આ કદાચ સૌપ્રથમ મહત્ત્વનું પ્રદાન હશે. વર્ષો પછી હર્ષલે કરેલા નિહારિકાઓના સર્વેક્ષણ વખતે પણ ઘણીખરી નિહારિકાઓમાં તેમને છૂટાછૂટા તારાઓનાં ઝૂમખાં નજરે ચઢ્યાં હતાં. આ ઉપરથી કંઈક ઉતાવળે તેમણે એવું અનુમાન બાંધી દીધું કે નિહારિકાઓ તારાના સમૂહો છે, અને જો દૂરબીનની ક્ષમતા વધારવામાં આવે તો બાકીની નિહારિકાઓમાં પણ તારાનાં ઝૂમખાં દેખાવાં જોઈએ. પરંતુ પાછળથી તેમણે આ અનુમાનમાં થોડો સુધારો કરી એવું મંતવ્ય વ્યક્ત કર્યું કે અપવાદ રૂપે કેટલીક નિહારિકાઓ પ્રકાશિત વાયુના ગોટા રૂપે પણ અસ્તિત્વ ધરાવે છે. અને તેથી દૂરબીનની વિભેદનશક્તિ (resolving power) ગમે તેટલી વધારીએ તે પણ આવી નિહારિકાઓમાં તારાઓનાં



વર્ષારંભના મહિનાઓમાં મધ્યાકાશે જોવા મળતા મૃગ તારામંડળ (orion)માં વચ્ચે દેખાતા 'બાણ'ના ત્રણ તેજસ્વી તારાની નીચે 'ગ્રેટ નેબ્યુલા' નામે ઓળખાતી આ નિહારિકા ૩૦ પ્રકાશવર્ષ જેટલા વિસ્તારમાં ફેલાએલી અને આપણાથી ૨૦૦૦ પ્ર.વ. જેટલી દૂર છે. 'એમ-૪૨'ની સંજ્ઞાથી વિખ્યાત આ નિહારિકા દૂરબીનમાંથી અત્યંત સુંદર દેખાય છે.

દર્શન શક્ય નથી. હર્ષલનો આ તર્ક તે જમાનાના ખગોળવેત્તાઓને ગળે ન ઊતર્યો. પરિણામે હર્ષલે કરેલું નિહારિકાઓનું પ્રાથમિક વર્ગીકરણ વિવાદનો વિષય બન્યું. આ અરસામાં સર વિલિયમ હ્યુગિન્સ નિહારિકાનો વર્ણપટ મેળવવા પ્રયત્ન કરી રહ્યા હતા. કામ સરળ ન હતું. નિહારિકાનો પ્રકાશ અત્યંત ક્ષીણ હોવાથી તેના વર્ણપટમાં પ્રકાશના એક નિસ્તેજ લસરકા સિવાય કંઈ જણાતું ન હતું. છેવટે ૧૮૬૪માં કેટલીક પ્રકાશિત નિહારિકાઓના કંઈક સ્પષ્ટ કહી શકાય એવા સ્પેક્ટ્રોગ્રામ મેળવવામાં તેમને સફળતા મળી. આ પૈકી કેટલાક સ્પેક્ટ્રોગ્રામમાં હ્યુગિન્સને સૌપ્રથમ વાર થોડીક લાક્ષણિક રેખાઓ જોવા મળી. પરન્તુ આવી રેખાઓ તો વાયુ સ્વરૂપ પ્રકાશ-સ્રોતના વર્ણપટમાં જ સંભવી શકે. આમ, કેટલીક નિહારિકાઓ વાયુસ્વરૂપ હોવાના હર્ષલના અનુમાનને પ્રાયોગિક સાબિતી મળી.

વર્ણપટના અભ્યાસ પરથી પ્રકાશ-સ્રોત વિષે ઘણી ઉપયોગી માહિતી મળી શકે છે. વર્ણપટની લાક્ષણિકતાને આધારે સ્રોતની ભૌતિક અવસ્થા, તેનું તાપમાન તથા તેના બંધારણમાં રહેલાં તત્ત્વો જાણી શકાય છે. ખગોળશાસ્ત્રમાં વર્ણપટની ઉપયોગિતા આથી કંઈક વિશેષ છે. અહીં ખગોલીય પદાર્થોના અંતર અને વેગ જાણવામાં પણ તેનો ઉપયોગ થાય છે. પ્રથમ, તારાઓના અને નિહારિકાઓના વેગ શોધવામાં વર્ણપટ શી રીતે ઉપયોગી બને છે તે જોઈએ, જેમાં ડોપ્લર ઘટના મુખ્ય ભાગ ભજવે છે.

ડોપ્લર ઘટના સામાન્ય રીતે, ગતિ કરતા ધ્વનિના સ્રોતના સંદર્ભમાં પ્રચલિત છે. આ ઘટના અનુસાર ધ્વનિ-સ્રોત અને શ્રોતા વચ્ચેનું અંતર ઝડપથી ઘટતું હોય ત્યારે ધ્વનિની આવૃત્તિ વધી હોવાનો ભાસ થાય છે,

અને અંતર વધતું હોય ત્યારે આવૃત્તિ ઘટી હોવાનું લાગે છે. ધ્વનિની માફક પ્રકાશ પણ તરંગ રૂપે પ્રસારિત થતો હોવાથી આ પ્રકારની અસર ગતિ કરતા પ્રકાશ-સ્રોતની બાબતમાં પણ થતી હોવી જોઈએ એવું સૂચન ખુદ ડોપ્લરે જ ૧૮૪૨માં કર્યું હતું. પરંતુ તેનું પ્રત્યક્ષ નિદર્શન ચાર દાયકા પછી ખગોળવેત્તા એચ.સી. વૉગેલ દ્વારા કરવામાં આવ્યું. તારાના વર્ણપટને પૃથ્વી પરના સ્થિર પ્રકાશ-સ્રોતના વર્ણપટ સાથે સરખાવતાં તેને રેખાઓ જરા વિસ્થાપિત (shift) થયેલી માલૂમ પડી. આ વિસ્થાપન કેટલાક તારા માટે વર્ણપટના રાતા છેડા તરફનું હતું, અને કેટલાક માટે જાંબલી છેડા તરફનું હતું. આપણે જાણીએ છીએ કે જાંબલી કરતાં રાતા રંગના પ્રકાશની તરંગ-લંબાઈ વધુ હોય છે. આથી રાતા છેડા તરફનું સ્થાનાન્તર તરંગ લંબાઈમાં વૃદ્ધિ દર્શાવે છે, જે આવૃત્તિ ઘટી હોવાનો નિર્દેશ કરે છે; કારણ કે તરંગ-લંબાઈ અને આવૃત્તિ હમેશાં એકબીજાના વ્યસ્ત પ્રમાણમાં હોય છે. ડોપ્લર ઘટના અનુસાર આવૃત્તિમાં આવો દેખીતો ઘટાડો , તારો આપણાથી દૂર જઈ રહ્યો હોવાનું સૂચવે છે. આમ રાતા છેડા તરફનું વિસ્થાપન તારો દૂર જઈ રહ્યાનો નિર્દેશ કરે છે. એ જ પ્રમાણે જાંબલી છેડા તરફનું વિસ્થાપન તારો નજીક આવી રહ્યો હોવાનો સંકેત આપે છે. વર્ણપટના વિસ્થાપનને કારણે λ તરંગલંબાઈની રેખામાં થતો દેખીતો ફેરફાર $\Delta\lambda$ હોય તો પૃથ્વી પરના નિરીક્ષકની દૃષ્ટિએ તારાની ઝડપ

$$V = \frac{\Delta\lambda}{\lambda} \times \text{ પ્રકાશની ઝડપ}$$

આમ, વર્ણપટ ઉપરથી કોઈ પણ ખગોલીય પ્રકાશ-સ્રોતનો વેગ જાણી શકાય છે. ચાલુ સદીની શરૂઆતમાં આ રીતે ઘણા તારાઓના વેગ શોધવામાં આવ્યા હતા, જેમાં થોડાક તારાઓને બાદ કરતાં ઘણાખરા તારા આપણાથી દૂર ભાગી રહ્યા હોવાનું માલૂમ પડ્યું હતું. તેઓની ઝડપ ૧૦ થી ૧૦૦ કિ.મી./સે. ની વચ્ચેની હતી.

નિહારિકાઓના વર્ણપટોનો બારીકાઈથી અભ્યાસ કરતાં ૧૯૨૦માં લોવેલ વેધશાળાના વી. એમ. સ્લીફરને ભારે આશ્ચર્ય થયું. બધા વર્ણપટમાં વિસ્થાપન ખાસ્સું મોટું જણાયું એટલું જ નહિ, પણ બધા જ કિસ્સામાં વિસ્થાપન રાતા છેડા તરફ હોવાનું તેમણે નોંધ્યું. વિસ્થાપન ઉપરથી ગણતરી કરી તો વેગનું મૂલ્ય ૨૦૦૦ કિ.મી./સે, કે તેથી પણ વધારે પ્રાપ્ત થયું. મતલબ કે બધી જ નિહારિકાઓ પ્રચંડ વેગે આપણામાથી દૂર ભાગી રહી છે ! આ ભાગમભાગનું રહસ્ય હજી ઉકેલી શકાયું નથી.

ઈ. ૧૯૨૪માં માઉન્ટ વિલ્સન વેધશાળામાં ૧૦૦ ઈંચિયું દૂરબીન ગોઠવાતાં એડવિન પી. હબલે નિહારિકાઓનું નિરીક્ષણ શરૂ કર્યું. દૂરબીનની ઉત્કૃષ્ટ વિભેદનશક્તિ (resovlig power)ને કારણે બધી નિહારિકાઓના તારાસમૂહો દેખાયા, જે પૈકી કેટલાકમાં તો છૂટા તારાઓ પણ દૃષ્ટિગોચર થતા હતા. નજીકની બે-ત્રણ નિહારિકાઓમાં સેફ્રાઈડ પ્રકારના રૂપવિકારી તારા પણ હબલે ઓળખી કાઢ્યા. આ પ્રકારના તારાની લાક્ષણિકતા એ છે કે તેની તેજસ્વિતા નિયમિત રીતે વધઘટ થયા કરે છે. આ ફેરફારનો આવર્તકાળ અચળ રહે છે. આ અચળ આવર્તકાળ ઉપરથી ખગોળવિદ હારલો શેપ્લેએ તારાના અંતરનો અંદાજ મેળવવાની એક રીત શોધી હતી. તેનો ઉપયોગ કરીને સેફ્રાઈડ તારા ધરાવતી નિહારિકાઓનાં અંતરો શોધાવા હબલે પ્રયત્ન કર્યો. દેવયાની નક્ષત્રમાં આવેલી જાણીતી સર્પિલ નિહારિકા 'M-૩૧' નું અંતર હબલે શોધ્યું ત્યારે તેના આશ્ચર્યનો પાર ન રહ્યો. તેની ગણતરી પ્રમાણે આ અંતર સાત લાખ પ્રકાશવર્ષ થતું હતું ! મતલબ કે આ નિહારિકા આપણી આકાશગંગાની સરહદની પણ બહાર ખૂબ દૂરના અવકાશમાં વિચરી રહી છે. હબલની આ 'ઓવર -બાઉન્ડ્રી'એ ખગોળ-જગતમાં ભારે હલચલ મચાવી દીધી. આપણી આકાશગંગાની બહાર પણ વિશ્વ વિસ્તરેલું છે એની સૌપ્રથમ વાર પ્રતીતિ થઈ, ત્યાર પછી વિશ્વની ક્ષિતિજ સદા વિસ્તરતી જ રહી છે.

નિહારિકાનાં અંતરોમાં રસ જાગતાં અગાઉ સ્લીફરે જે નિહારિકાઓના વેગ શોધ્યા હતા તેમના અંતરો હબલે શોધ્યાં. જે નિહારિકામાં સેફ્રાઈડ પ્રકારના રૂપવિકારી તારા ન હતા તેમાં દેખાતા સૌથી તેજસ્વી તારાના વર્ણપટને આધારે નિહારિકાના અંતરોનો અંદાજ કાઢ્યો, જેમાં કેટલીક નિહારિકા બે કરોડ પ્રકાશ વર્ષ દૂર હોવાનું માલમ પડ્યું. પરંતુ હબલનાં સંશોધનોનું સૌથી વિસ્મયકારક પરિણામ તો તેણે તારવેલો નિહારિકાઓના વેગ અને અંતર વચ્ચેનો સંબંધ છે. નિહારિકાઓના વેગ અને અંતરનાં મૂલ્યો તપાસતાં તેને આવું માલું પડ્યું કે વેગ હંમેશાં અંતરનાં સમપ્રમાણમાં રહે છે. અર્થાત્ નિહારિકા જેમ આપણાથી દૂર તેમ તે વધુ ઝડપે આપણાથી દૂર જઈ રહી છે. હબલના સમીકરણ પ્રમાણે ૨૫ કરોડ પ્રકાશ-વર્ષ દૂર આવેલી નિહારિકા ૨૫,૦૦૦ માઈલ/સેની ઝડપે ગતિ કરે છે. આકાશ-ગંગા જેવી વિશાળ ખગોલીય પ્રણાલિ આટલી પ્રચંડ ઝડપે ગતિ કરે એ ઘટના વિષે ઘણા ખગોળશાસ્ત્રીઓ સાશંક છે. વર્ણપટની રેખાઓનું રાતા છેડા તરફનું વિસ્થાપન ડોપ્લર ઘટનાને બદલે બીજો કોઈક કારણે તો ન થતું હોય ? આ મુદ્દા પરત્વેનો વિવાદ હજી શમ્યો નથી. પરંતુ તેથી હબલના તારણની મહત્તા જરાય ઘટતી નથી. કારણ કે આપણી આકાશગંગાની બહાર વિસ્તરેલા વિશ્વમાં વિહાર કરતી ખગોલીય પ્રણાલિનાં અંતરોનો અંદાજ મેળવવા હબલનું સમીકરણ એકમાત્ર સાધન છે, એમ સૌ સ્વીકારે છે.

નિહારિકાનાં વિવિધ સ્વરૂપો

નરી આંખે જોનારને નિહારિકાઓ એક સરખી અને અનાકર્ષક લાગે છે. પરંતુ તેનું અસલ સ્વરૂપ કેવું ભવ્ય અને વૈવિધ્યસભર હોય છે તે તો કોઈ મોટા દૂરબીનમાંથી જોઈએ ત્યારે જ ખબર પડે. આવા દૂરબીન સાથે જોડેલા કેમેરાએ ઝીલેલી તસ્વીરોમાં તેમનાં સુંદર રંગીન દૃશ્યો જોવા મળે છે. આ તસવીરોમાં થોડાંક ભયાનક દૃશ્યો પણ ખરાં. નિહારિકાનાં આવાં દૃશ્યો કેવી રીતે રચાય છે તે જોઈશું.

વસ્તુસ્થિતિ કંઈક આ પ્રમાણે છે. આપણી આકાશગંગામાં તેમજ અન્ય આકાશગંગાઓમાં મુખ્યત્વે હાઈડ્રોજન વાયુનું એક અતિશય પાતળું માધ્યમ પથરાયેલું છે. તેમાં દસેક ટકા હીલિયમ વાયુ તથા એકાદ ટકા જેટલા ધૂળના સૂક્ષ્મ રજકણો પણ હોય છે. આ મિશ્રણનું ઘનત્વ અવકાશમાં બધે સરખું નથી હોતું. આકાશગંગાના સર્પિલ ભુજ (sprial arms)માં તે વિશેષ હોય છે, પરંતુ અત્યંત આછા પોતને કારણે ગમે તેટલા મોટા દૂરબીનમાંથી પણ

તે પ્રત્યક્ષ રૂપે જોઈ શકાતું નથી. આમ છતાં જ્યાં તે પ્રકાશિત તારાઓના કિરણો સાથે પ્રતિક્રિયા કરે છે ત્યાં તે નિહારિકાનું રૂપ ધારણ કરે છે. ખગોળવિદો તેને 'પ્રસારિત નિહારિકા' (diffused nebula) કહે છે, કિરણો સાથેની પ્રતિક્રિયા અનુસાર પ્રસારિત નિહારિકા ત્રણ પ્રકારની હોય છે : ઉત્સર્જન નિહારિકા (emission nebula), પરાવર્તન નિહારિકા (reflection nebula) અને શ્યામલ નિહારિકા (dark nebula). તેમનું અસ્તિત્વ જે ભૌતિક પરિસ્થિતિને આભારી છે તે હવે જોઈશું.

અવકાશના જે વિસ્તારોમાં હાઇડ્રોજન વાયુની ઘનતા સરેરાશ કરતાં સારા પ્રમાણમાં વધારે હોય તે વિસ્તારોને હાઈડ્રોજન વાદળ કહીશું. જો આવાં વાદળની બરાબર પાછળ, અથવા અંદર, અતિ ઊંચા તાપમાનવાળા તારાઓ આવેલા હોય તો તેમાંથી નીકળતાં શક્તિશાળી પારજાબંલી કિરણો હાઈડ્રોજન વાદળમાં આયનો ઉત્પન્ન કરશે. આયનીકરણને કારણે છૂટા પડેલા ઇલેક્ટ્રોનો અને પ્રોટોનો ફરી જોડાય ત્યારે દૃશ્ય પ્રકાશ રૂપે વિકિરણ ઊર્જા ઉત્સર્જિત થાય છે. સ્વયં પ્રકાશિત બનેલો હાઈડ્રોજન વાદળનો આ ભાગ નિહારિકા રૂપે દૃશ્યમાન થાય છે, જે ઉત્સર્જન નિહારિકા તરીકે ઓળખાય છે. મૃગશીર્ષ (Orion) નક્ષત્રની વિશાલ નિહારિકા આ પ્રકાની છે. અહીં તારાઓના પ્રકાશ કરતાં નિહારિકાના પ્રકાશનો રંગ જુદો પડે છે. જો તારાઓનું તાપમાન ઓછું હોય તો નિકટવર્તી વાદળ સ્વયંપ્રકાશિત બની શકતું નથી, પરંતુ તેમાં રહેલા વાયુના અણુઓ તથા ધૂળના રજકણોએ કરેલા તારાના પ્રકાશનાં પ્રકિર્ણન (scattering) ને લીધે તે પ્રકાશમાન બને છે. વાદળના જે ભાગમાંથી આ રીતે કિરણો આપણી તરફ ફેંકાય છે તે નિહારિકા રૂપે દૃશ્યમાન થાય છે. આ પ્રકારની નિહારિકાને પરાવર્તન નિહારિકા કહે છે. આવી નિહારિકાઓનો પ્રકાશ તારાના પ્રકાશ જેવો જ હોય છે. કૃતિકા (Pleiades) નક્ષત્રના પ્રકાશિત તારાઓની આસપાસ દેખાતી આભા પરાવર્તન નિહારિકાનું ઉદાહરણ છે. કેટલેક ઠેકાણે હાઈડ્રોજન વાદળમાં ધૂળના રજકણોનું સાપેક્ષ પ્રમામ ઘણું વધારે હોય છે, જે પાછળ રહેલા તારાઓના પ્રકાશને આગળ વધતો અટકાવે છે. પરિણામે પ્રકાશિત પશ્ચાદ્ભૂમિ પર વિવિધ પ્રકારનાં છાયાચિત્રો રચાય છે. અનિયમિત આકારનાં કાળાં વાદળોની ઘનઘોર ઘટા જેવી દેખાતી નિહારિકાને શ્યામલ નિહારિકા કહે છે. આવી નિહારિકામાં ક્યારેક ઘોડાનું મુખ, હાથીની સૂંઢ કે ઉત્તર અમેરિકાના નકશા જેની પ્રચલિત આકૃતિ પણ પ્રદર્શિત થયેલી જણાય છે, જે ખરેખર એક વિસ્મયકારક સંયોગ જ કહેવાય. કેટલેક સ્થળે પ્રકાશિત પશ્ચાદ્ભૂમિ પર અનેક ગોળ નાનાં કાળાં ટપકાં નજરે પડે છે. સંભવ છે કે આવી ગોળાકાર શ્યામલ નિહારિકામાં તારાના જન્મની પૂર્વતૈયારી થઈ રહી હોય ! પ્રસારિત નિહારિકાના આ ત્રણે પ્રકારો આપણી આકાશગંગામાંની સૌથી નજીકની નિહારિકાઓ છે. અંતર વધતાં વચ્ચે આવતા તેજસ્વી તારાઓની સંખ્યા વધતી જાય છે, જેના ઝળહળતા પ્રકાશમાં પ્રસારિત નિહારિકાનો ઝાંખો પ્રકાશ વિલીન થઈ જાય છે. પરિણામે પાંચ હજાર પ્રકાશ વર્ષથી વધુ અંતરે આવેલી આવી નિહારિકા દેખાતી નથી.

નજીકની કેટલીક નિહારિકાઓ દૂરબીનમાંથી જોતાં લીલાશ પડતા રંગની રકાબી જેવી લાગે છે. આપણી સૂર્યમાળાના ગ્રહો યુરેનસ અને નેપ્ચ્યુન પણ આવા જ દેખાતા હોવાથી આ પ્રકારની નિહારિકાઓને 'ગ્રહીય નિહારિકા' (Planetary nebula) કહે છે. તે કોઈક તારા કે તારાસમૂહોની આસપાસ વીંટળાયેલા વાયુના આવરણ રૂપે દેખાય છે. કેન્દ્રમાં રહેલા તારાઓએ પ્રકાશિત કરેલું વાયુનું આવરણ ક્યારેક વલયો રૂપે દેખાય છે, જેમાં અંદરનું વલય મોટેભાગે બહારના વલય કરતાં વધુ પ્રકાશિત જણાય છે. અતિ પરિચિત ગ્રહીય નિહારિકાઓમાં વીણા (Lyra) મંડળમાંની વલય-નિહારિકાનો સમાવેશ થાય છે. સામાન્ય રીતે તારા કે તારાસમૂહોની આસપાસ વાયુ અને ધૂળના રજકણોનું આવરણ બે રીતે રચાય છે. હાઈડ્રોજન વાદળ પોતાના જ ગુરુત્વાકર્ષણના બળ હેઠળ સંકોચાઈને ઘટ્ટ બને છે ત્યારે તારાઓનું નિર્માણ થાય છે. આ પ્રક્રિયામાં વધેલોઘટેલો હાઈડ્રોજન વાયુ તારાઓ ફરતે વીંટળાઈ વળે છે. કેટલીક વાર સ્થાયી જણાતો તારો અચાનક અસ્થાયી બની જતાં ભીતરના દ્રવ્યનો અંશ પ્રચંડ વેગે બહાર ફંગોળાય છે. તો ક્યારેક તારો પરમ વિસ્ફોટક બનતાં તેનું લગભગ બધું જ દ્રવ્ય અવકાશમાં વિખેરાઈ પડે છે. આ રીતે તારાની આસપાસ વીંટળાયેલા કે તેમાંથી બહાર ફેંકાયેલા વાયુઓ અને ધૂળના રજકણો પ્રકાશિત બનતાં ગ્રહીય નિહારિકા રૂપે દૃશ્યમાન થાય છે.

હવે આપણે એવી નિહારિકાઓનો વિચાર કરીશું જે સામાન્ય રીતે દૂરબીનમાંથી જોતાં ઉપર વર્ણવેલી વાયુ રૂપ નિહારિકા જેવી જ લાગે છે, પરંતુ હકીકતમાં તેઓ અસંખ્ય પ્રકાશિત તારાઓના સમૂહો છે. આ તારકવૃંદો વાસ્તવમાં તો પ્રચંડકાય આકાશી પ્રણાલિઓ છે. પરંતુ તેઓ આપણાથી અતિશય દૂર હોવાને લીધે સામાન્ય દૂરબીનમાં પણ નરી આંખે દેખાતી નિહારિકા જેવી જ લાગે છે. હજારો તારાઓના ગોળમટોળ સમૂહો (globular clusters) આપણી આકાશગંગામાં દૂરદૂર ફેલાયેલા છે. આ સમૂહના તારાઓ એકસાથે જન્મ્યા હોવાનું મનાય છે. પરંતુ તેમનું દ્રવ્યમાન જુદુંજુદું હોવાને કારણે તેમની ઉત્ક્રાંતિનો ક્રમ અલગઅલગ રહ્યો છે. પરિણામે જીવનયાત્રાના જુદાજુદા તબક્કાઓમાં પહોંચેલા તારાઓ તેમાં એકસાથે જોવા મળે છે. તારાઓની ઉત્ક્રાંતિનો અભ્યાસ કરનારા ખગોળવિદો માટે આ એક રસમય પરિસ્થિતિ છે.

છેવટે એક વાત બાકી રહે છે, અને તે લંબગોળ આકારની નિહારિકાઓની. તેઓ આપણી આકાશગંગાની બહારના અવકાશમાં દૂરદૂર સુધી પહોંચેલી છે. મોટા દૂરબીનમાંથી જોતાં તેમાંની કેટલીકમાં આપણી આકાશગંગા જેવા સર્પિલ ભુજો દેખાય છે. આથી તેઓ સર્પિલ નિહારિકા (spiral nebula) કહેવાય છે. વાસ્તવમાં તો તેઓ સ્વયં સ્વતંત્ર આકાશ-ગંગાઓ છે, જેમાં કરોડો તારાઓ ઘૂમી રહ્યા છે. કેટલીક તો આપણી આકાશ-ગંગાથી પણ મોટી છે. અબજ તારા ધરાવતી આકાશગંગા જેવી જબરદસ્ત ખગોલીય પ્રણાલિ, મોટામાં મોટા દૂરબીનમાં પણ જો નાનકડા લંબગોળ ધાબા જેવી લાગતી હોય તો તે આપણીથી કેટલે દૂર હશે તેનો અંદાજ કાઢવાનું બહુ અઘરું નથી, જવાબ ૧૦ કરોડ અને ૫૦ કરોડ પ્રકાશવર્ષ વચ્ચે મળે છે, જેમાં દર ક્ષણે વૃદ્ધિ થઈ રહી છે, કારણ કે તેઓ અફાટ અવકાશમાં ઝડપભેર એકબીજાથી દૂર ને દૂર સરકી રહી છે. વિસ્તરતા વિશ્વ (expading universe)ની વિચારધારાને આથી સબળ ટેકો મળી રહ્યો છે.

આકાશમાં દેખાતાં નિસ્તેજ ધાબાંઓનું રહસ્ય શોધતાં શોધતાં ખગોળપંડિતો બ્રહ્માંડની સંરચના સુધી પહોંચી ગયા. પરંતુ કોઈપણ વૈજ્ઞાનિક ખોજમાં જૂનાં રહસ્યોના ઉકેલોમાંથી જ નવાં રહસ્યો જન્મતાં હોય છે. પરિણામે આ ખોજ કદી અટકતી નથી. તે એક અનંત યાત્રા છે. અને વિજ્ઞાનીઓ આ અનંત યાત્રાના યાત્રીઓ છે. □

શિકારી કૂતરાંઓને બગાઈઓ કરડતી નથી

વિનોદ ભટ્ટ

પોતે આકાશમાં સર્જેલા મેઘધનુષ તરફ મુગ્ધભાવે જોતાં બ્રહ્માએ નારદને પૂછ્યું: 'કેવું છે આ મેઘધનુષ?' 'ઠીક છે, આમ તો પ્રેક્ષણીય છે...' નારદે જણાવ્યું: 'પણ તેમાં વાદળી રંગ જરા વધારે પડી ગયો છે, એને બદલે ગુલાબી હોત તો તમારું આ મેઘધનુષ ઓર દીપી ઊઠત....' નારદનો આવો જવાબ સાંભળી બ્રહ્મા ગુસ્સે થઈ ગયા. બોલ્યા: 'આ રીતે અન્યની ભૂલો શોધવાને બદલે મારા આ સર્જનની તોલે આવે, એવું એકાદ સર્જન તો તમે કરી બતાવો !' - ને પછી નારદજીએ એક પ્રાણીનું સર્જન કર્યું. એનું નામ વિવેચક.....આ છે મારી કલ્પના, મારો તરંગ. ને મેઘધનુષ રચાયાની સાથે જ વિવેચકનો જન્મ થયો છે.

બસ, એ દિવસથી સર્જક-વિવેચકની વચ્ચે લવ-હેટ્રેડ (પ્રેમ-ધિક્કાર)ના સંબંધો ચાલ્યા કરે છે, બેમાંથી જ્યારે જેને તક મળે છે તે એકબીજા પર ઘા કરી લે છે. આજે ક્લાસિક તરીકે પંકાતી કૃતિઓનાય વિવેચકો દ્વારા, તે રચાઈ ત્યારે લીરેલીરા ઉડાવી દેવામાં આવ્યા હતા. જ્હોન મિલ્ટનની ચિરંજીવી કૃતિ 'પૅરેડાઈઝ લૉસ્ટ' માટે સૅમ્યુલ જોન્સને એ ટાણે લખ્યું હતું: 'Paradise Lost is one of the books which the reader admires and lays down, and forgets to take up again. Its persual is a duty rather than a pleasure.' અને વૉલ્ટરે આ જ પુસ્તક માટે કહ્યું હતું : 'This obscure, eccentric and disgusting poem....' તો શેક્સ્પીઅરની અતિ કીર્તિવંત કૃતિ 'હૅમ્લેટ' વિશે પસ્તાળ પાડતાં વિવેચકોએ લખેલું કે સૌથી વખોડવા લાયક, ઢંગધડાવગરની રચના, અને ચાર્લ્સ ડિકન્સની 'પિકવિક પેપર્સ' માટે: 'મવાલી જેવી ભાષામાં લખાએલી કથા જેમાંથી આજે કશું નીપજી શકે તેમ નથી.' અર્નેસ્ટ હેમિંગ્વેની 'એ ફેરવેલ ટુ ધી આર્મ્સ' ને એક અતિ ફાલતુ કહી ઉતારી પાડવામાં આવી હતી. પોલ ગૉગ જેવા (હવે) વિશ્વવિખ્યાત ચિત્રકારનાં ચિત્રોનું પ્રદર્શન પૅરિસમાં ભરાયું ત્યારે લખ્યું હતું કે તમારાં બાળકોને જરા ગમ્મત કરાવવી હોય તો આ પ્રદર્શન જોવા લઈ જજો. આ ચિત્રકારનાં ચિત્રોની નકલો આજે લાખ્ખો રૂપિયે વેચાય છે.

બાલ્ઝાક, સ્ટેન્ધાલ, ટૉલ્સ્ટૉય, એમિલી બ્રોન્ટ અને ટાગોર જેવા અનેક સર્જકોનાં સર્જન પર વિવેચકોએ યથાશક્તિ રંદો ફેરવવા પ્રયાસ કર્યો છે ને કાચાપોચા લેખકો તો આ ધંધાદારી વિવેચકોથી ડરી પણ ગયા હતા. કવિ ટૅનિસન અને વર્જિનિયા વુલ્ફ તેમની કૃતિઓનાં કડક વિવેચનથી એટલાં બધાં ત્રાસી ગયેલાં કે પોતાનો દેશ છોડી દેવાનું તેમણે નક્કી કરી નાખ્યું હતું. વર્જિનિયા વુલ્ફે પાછળથી આત્મહત્યા કરી એની પાછળે ય કેટલાકને વિવેચકોનો હાથ દેખાયો છે. Blackwood's Magazineમાં, ૧૮૧૮માં કીટ્સની જબ્બર ઠેકડી ઊડાડવામાં આવેલી એટલે આઘાતથી તે ગુજરી ગએલો, એમ કહેવાય છે. આ અંગે લૉર્ડ બાયરન તેમજ શેલીએ જાહેરમાં આક્રોશથી લખ્યું હતું કે ક્વાર્ટરલી (ત્રૈમાસિક) એ જ કીટ્સની હત્યા કરી છે. જ્હોન ડ્રાયડને પણ રોષથી લખ્યું હતું:

'They who write ill, and they who ne'er drust write
Turn critics out of mere revenge and splite.'

ટૉમસ હાર્ડીની નવલકથા 'જ્યુડ ધી ઑબ્સ્ક્યૉર'ની સજજડ આલોચનાથી નારાજ થઈને હાર્ડીએ નવલકથાઓ લખવાનું ત્યજી દીધેલું.

આપણે ત્યાં પણ આવા એક ગાંધીવાદી વિવેચક હતા જે બજારમાંથી ખોળી-સૂંઘીને પુસ્તકો પસંદ કરતા ને પછી એ પુસ્તકોની ને સાથે તેના લખનારની ઝાટકણી કાઢી નાખતા. ગાંધીવાદી હોવા છતાં હાથમાં કલમ આવે ત્યારે તે હિંસક બની જતા. ચન્દ્રકાન્ત બક્ષીની 'પડઘા ડૂબી ગયા' નવલકથા માટે તેમણે લખ્યું હતું કે આવી ચોપડીઓ કચરાના ઢગલા કે કચરા-ટોપલીમાં ફેંકી દેવી જોઈએ. દર મહિને સરેરાશ એક નવલકથા ફટકારતા એક લોકપ્રિય લેખકની નવલકથા વાંચીને આ વિવેચકે માત્ર એક જ લીટીમાં અવલોકન લખ્યું હતું : 'આ પુસ્તક વાંચીને મારે સ્નાન કરવું પડ્યું.' બીજે મહિને પ્રકટ થયેલી પોતાની નવલકથા તે લેખકે એ વિવેચકને સપ્રેમ ભેટ મોકલતાં નોંધ કરી હતી : 'આ પુસ્તક તમારે નદીમાં ઊભા ઊભા વાંચવું પડશે.' આ લેખ લખનારને પણ એકવાર એ વિવેચકની કલમની અડફેટે ચડી જવાનો લહાવો મળ્યો હતો.

'ન્યૂ યૉર્ક ટાઈમ્સ'ના ક્રિટિકે લખેલ છોતરાંફાડ વિવેચન વાંચીને માદામ સારટોન નામની લેખિકાને નર્વસ બ્રેકડાઉન આવી ગયેલો ને જ્ઞાનતંતુઓની બીમારી લાગુ પડી જતાં તે તરત જ ગુજરી ગઈ હતી. આમ પરદેશમાં વિવેચકોને કારણે સર્જકો વહેલા મર્યાના ઐતિહાસિક કિસ્સા નોંધાયા છે, પણ કોઈ કવિ યા લેખકના હાથે વિવેચકની હત્યા થયાનો બનાવ બહાર આવ્યો નથી.

જોકે આપણે ત્યાં વિવેચકને બહુ ગંભીરતાથી લેવામાં આવતો નથી. આપણા રિવાજ પ્રમાણે મોટાભાગે અધ્યાપકો જ વિવેચક તરીકે બહાર પડ્યા છે. તેમના વિવેચન માટે 'અધ્યાપકીય વિવેચન' જેવો ગમ્મતભર્યો શબ્દ ચુનીલાલ મડિયાએ 'કૉઈન' કર્યો છે. આ અધ્યાપકીય વિવેચન અંગે ચન્દ્રકાન્ત બક્ષી કહે છે : 'અધ્યાપકીય વિવેચન કૉલેજના પ્રોફેસરો કરે છે - ગુજરાતીના પ્રોફેસરો ! અત્યારે એ બિચારાઓની હાલત બહુ ખરાબ છે. જેમનું અડધું પાનું વાંચતાં આપણે 'બોર' થઈ જઈએ અને જેમને આપણને 'બોર' કરવા માટે પંદર-વીસ રૂપિયા મળે એનું નામ અધ્યાપકીય વિવેચન. એ કોઈ વાંચતું નથી.'

કોઈપણ ભાષામાં વિવેચક માટે સર્જકનો મત બહુ ઊંચો નથી. કવિ લોર્ડ બાયરન વિવેચકો માટે કહેતો: 'સ્ત્રીને માનજો, કબર પરની ઉક્તિને માનજો, ગમે તે જૂઠમાં વિશ્વાસ કરજો - વિવેચકમાં વિશ્વાસ કરો તે પહેલાં. કેનિથ ટાયટને લખ્યું છે કે 'વિવેચક એ એવો માણસ છે જેને રસ્તાની ખબર છે, પણ કાર ચલાવતાં આવડતું નથી.' અને રશિયન વાર્તાકાર એન્ટન ચેખોવ કહેતો કે ઘોડો તેનું કામ કરે અને મચ્છર કે માખી તેના કાનમાં ગણગણાટ કર્યા કરે, ઘોડો કે હાથી બહુ બહુ તો કાન હલાવે, બાકી તેનાથી વધુ નોંધ લઈ ના શકે, મચ્છરના ગણગણાટથી તે પોતાનું કામ અટકાવી ના શકે.

વિવેચનનો અર્થ લગભગ તો ટીકા જ ગણવામાં આવે છે ને ટીકાકારનો ધર્મ છે ટીકા કરવાનો. ચોથી સદીના શિલ્પી એપેલસને ખબર હતી કે કઈ ટીકાને કેટલું વજન આપવું. તેણે એક સુંદર શિલ્પ બનાવ્યું. તે એક માણસની મૂર્તિ લગભગ પૂરી કરવા તરફ હતો. એટલામાં ત્યાંથી પસાર થતા એક મોચીએ તે શિલ્પના પગના જોડાની સાઈઝની ટીકા કરતાં જણાવ્યું કે જોડાનો આકાર તથા તેની સાઈઝ આવાં ન હોય. મોચીનો એ ધંધો છે એટલે જોડાની વાતમાં તે પાવરધો ગણાય એ વાત એપેલસે માની જોડાનો આકાર ને સાઈઝ સુધારી લીધાં. આથી પેલો કારીગર તાનમાં આવી ગયો. શિલ્પના પગમાંય તેણે ખોડખાંપણ બતાવવા કોશિશ કરી. શિલ્પી માટે આ અસહ્ય હતું. તેણે મોચીને ધમકાવી નાખતાં કહી દીધું: 'બસ, ત્યાં જ અટકી જજે, જૂતાથી આગળ ના વધીશ...'

કેટલીક વાર કલા ખાતર કલાની જેમ લોકો ટીકા ખાતર ટીકા કરતા હોય છે, સામેના માણસને તે વાગી જશે એની પરવા નથી કરતા. હોલીવુડની જાણીતી નટી ઈલિઝાબેથ ટેલરના હાથમાંની કિંમતી હીરાની વીંટી જોઈ પ્રિન્સેસ માર્ગારેટે તેને કહ્યું: 'થોડી વલ્ગર (કઢંગી) લાગે છે.' લીઝે એ વીંટી માર્ગારેટને તેની આંગળી પર પહેરી જોવા વિનંતી કરી. માર્ગારેટે તે પહેરી એટલે લીઝે તેની સામે જોઈ આંખ મીંચકારતાં પ્રશ્ન કર્યો: 'હવે એટલી બધી 'વલ્ગર' નહીં લાગતી હોય, ખરું ને ?'

આ ઈલિઝાબેથ ટેલરનાં ચહેરાની થોડી રેખાઓ નરગીસ સાથે મળતી આવે છે. આ વાક્ય લખતાં નરગીસની એક ફિલ્મ 'મધર ઈન્ડિયા' નું એક દશ્ય યાદ આવે છે, જેમાં સુનીલ દત્ત નરગીસનો પુત્ર બને છે. (આ ફિલ્મ પૂરી થયા બાદ તે નરગીસનો પતિ બની ગએલો). પુત્ર બહુ તોફાની હોય છે. નાનપણથી તે અટકચાળો છે. કૂવે જતી પનિહારીઓની મટકી ફોડી નાખે છે. એ બધી છોકરીઓ એકઠી થઈને આ તોફાની બારકસની માને ફરિયાદ કરવા જાય છે. એક છોકરી કહે છે કે તારા છોકરાએ મારી સાત મટકીઓ ફોડી નાખી. તો બીજીએ કહ્યું કે મારી પાંચ ફોડી નાખી. એ બધી ફરિયાદણોમાં, યુવાનીમાં ડગ માંડતી એક છોકરી શરમાઈને મીઠી ફરિયાદ કરે છે કે 'મેરી તો એક ભી મટકી નહીં ફોડતા.' ટીકાનું ય બરાબર આવું જ છે. કોણ ક્યારે શી ટીકા કરશે એ કહેવું અઘરું છે.

પણ સામાન્ય રીતે લોકો અતિ સામાન્ય માણસની ટીકા નથી કરતા, મોટા માણસોને જ લોક-ટીકાનો લાભ વિશેષ મળતો હોય છે. એ રીતે જોવા જઈએ તો ટીકા એ એક જાતનું 'રેકગ્નિશન' છે, માન્યતા છે, સ્વીકાર છે. મિ. એમ. કે. ગાંધી આફ્રિકામાં રહેતા એક સામાન્ય બેરીસ્ટર હતા ત્યાં સુધી કસ્તુરબહેન સિવાય કોઈ તેમની સામે ધ્યાનથી જોતું પણ નહોતું; પરંતુ મિ. ગાંધીમાંથી ગાંધીજી અને ગાંધીજીમાંથી તે મહાત્મા પદ પામતા ગયા તેમ તેમ તેમના ટીકાકારો વધતા ગયા ને આથી ગાંધીજી વધુ ને વધુ મજબૂત થતા ગયા.

મોટા માણસો, પોતાના પ્રશંસકો કરતાં ટીકાકારો પર વધુ નજર રાખે છે, ટીકાકારોને નજરઅંદાજ કરતા નથી. આપણા બરછટ કવિ બળવંતરાય ઠાકોર એક સવારે જુહૂના દરિયાકિનારે જોગિંગ કરતા હતા ત્યાં એક કોલેજિયન છોકરાએ એ દિવસના અખબાર સાથે તેમની પાસે દોડી જતાં કહ્યું: 'ઠાકોરસાહેબ, આજના છાપામાં તમારા વિશે લેખ આવ્યો છે.' 'વખાણ છે કે નિંદા ?' ઠાકોરસાહેબે દોડતાં દોડતાં સામે પ્રશ્ન કર્યો. 'વખાણ છે.' છોકરાએ માહિતી આપી. 'તો મને તેમાં રસ નથી...' કહી તે આગળ વધી ગયા.

અંગત રીતે મને આ જર્મન કહેવત બહુ ગમે છે : 'શિકારી કૂતરાંઓને બગાઈઓ કરડતી નથી.' એક સર્જકની કૃતિની કોઈ જાહેરમાં કડક આલોચના કરે તો આલોચક, કૃતિનો સર્જક તથા એ ક્ષેત્રના અન્ય થોડા માણસોને તેની જાણ થતી હોય છે, બાકી સામાન્ય વાચકો રિવ્યૂ વાંચતા નથી કે રિવ્યૂની વાત તેમને ખાસ યાદ રહેતી નથી. કોઈ પુસ્તકનું અવલોકન વાંચીને લોકો પુસ્તક ખરીદવા બજારમાં દોડી જતા નથી. કદાચ એટલે જ વધુ ફેલાવાવાળાં અમદાવાદનાં છાપાંઓમાં પુસ્તકોનાં અવલોકનની કોલમો રાખવામાં આવતી નથી.

શેક્સપીઅર, બાલ્ઝાક, સ્ટેન્ધાલ, હેમિંગ્વે, ચેખોવ, વોલ્ટ વ્હીટમેન, ટાગોર અને કનૈયાલાલ મુનશી જેવા જેવા મોટા ગજાના સર્જકો પર માછલાં ધોવાયાં છે, પણ આટલો સમય વીતી ગયો છતાં શેક્સ્પીઅરને કોઈ ભૂંસી શક્યું નથી, તેને ભૂંસવા મથનાર કોણ હતા એનીય પ્રજાને આજે ખબર નથી. વિવેચકોએ સર્જકોના ખભા પર ચડી બેસીને જ સર્જકો કરતાં પોતે મોટા હોવાનો ભ્રમ ઊભો કરવા પ્રયાસ કર્યો છે - આજે ય તે ચાલુ છે. આના સંદર્ભમાં ઈમર્સને કહ્યું છે કે 'No man can be criticised but by a greater than he. Do not then read the reviews....' યાદ રહે, શેક્સ્પીઅરના ગામ સ્ટ્રેટફર્ડમાં એક પણ વિવેચકનું બાવલું નથી ! □

અનુસંધાન] વિદ્રધિ - ગડગૂમડ [પૃ. ૫૭૯ પરથી

કરવાથી ગૂમડાં બેસી જાય છે. (૫) સરગવાની છાલ ઘસીને ચોપડવાથી ગૂમડું બેસી જાય છે. (૬) આવળનાં લીલાં પાન વાટીને ગૂમડા પર મૂકીને પાટો બાંધવાથી ગૂમડું નરમ પડી જાય છે અને પીડા મટે છે. (૭) શંખાવળીના પાન વાટી, તેની થેપલી કરી, ગડગૂમડ ઉપર મૂકી પાટો બાંધવાથી ફાયદો થાય છે. (૮) અઘેડાનાં પાનને વાટીને ગડગૂમડ ઉપર ચોપડવાથી ફાયદો થાય છે. (૯) સાટોડીનાં પાનની પોટીસ ગડગૂમડ ઉપર બાંધવાથી ફાયદો થાય છે.

વિરેચન, લેપ, બાફ કે શેક અને રુધિરસ્રાવણ અપક્વ વિદ્રધિમાં પથ્ય છે. જૂનો સામો, જૂના ચોખા, કળથી, લસણ, રાતો સરગવો, વાલ, કારેલાં, સાટડીની ભાજી, ગરમ કરીને ઠંડું કરેલું પાણી અને સોજાનાં સર્વ પથ્યો અપક્વ ગાંઠ-ગૂમડાંમાં પથ્ય છે. સોજો જ્યારે પક્વ અવસ્થામાં આવ્યો હોય ત્યારે ચીરો, જૂની ડાંગરના ચોખા, ઘી,તેલ, મગનું ઓસામણ, રાબ, કેળાં, પરવળ, કપૂર, ચંદન, ગરમ કરીને ઠંડું કરેલું પાણી અને વ્રણનાં સર્વ પથ્યો પથ્ય છે.

લૂખા-રૂક્ષ પદાર્થો, લોટ-મેંદાના પદાર્થો, ગરમ અને ખાટા પદાર્થો, ગુરુ-પચવામાં ભારે-પદાર્થો, વિરુદ્ધ આહાર, મીઠું, મદ્ય, દૂધ, ગોળ, વધુ પડતું જળપાન, શ્રમ, સ્ત્રીસંગ, જાગરણ, દિવસની ઊંઘ, શાકભાજી અને પાનબીડાં વિદ્રધિ-ગાંઠ-ગડગૂમડમાં અપથ્ય છે. □



રોમનગરનું વિહંગદૃશ્ય. તેમાં મધ્યમાં નીચે સેન્ટ પોલનું વિખ્યાત દેવળ, ડાબી બાજુ વેટિકન અને મથાળે ટાઈબર નદી.

ભૂમધ્યને બે કાંઠે

પ્રીતિ સેનગુપ્તાની પ્રવાસગાથા-૫

વેટિકન નગરીમાં

વર્ષો પહેલાં ગયેલી, પણ હજી યાદ હતું કે વેટિકન (Vatican) કેવું દેખાતું હશે. ને એવું જ હતું એ જાજ્વલ્યમાન ધર્મભવન: ઊંચા સ્તંભ-યુક્ત માળ, શિલ્પોથી સુશોભિત, ગભીરોજજ્વ ઘુમ્મટ, ને અંદર જવા માટેનાં લાંબાં પગથિયાંની હાર. હજી એવું જ હતું, વેટિકનનો પર્યાય બની ગયેલું, રોમનું સંત પીટરનું મહાદેવળ. જોઈને સ્થપતિ પ્રત્યે પ્રેમાદર થાય તેવું. દુનિયાનું મોટામાં મોટું ૬૦,૦૦૦ જાત્રાળુઓ સમાઈ શકે તેવડું આ વિશાળ દેવળ છે.

આજે તેનું જે સ્વરૂપ છે તે બંધાતાં સવા સો ઉપર વર્ષ થયાં હતાં. ૧૬૧૫માં એ બંધાઈ રહ્યું, અને ૧૬૨૬માં દેવળ તરીકે એનું સ્થાપન થયું. એમાં સૌથી પહેલું ચિત્રણ બ્રામાન્તેએ કર્યું, પણ એનો ઘુમ્મટ અને ગ્રીસ ક્રોસ જેવો દેવળનો બૃહદાકાર માઈકલ એન્જેલોનાં કલ્પના અને શ્રમને લીધે સિધ્ધ થયા છે. સોળ વર્ષ સુધી એણે 'કેવળ ઈશ્વર પ્રત્યેના પ્રેમ અને શ્રધ્ધાને ખાતર' આ ધર્મસ્થાન પાછળ કશા વેતન વગર મહેનત કરી. ત્રીજા સ્થપતિ, માદેર્નોએ એના બહારના ભાગની લેટિન ક્રોસના આકારે રચના કરી.

સંત પીટરની આ બસિલિકા અંદરથી એટલી સૌંદર્યમંડિત અને કળાસ્પંદિત છે કે ભાવવિભોર થઈ જ જવાય. રંગીન સંગેમરમરની ફર્શ, શ્વેત સ્તંભ, બારીક કારીગીરી, સોનેરી દીપાધાર, અંધારા-અજવાળાનો આશ્લેષ અને મહામૂલ્ય શિલ્પ-નિર્માણ. એમાંય પ્રાર્થના કે લેટિન મંત્રોચ્ચાર થતા હોય ત્યારે આંખો મીંચીને કોણ દેવ-સ્મરણ ના કરે ?

આ મહોચ્ચ દેવળ વર્ષો પહેલાં હતું તેવું જ હોવા છતાં મને પહેલાં કરતાં વધારે કલુષિત લાગ્યું. આગળના ચોકના અતિપુષ્ટ સ્તંભ-સ્થાપનોની આસપાસ ૬૦-૭૦ પ્રવાસી-બસો ઊભી હતી, પેલાં લાંબાં પહોળાં પગથિયાં પર લાકડાની ઘોડીઓ મૂકીને રોકાણ કરાયું હતું, ને રાજમુકુટ જેવો ઘુમ્મટ પણ ગંદો લાગતો હતો. મારી સ્મૃતિમાં એ વધારે સ્વચ્છ અને પ્રકાશિત હતો

- આખા રોમની જેમ. ક્યાં તો ખરેખર રોમ એવું હતું, અથવા હું ત્યારે કમસિન અને સંમોહિત હતી.

પ્રવેશતાંની સાથે હું જમણી તરફ ગઈ - 'પિએતા'નું શિલ્પ જોવા. થોડાં વર્ષો પહેલાં એક ગાંડા, મૂર્ખ, ક્રુદ્ધ, કંટાળેલા માણસે આ અપ્રિતમ કળારત્નને કુહાડીના ઘાથી ખૂબ નુકસાન કરેલું. પહેલી વાર ગઈ ત્યારે એ શિલ્પને ખસેડી લેવામાં આવ્યું હતું, ને એને નહીં જોયાનો વસવસો વર્ષોથી મનમાં રહ્યો હતો. તેથી જ આ વખતે સૌથી પહેલાં એને જોવું હતું. બાવીસ જ વર્ષની ઉંમરના માઈકલ એન્જેલોએ ૧૪૯૯માં સફેદ આરસમાંથી એને કંડાર્યું, ને ત્યારથી એ અમર બની ગયું છે. નતમુખ માતા મેરીએ બે હાથથી ઇશુના પીડિત દેહને ખોળામાં આધાર આપ્યો છે, મુખ પર અપાર કરુણા છે. વેદના અને દયાનો મૂર્તિમંત આ ભાવ તે 'પિએતા' નો નિષ્કર્ષ છે. માતા પાસેથી તો સાંત્વના અને શાંતિ જ મળે ને ? પણ આ પરમ કરુણામયી માતા છે, અને આવા ઇશ્વરીય પુત્રને છીનવી લેનાર પ્રત્યે પણ એના હૃદયમાં અને આંખોમાં અનુકંપા જ અનુકંપા છે.

આ શિલ્પ કોઈ પણ ધર્મથી પર છે, કારણકે ખરેખર એ ચરમ પ્રેમનું પ્રતીક છે. એ જેટલું સુંદર છે તેટલું શ્રધ્ધેય છે, જેટલું આદરપાત્ર છે તેટલું પ્રશંસનીય છે. એમાં કળા-કૌશલ્ય વધારે છે કે એક કળાકારની ધર્મપ્રીતિ ? કોઈપણ અતુલ્ય કળાકૃતિમાં કળા અને શ્રધ્ધાનો ઉદાત્ત સમન્વય હોય છે તેનું આ સ્પષ્ટ ઉદાહરણ છે.

પેલા ખંડિત અંશોને એટલી સરસ અને સફળ રીતે સાંધી દેવામાં આવ્યા છે કે ખબર પણ ના પડે કે એ ક્યાં તૂટ્યું હતું. પણ હવે આ નિર્માણની આસપાસ તોડી ના શકાય તેવા કાચની દીવાલો કરી દેવાઈ છે, જેથી કોઈ હાથ તો ના જ અડાડી શકે, પણ પાસેથી જોઈ પણ ના શકે. છતાં, જીવનની અંદરની બધી વેદનાના સંકેતરૂપ આ શિલ્પરત્ન સંત પીટરની બસિલિકામાં જવાના મુખ્ય કારણ સમાન છે.

વૅટિકન લગભગ ૧૧૦ એકરનો વિસ્તાર છે, 'શહેરની અંદરનું રાજ્ય' છે. એક જમાનામાં રોમમાં ધર્મ અને રાજકારણ સમાંતર હતાં, ક્યારેક તો એકરૂપ હતાં. એ 'પુણ્યશીલ મહારાજ્ય' - Holy Roman Empire - તરીકે ઓળખાતું. ખ્રિસ્તી ધર્મગુરુઓ રાજાઓ કરતાં વધારે સત્તા ધરાવતા. અગ્રગણ્ય, ધનવાન કુટુંબોના સદસ્યો પણ ધર્મપદ પર નિમાતા, ને તેથી તે કુટુંબો ધાર્યું કરી શકતાં.

વૅટિકનના અધિષ્ઠાતાને 'પોપ' (Pope) કહે છે, જે દુનિયાના કરોડો (૭૦ થી ૮૫ કરોડની ગણતરી છે) ખ્રિસ્તીઓના ઉચ્ચતમ ધર્મગુરુ છે. મુસોલિની અને હિટલરના સમય પછી વૅટિકન ઇટાલીના રાજકારણથી દૂર થતું ગયું. એ, કોઈ એક નાના ગામની જેમ, પોતાની જરૂરિયાતો માટે રોમ પર નિર્ભર નથી. હજાર જેટલાં એના રહેવાસીઓ છે. ત્યાં છાપું નીકળે છે, ટપાલ-ટિકિટો છપાય છે, ત્યાંના રેડિયો-સ્ટેશન પરથી ત્રીસ ભાષામાં દુનિયાભરમાં સંદેશા જાય છે, સિક્કા બનાવાય છે; ટ્રેન-સ્ટેશન, પાવર-પ્લાન્ટ, દીવાલથી એનો વિસ્તાર રોમની મધ્યે રહેલા એક ભૂમિગત ટાપુ જેવો છે.

વૅટિકનના બગીચામાં જન-સાધારણને મુક્ત ફરવાની છૂટ નથી, પણ ૧૪૦૦ ઓરડાઓમાં ફેલાયેલા એનાં સંગ્રહાલયોમાં પ્રવેશ-મૂલ્ય આપીને જઈ શકાય છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી વૅટિકન ખોટમાં જાય છે. ત્યાંની દુકાનોમાંનાં પોસ્ટકાર્ડ અને ટિકિટો - જે ત્યાંની પોસ્ટ ઑફિસમાં જ ટપાલમાં નાખવાં પડે - તથા આ પ્રવેશ-મૂલ્યોથી એને થોડી આવક થાય છે. હું ગઈ ત્યારે વળી વિશ્વ પ્રવાસી દિન હોઈ તે નિમિત્તે વિનામૂલ્યે અંદર જઈ શકાયું. પ્રવેશ-ફી વધીને ૮,૦૦૦ લિરા (લગભગ સો રૂપિયા) થઈ છે.

એક પછી એક ઓરડાઓ, મહાન ચિત્રકારો અને શિલ્પીઓનાં સર્જન. રાફાએલ, ફ્રા આન્જેલિકો, પિન્તુરિક્કિઓ, ફિલિપ્પો લિપ્પિ વગેરે વગેરે, અને સૌથી ખ્યાતનામ માઈકલ એન્જેલો. આ કળાખંડો સાડા ચાર માઈલ જેટલા વિસ્તારમાં આવેલા છે, અને ઇજિપ્ત, ગ્રીસ, ખ્રિસ્તી ધર્મ-વિષયક ઇત્યાદિ અનેકવિધ સામગ્રીઓ પ્રદર્શિત કરે છે. ચિત્રો, શિલ્પો, છતો, દીવાલો, ઉપર-નીચે, ચારે બાજુ જોતાં જઈએ, ને થાય; 'આ બધું શબ્દોથી પર છે, દુનિયાથી પર છે; આ કળાકારો - શું સમર્પણ, શું નૈપુણ્ય - ખરેખર જીવી ગયા છે એ બધા.'

આ બધામાં પણ ઉત્તમોત્તમ તે સિસ્ટીન (Sistine) પ્રાર્થનાગૃહ. ૧૪૭૩ માં પોપ સિકસ્ટસ ચતુર્થના આમંત્રણથી કલાકારોએ એની દીવાલો પર કામ શરૂ કરેલું. ૧૫૦૮માં પોપ જુલીઅસ દ્વિતીયના સૂચન પ્રમાણે માઈકલ એન્જલોએ ૧૦,૦૦૦ ચોરસ ફીટની એની છત પર કામ આરંભ્યું. એકલા હાથે ચાર વર્ષ માનસિક અને શારીરિક હેરાનગતિ વેઠીને એણે છત પર ચિત્રકામ કર્યું. આ વિખ્યાત છત અને ધ લાસ્ટ જજમેન્ટ નામના ચિત્રમાં એણે ઇશુના જીવનના પ્રસંગો નિરૂપ્યા છે. છતનાં અંકનોમાંથી જાણે માણસજાતની કથા સ્પષ્ટ થાય છે. એ કલ્પન, એ વિધાન, એમાંથી સાકાર થતા ભાવાર્થ અને મનોવિચાર આપણને સ્તબ્ધ કરી દે છે. ડોક ઊંચી કરીને આ અદ્‌ભુત ઉપસ્થિતિને નિરખ્યાં જ કરીએ. જો સૂઈને જોઈ શકાય તો ડોકને આટલું કષ્ટ ના પડે.

વર્ષોની ધૂળ, મશાલની મેશ અને ઉપેક્ષાને કારણે આ રંગો થોડા ગંદા થઈ ગયા છે. છત અને એ ચિત્રને સાફ કરવાનું કામ અત્યારે ચાલી રહ્યું છે. ધીરેધીરે સંભાળ અને સાવધાનીપૂર્વક, એ હજી બીજાં બે વર્ષ ચાલશે. એનો ખર્ચ જાપાનની ટેલિવિઝન કંપનીઓ તરફથી અપાઈ રહ્યો છે. દુનિયાના બધા કળા-પ્રેમીઓ પરનો આ ઉપકાર છે.

રોમમાં જ એટલું બધું જોવાનું છે કે ક્યારેક થાય છે ત્યાં જ મહિનો પસાર કરવો જોઈતો હતો; તો ક્યારેક વિચારું છું કે બહુ થયું રોમથી, ફરી ત્યાં જાઉં જ નહીં.

રોમની એ પહેલી સવારે તો જોકે વૅટિકનની યાત્રા જ કરવાની હતી. મને ખબર હતી કે દર અઠવાડિયે એકવાર પોપ જાહેર જનતાને દર્શન આપે છે. આ વખતે આગળ બેસવા મળે તે માટે મેં પહેલેથી વૅટિકનને કાગળ લખ્યો હતો. ત્યાં પહોંચીને એક નજર એ અટારી પર કરી જ્યાંથી ઉત્સવ દરમ્યાન પોપ નીચે ઊભેલી મેદનીને દર્શન આપે છે. ત્યાંના ખાસ, પોપના દ્વારપાળને પૂછતાં જાણ્યું કે એ જ સમયે પોપ એક વિશેષ પ્રાર્થનામાં હાજરી આપવા બસિલિકામાં આવવાના હતા. બસ, પછી રાહ શાની ?

અંદર જઈ, 'પિએતા'ને જોઈ હું એક દીવાલ પરની નાની પાળી ઉપર ચડી ગઈ. પ્રાર્થના ચાલતી હતી. અચાનક જોયું તો પોપ પોતે આવી રહ્યા હતા. શ્વેત વસ્ત્રધારી, સ્મિતાવૃત્ત, સદય, પૂજનીય ધર્મગુરુ. બસો વાર જેટલે દૂર હશે. કશો પ્રયત્ન કર્યા વગર આટલે પાસેથી દર્શન કરવા પામી રહી હતી. એ ભાગ્ય જ હતું. આનંદ અને શ્રદ્ધાનો ડૂમો ભરાઈ રહ્યો હતો. વર્ષો પહેલાં પણ એમને જોવા, એમનો સંદેશ સાંભળવા ગઈ હતી ત્યારે અતિવૃદ્ધ પોલ પોપ હતા, અત્યારે જહૉન પોલ દ્વિતીયને નજરે જોયા. એમનું વ્યક્તિત્વ ઘણું મૃદુ અને માનવીય છે.

ઇટાલીમાં પહોંચીને જ આ કૃપાને પાત્ર થઈ હતી, પછી કેમ સફળ ના થાય એ આખો પ્રવાસ? (ક્રમશઃ)

વેટિકન સિટી

એ નું પૂરું નામ તો છે 'સ્ટેટ ઓફ વેટિકન સિટી.' રોમનગરની વચ્ચે ટાઈબર નદીના જમણા કાંઠે ચોપાસ ગઢવાળો, દુનિયાભરમાં નાનામાં નાનો - માત્ર ૧૦૯ એકર (૦.૧૭ ચો.મા.) નું ક્ષેત્રફળ ધરાવતો - આ દેશ રોમન કેથોલિક ધર્મનું શાસનકેન્દ્ર છે. આ ધર્મના સર્વોચ્ચ વડા શાસક નામદાર પોપ અહીં વસે છે. એમનો આવાસ જે ટેકરી ઉપર છે તે ટેકરીના નામ પરથી 'વેટિકન' કહેવાય છે, અને એ 'વેટિકન'ના નામ પરથી આ 'વેટિકન સિટી' નામ આવ્યું છે.

ઇ. ૧૮૭૦ પૂર્વે ઇટાલીના રાજ્યશાસનમાં પોપનું ઘણું વર્ચસ રહેતું હતું. આથી રાજસત્તા અને પોપની ધર્મસત્તા અંગે અવારનવાર અનેક પ્રશ્નો ઊભા થતા રહેતા. મધ્ય ઇટાલીના મોટા વિસ્તાર પર પોપની સત્તા હતી. ૧૮૭૦માં ઇટાલીના શાસકોએ પોપના એ રાજ્યને કબજે કરી તેને ઇટાલીના સામ્રાજ્યમાં જોડી દીધું. ૧૮૭૧માં ઇટાલીની સરકારે પોપના હોદ્દા અંગે કેટલીક બાંહેધરીઓ આપી, પણ પોપ પાયસ નવમા તથા તેમના અનુગામીઓએ એ બાંહેધરીઓનો અસ્વીકાર કર્યો હતો. એ સ્થિતિમાં તેઓ પોતાને વેટિકનમાં કેદીઓ જેવા માનતા હતા. અંતે ૧૯૨૯માં થએલી એક સમજુતી અનુસાર વેટિકન સિટીને એક સ્વતંત્ર શાસન તરીકેની માન્યતા મળી, અને આર્થિક બાંહેધરી સાથે તેનો પવિત્ર ધર્મગાદી તરીકે સ્વીકાર થયો. વેટિકન સિટીના સીમાબધ્ધ વિસ્તાર ઉપરાંત રોમનગરમાં ૧૩ સ્થાનો તથા પોપના ઉનાળુ આવાસ કેસલ ગેન્ડોલ્ફો પર તેનું શાસન છે.

વેટિકન સિટીમાં લગભગ ૭૦૦૦ ખંડવાળા પોપના આવાસ 'વેટિકન પેલેસ' અને સેન્ટ પીટરનું દેવળ મુખ્ય આકર્ષણો છે. આ દેવળ દુનિયાભરનું મોટામાં મોટું ખ્રિસ્તી દેવળ છે. પોપની તાજપોશી અહીં કરવામાં આવે છે. આની સાથે સંકળાયેલા સિસ્ટાઈન ચેપલમાં ઇટાલીના મહાન કલાકાર માઈકલ એન્જલોએ કરેલાં ભીંતચિત્રો જગતભરમાં વિખ્યાત છે. સેન્ટ પીટર્સની દક્ષિણે અનેક પ્રાર્થનામંદિરો, દફતરો અને આવાસો છે. દેવળની પશ્ચિમે થોડે દૂર વેધશાળા છે. દેવળની વાયવ્યે એક વિશાળ બાગ છે. દેવળની સામે વેટિકન સિટીની પૂર્વસીમા સુધી પહોંચતો વિશાળ ચોક પિઆત્ઝા ઑફ સેન્ટ પીટર નામે જાણીતો છે. વેટિકન પેલેસની પૂર્વમાં ત્યાંના 'સ્વિસ ગાર્ડ્સ'ના આવાસો, તથા ઉત્તર બાજુ બેલ્વેડિઅર અને સંગ્રહાલય તથા ગ્રંથાલય છે. અહીંનો કલાસંગ્રહ પણ અતિ ઉત્તમ છે તેમજ અહીંના ગ્રંથાલયમાં ૩૪૦૦૦ હસ્તલિખિત ગ્રંથો અને ૨૫૦૦૦૦ ઉપરાંત છપાયેલાં પુસ્તકો છે.

સ્વતંત્ર દેશ તરીકે વેટિકન સિટીનો પીળા અને સફેદ બે ઊભા ભાગવાળો રાષ્ટ્રધ્વજ છે, જેમાં સફેદ ભાગમાં પોપના મુગટ તથા સેન્ટ પીટરની ચાવીઓવાળી સંજ્ઞા અંકિત છે. સ્વીસ ગાર્ડ્સ તરીકે ઓળખાતું ૧૨૦ સૈનિકોનું એનું પોતાનું સૈન્ય છે. અર્ધો માઈલ લાંબી પોતાની રેલવે અને એનું સ્ટેશન છે. પોતાનું જ એક રેડિયા સ્ટેશન અને એક વર્તમાનપત્ર પણ છે. પોતાની જ ટપાલ ટિકિટો એ છાપે છે અને પોતાના સિક્કાનો પણ તેને અધિકાર છે. જોકે ઇટાલિયન લિરાનું ચલણ પણ ત્યાં ચાલે છે. લેટિન અને ઇટાલિયન ભાષાના ચલણ સાથે સો ટકા સાક્ષરતા ધરાવતા વેટિકન સિટીમાં ૧૪ જેટલી કોલેજ-યુનિવર્સિટી છે. વસતિ એકાદ હજાર જેટલી, પરંતુ વાર-તહેવારે આવતા સહેલાણીઓ અને યાત્રાળુઓની સંખ્યા એનાથી યે વધી જાય છે. પોપે નીમેલા ધર્માધિકારી સમિતિના પ્રમુખ દ્વારા આ ધર્મોપદેશક રાજ્યનો વહીવટ ચાલે છે. - સં. □

લઘુકથા ચાકડો

ભગીરથ બ્રહ્મભટ્ટ

શંભુ અમારા ગામનો કુંભાર. ભગવાનનો માણસ. આજે મને સાંભરી આવ્યો. વરસોથી એ માટલાં ઘડે, પેઢી-દર-પેઢીથી એ ધંધો એને વારસામાં મળેલો : માટી ખૂંદવી, ચાકડે ચઢાવવી એને નવા નવા ઘાટ આપવા, એના હાથમાં જ બ્રહ્માપણું ઊતરી આવેલું જાણે ! ગજબની સ્ફૂર્તિ અને નિષ્ઠા એના કામમાં દેખાઈ આવતાં હતાં. નાનકડો ઘડો, કોડિયું, તાવડી, નળિયાં કે મોટો ઘડો એના હાથે અભિનવ સ્વરૂપ ધારણ કરતાં હતાં. દીવાળીના દિવસોમાં એનાં કોડિયાં આખા વર્ષનું હાસ્ય ધારણ કરતાં હતાં. હવે તે સ્થાન મીણબત્તીએ લઈ લીધું છે.

ગામમાં લગ્નપ્રસંગે કે વારતહેવારે તેનુંય આગવું મૂલ્ય હતું. તે ઘરાકોને સાચવે, ને ગામ તેને. આવા વસવાયાપણાનો એવો આદર થતો, ને કામની કદર થતી. પરિણામે તે ખુશ રહેતો.

મારા ઘર સાથે તેનાં ઘરનાંને ઘરોબો. એક દિવસ શંભુ મારી પાસે આવ્યો, 'સાયેબ, ગમે તે થાય હવે મારા મગનીયાને મારે નોકરીએ મેલી દેવો છે, મારે ઇને ગામમાં માટીનો ધંધો કરાબ્બો નથી.'

'કેમ ?' મેં પૂછ્યું

'સાયેબ, હવે આમાં કાંઈ કેવા જેવું રયું નથી, હૌ ઘર ઘરના થૈ જ્યા, મું કોણ તું કોણનો વેપાર થૈ જ્યો, પેલાં તો માટલીના હુલ્લો ભરીને દોણા મળતા, હવે તો સાયેબ હલકી પાતળી નોકરી હોધી આલજો હોં !'

હું શંભુની શિથિલતાને નીરખી રહ્યો. એક વિલાતી જીવનવેલને નિહાળી રહ્યો.

થોડાંક વર્ષો પછી શંભુ મળ્યો. ત્યારે તો મગને લગન પણ કરી લીધેલાં. અલગ થઈ ગએલો. શંભુ માથે દેવાનો ઢગ. એ પોતે હાડકાંનો માળો થઈ ગયેલો.

મેં સ્ફૂર્તિલા શંભુને સહજ પૂછ્યું, 'આ શું થઈ ગયું ?' ત્યારે ભીની આંખે શિથિલ થઈ કહ્યું, 'સાયેબ' ચાકડો અવળો ફર્યો, બીજું શું ?' □

અંગ્રેજી સાહિત્યનું આચમન

ડૉ. મધુસૂદન પારેખ

જોનાથન સ્વિફ્ટ (ચાલુ)

'એ ટેઈલ ઓફ એ ટબ'માં સ્વિફ્ટ તાતા કટાક્ષકાર તરીકે પ્રતીત થાય છે. એની પ્રકૃતિમાં જ કંઈક એવું તત્ત્વ હતું કે તે વિરોધાભાસ, દંભ, અસંગતિ, વિકૃતિ જોતાં જ પુણ્યપ્રકોપથી ઊછળી ઊઠતો, એનું ઝનૂન સીમા વટાવી જાત. માણસ, એક વ્યક્તિ તરીકે તેને ગમતો, પણ માણસજાત પ્રત્યે તો તેને નફરત જ હતી. કવિ પોપને તેણે એક પત્રમાં લખ્યું હતું : 'I have ever hated all nations, professions and communities; and all my love is towards individuals...But principally I hate and detest that animal called man.'

સ્વભાવની દષ્ટિએ એના તમામ સમકાલીનોથી એ વિરુદ્ધ દિશામાં હતો. એના પ્રાકૃતિક બંધારણમાં જ કંઈક એવી અવ્યવસ્થા હતી; અને મગજની બીમારીએ તેની બૌદ્ધિક શક્તિને પાછલી વયમાં સાવ ધૂંધળી કરી નાખી હતી. લગભગ જીવનભર એ જંગાલિયત ભર્યા રોષપૂર્વક જ વર્તતો રહ્યો હતો અને કરડા કટાક્ષ વિના એના અજંપા શમે તેવા નહોતા.

તેમ છતાં આવા એક નિષ્ઠુર, ઝનૂની કટાક્ષકાર પાસેથી પણ ક્યારેક ચિત્તને પ્રસન્ન કરે તેવી પ્રસાદી મળી આવે છે. એણે 'ધ બેટલ ઓફ ધ બુક્સ' અને 'એ ટેઈલ ઑફ એ ટબ' ઈ. ૧૭૦૪માં એના આશ્રયદાતા ટેમ્પલની વિચારધારાને સમર્થન આપવા પ્રસિદ્ધ કરી; પણ એની પૂર્વે પાંચ-છ વર્ષ પહેલાં ટેમ્પલને છોડીને એ આયર્લેન્ડ, લૉર્ડ બર્કલે (Lord Berkley)ની (ઈ. ૧૬૯૯) સેવામાં જોડાયો હતો. સ્વિફ્ટની એક પ્રેયસી, સુપ્રસિદ્ધ સ્ટેલા પણ તેને ત્યાં જ મળી હતી.



લૉર્ડ બર્કલેના પરિવારમાં તે સહુનો માનીતો બની ગયો હતો. એમાં સ્ત્રી-પરિવારને બે ઘડી મનોરંજન પૂરું પાડવા એ નાનકડી રચનાઓ પણ ગદ્યમાં, પદ્યમાં કરી હતી. એની હળવી કૃતિનો, વિનોદવૃત્તિનો ... નો પરિચય એની એક લઘુ ગદ્ય રચના - 'મેડિટેશન અપૉન એ બ્રૂમસ્ટિક' (Meditation upo a Broomstick) માં મળી રહે છે. સાવરણી પર એણે એ હળવી કૃતિમાં સુંદર માર્મિક ચિંતન કર્યું છે. સાવરણી એના પૂર્વકાળમાં જંગલમાં કેવા વૃક્ષ સ્વરૂપે હતી - સરસ મઝાનાં પાંદડાં, શાખાઓ હતી પણ અળવીતરી માણસજાતે એના પાંદડાં ખેંચી કાઢી, એની સળીઓને એકઠી કરીને બાંધી દીધી - એના અસલ રૂપને શીર્ષાસન કરાવી દીધું ! 'Tis now at best but the reverse of what it was, a tree turned upside down, the branches on the earth and the root in the air.'

સાવરણી વિશે આમ ચિંતન કરતાં સ્વિફ્ટ તરત જ એના વિચારને વળાંક આપે છે - માણસમાત્ર પણ સાવરણી જેવો નથી ? કુદરતે એને કેવો મઝાનો ઘડીને પૃથ્વી પર મોકલ્યો હતો, પણ એ સૌષ્ઠવ જાળવવાને બદલે ફૅશનની ફિશિયારીમાં ફસાઈને પોતાની જાતના કેવા હાલહવાલ કરી મૂક્યા.

'Surely mortal man is a broomstic. Nature sent him into the world strong and lusty, in a thriving condition, wearing his own hair on his head, the proper branches of this reasoning vegetable, till the axe of intemperace has lopped off his green boughs and left him a withered trunk. He than flies to art and puts on a periwig, valuing himself upon an unnatural bundle of hairs, all covered with powder, that never grew on his head.'

કટાક્ષકાર તરીકે સ્વિફ્ટની આ ધાર એ પછીની કૃતિમાં ઉગ્રતર-તમ બને છે.

આયર્લૅન્ડમાં સ્વિફ્ટને બહુ ફાવ્યું નહિ એટલે એણે વળી ઈંગ્લૅન્ડમાં વસવાટ કર્યો. એડિસન અને એવા કેટલાક વ્હિગ પક્ષનાને મિત્રો બનાવ્યા. ધાર્મિક ચોપાનિયાં લખ્યાં; પણ જે લાભ ખાટવાની એની અપેક્ષાઓ હતી તે ફળી નહિ. એને વ્હિગપક્ષ સાથે ફાવ્યું નહિ એટલે ટોરી પક્ષમાં જોડાયો. રાણી એનના રાજ્ય-અમલનો એ સમય હતો. અને એના દરબારના વિદ્વાનો સાથે એનો મૈત્રીસંબંધ સ્થપાયો, દઢ બન્યો. રાણી એનને રીઝવવા તેણે કેટલાંક રાજકીય ચોપાનિયાં પણ લખ્યાં. પરંતુ રાણી એનને ખુદને 'એ ટેઈલ ઑફ એ ટબ'ના લેખક પ્રત્યે શંકાઓ હતી. એટલે કોઈ પ્રતિષ્ઠિત મોભો તેને મળ્યો નહિ. અને રાણી એન ૧૭૧૪માં મૃત્યુ પામી તે સાથે ટોરી પક્ષનું પણ ગ્રહણ થઈ ગયું. જ્યૉર્જ પહેલાના રાજ્યારોહણ સાથે ફરી વ્હિગપક્ષનું વર્ચસ સ્થપાયું. ચર્ચમાં ઊંચો હોદ્દો પ્રાપ્ત કરવાની તેની આકાંક્ષાઓ ધૂળમાં મળી.

એ ઘોર નિરાશા સાથે, માણસજાત પ્રત્યે ભારોભાર દ્વેષ હૃદયમાં ભરીને આયર્લૅન્ડ પાછા ફર્યા. આયર્લૅન્ડના લોકો પ્રત્યે ય તેને તિરસ્કાર હતો; તેમ છતાં લોકોની આર્થિક દુર્દશા જોઈ તે હલી ઊઠ્યો અને ઈંગ્લૅન્ડના રાજતંત્ર

સામે, લોકની બદહાલત કરવા બદલ તેણે 'ડ્રેપિયર્સ લેટર્સ'. (૧૭૨૪) દ્વારા આકરા પ્રહાર કર્યા અને ઇંગ્લેન્ડના શાસન સામે લોકમત જાગ્રત કર્યો. આયર્લૅન્ડમાં તે 'હીરો' બની ગયો. આયર્લૅન્ડ પર ઇંગ્લેન્ડના શાસનના જુલમ સામે તેણે પ્રબળ કટાક્ષયુક્ત 'એ મોડેસ્ટ પ્રપોઝલ' (૧૭૨૭) ચોપાનિયું પ્રકાશિત કર્યું. આયર્લૅન્ડમાં બાળકો પશુથી પણ બદતર જીવન જીવતાં હતાં. ઇંગ્લૅન્ડની ધુરા હેઠળ આયર્લૅન્ડમાં ગરીબાઈની કોઈ સીમા રહી ન હતી. જ્યાં ને ત્યાં કંગાલિયત અને ભૂખમરો જ નજરે ચડતાં હતાં. બાળકોની વસતી વધતી જતી હતી. એમની દુર્દશા દીઠી જાય તેવી ન હતી.

સ્વિફ્ટ પોતાના અંતરના જ્વાળામુખીને બરાબર ઢાંકી રાખીને તટસ્થતાનું મહોરું પહેરીને અંગ્રેજી રાજ્ય-અમલ પાસે એક નમ્ર માગણી (Modest Proposal) કરતો હોય તે રીતે કહે છે કે આ દેશમાં (આયર્લૅન્ડમાં) પ્રવાસે આવનારને રસ્તા પર ભિખારણોનાં ટોળાનું દૃશ્ય ગમગીન કરી મૂકશે. ચાર પાંચ કે છ બાળકો સાથે ભિખારણ રસ્તામાં રખડતી, ભીખ માગતી હોય છે. એટલે આવાં બાળકોની વધતી જતી વસતીનો નિકાલ કરવા માટે તેમને જરાં તાજાં માજાં કરીને ઇંગ્લૅન્ડમાં અમીર-ઉમરાવ કે ધનિકવર્ગની પાર્ટીઓમાં તેમનાં હાડમાંસ ખોરાક તરીકે પીરસવામાં આવે તો એ લોકોને મઝાનું ખાણું મળી રહે !

'A child will make two dishes at an entertainment for friends, and when the family dines alone, the fore or hind quarter will make a reasonable dish, and seasoned with a little pepper or salt will be very good, boiled on the fourth day, especially in winter.'

કોઈ સાવ તટસ્થ માણસની રીતે, ગાંભીર્યને જરા પણ અળપાયા દીધા વિના ઠંડે કલેજે બાળકો કેવી સ્વાદિષ્ટ વાનગી બની શકે અને વિના લગ્ને પેદા થયેલાં આવાં હજારો બાળકોની સમસ્યા કેવી સરસ રીતે ઊકલી શકે તેનો વિગતવાર ખ્યાલ તે આપે છે. આયર્લૅન્ડમાં મરવાને વાંકે જીવતાં આવાં બાળકો અને પશુઓ વચ્ચે કોઈ ભેદ જ રહ્યો નથી. એ કારમો કટાક્ષ ગોપિત જ રહે છે. સ્વિફ્ટની તીક્ષ્ણ કટાક્ષકલાનો પરચો આ ચોપાનિયામાં બરાબર થાય છે. પણ એમાં માત્ર ઠંડા ક્રૂર કટાક્ષ જ નથી. એની સાથે સમભાવનું, સહાનુભૂતિનું વિલક્ષણ મિશ્રણ પણ છે.

સ્વિફ્ટનાં અન્ય સંખ્યાબંધ લખાણોમાં એની કાતિલ કટાક્ષવૃત્તિનો પરચો મળી શકે; વાચક સમસમી જાય, દિગ્મૂઢ થઈ જાય, એની કલા જોઈ ચકિત થઈ જાય એવી તીવ્રતા એના કટાક્ષમાં છે. તેમ છતાં સ્વિફ્ટને વિશ્વના એક મહાન કટાક્ષકાર તરીકે સ્થાપિત કરનાર કૃતિ તો તેની 'ગલિવર્સ ટ્રાવેલ્સ' - ૧૭૨૬ (Gulliver's Travells) છે.

અંગ્રેજી સાહિત્યમાં પ્રવાસકથાઓ અનેક લખાઈ છે - ડીફોની 'રૉબિન્સન ક્રુઝો' તરત સ્મરણમાં આવે; પણ સ્વિફ્ટની આ પ્રવાસકથા વિશ્વભરના સાહિત્યમાં અ-પૂર્વ છે, અને અજોડ પણ.

એ કથામાં એક મૂર્ખ (Gull) જુદા જુદા અજાણ્યા પ્રદેશોની સફરે જાય છે. સરેરાશ માણસની જેમ એની પણ એવી માન્યતા છે કે સ્ત્રીપુરુષ વિચારશીલ, પ્રમાણિક અને ઠરેલ હોય છે. પણ વિવિધ પ્રજાઓના સંપર્કમાં તે મુકાતો જાય છે તેમ તેમ તેને ક્રમે ક્રમે પ્રતીતિ થવા માંડે છે કે માણસમાત્ર વિચિત્ર, વામણો આતતાયી, અસુર, ચકમ અને વાનરવંશી છે.

આવી આત્મપ્રતીતિ થયા પછી વિશ્વમાં તે સાવ એકલપંથી બની જાય છે. ઈશ્વર પણ એના વિશ્વમાં નથી; માણસજાત પ્રત્યે ઘૃણા અને ત્રાસની લાગણી સિવાય તે નજર જ કરી શકતો નથી.

સ્વિફ્ટની ખુદની મનોદશા જાણે કે આ ગલીવર દ્વારા આલેખાઈ છે. અ-લૌકિક સૃષ્ટિના આ સૂક્ષ્મ પ્રવાસને સ્વિફ્ટે કટાક્ષમય પ્રવાસકથા-શ્રેણીરૂપે યોજ્યો છે. પણ એની પાછળનો મર્મ કે ગલીવર ખરેખર જુદા જુદા મુલકોનો પ્રવાસ ખેડતો જ નથી, એ તતો માત્ર એના સમયની સંસ્કૃતિને વિકૃત પ્રતિબિંબો પાડનારા આયનામાં નિહાળે છે - એ સુજ્ઞ ભાવકને સૂચવાઈ જાય છે.

આ પ્રવાસકથામાં રજૂ થતા લિલિપુત (Lilliput) અને બ્રોબ્ડિંગ-નાગ (Brobdingnag) એ વામણા અને વિરાટ યુરોપીયન દેશો છે.

માણસજાત અને તેણે ઉપજાવેલી સંસ્કૃતિ વચ્ચેનો વિરોધાભાસ (Paradox) અહીં સ્વિફ્ટ માટે કટાક્ષ વિષય બન્યો છે. અને એક તેજસ્વી સર્જક અને બૌદ્ધિક તરીકે અહીં તેની પ્રતિભા પ્રકટે છે. એની કટાક્ષકલા આ કૃતિમાં બે-નમૂન બની રહી છે. આ કૃતિની નોંધપાત્ર વિશેષતા એ છે કે ગલીવરની પ્રથમ બે યાત્રામાં એ પહેલાં વેંતિયાના મુલકમાં અને પછી રાક્ષસોના દેશમાં જાય છે એ કથાઓ માત્ર પ્રવાસકથા લેખે પણ આકર્ષક છે. બાળકો માટે તો એ અનોખી પ્રશિષ્ટ કૃતિ બની ગઈ છે. એ પ્રવાસ પાછળનો મર્મ સમજાતાં તો એની લિજ્જત અનેરી વધી જાય છે. પહેલા ખંડમાં સ્વિફ્ટે ગલીવરની વેંતિયાઓના દેશની મુલાકાત દ્વારા માનવજાતના દંભને કટાક્ષના તીરથી ચીરવાનું પ્રયોજન તાક્યું છે અને સાંધ્યું પણ છે. રાક્ષસોના દેશમાં, ગલીવર પોતે જ વેંતિયારૂપે દેખાય છે; અને છતાં પોતાની માનવજાતે વિકસાવેલી સંસ્કૃતિનાં બણગાં ફૂંકે છે; પણ ત્યાં એને શારી નાખે એવી ટીકા પ્રત્યુત્તરમાં મળે છે કે 'તમારી જાતના લોકો આ પૃથ્વીની સપાટી પર ફરનારા, ઘૃણાસ્પદ અને ખતરનાક જંતુ-જીવાત જેવા હોવા જોઈએ.'

સ્વિફ્ટ સમગ્ર માનવજાત પ્રત્યે એવા તો પૂર્વગ્રહથી પીડાય છે કે માણસ કદી પ્રામાણિકતા, કુલીનતા કે મમતા, બુદ્ધિમત્તા દાખવી શકશે નહિ અને અધમ જ રહેશે એવા તારણ પર પહોંચી જાય છે. ધર્મમાં તો એની શ્રદ્ધા છે જ નહિ. ખ્રિસ્તી ચર્ચનો બાહ્ય રીતે એ સભ્ય હોવા છતાં એ ધર્મનાં ધતીંગોથી એવો વાજ આવી જાય છે કે ઉદ્ધારની કોઈ આશા એને નથી રહેતી ધર્મમાં કે નથી રહેતી એ ધર્મના સ્થાપકમાં.

દંભી માનવજાત પ્રત્યે અતીવ ઘૃણા દાખવનારા સ્વિફ્ટના વ્યક્તિત્વનું એક અનોખું પાસું 'જર્નલ ટુ સ્ટેલા' (Journal to Stella)માં દેખાય છે. સ્વિફ્ટની એ પ્રેયસી, વિલિયમ ટેમ્પલની અનૌરસ પુત્રી હતી. તેણે ૧૭૧૦ થી ૧૭૧૩ ના સમયગાળામાં તેને જે પત્રો લખેલા તેમાં એની કોમળતા, પ્રેમળતા જોવા મળે છે. ૧૭૨૮માં સ્ટેલાના મૃત્યુતી સ્વિફ્ટ ખરેખર ભાંગી પડ્યો.

સ્વિફ્ટે કવિતા પણ રચી છે. ડ્રાયડને ભલે તે ક્યારેય કવિ નહીં થઈ શકે એવી વાણી ભાખી હોવા છતાં 'ધ બીસ્ટ્સ કન્ફેસન' (The Beasts' Confession), 'વર્સિસ ઑન ધ ડેથ ઑફ ડૉ. સ્વિફ્ટ' (Verses on the Death of Dr. Swift) એમાનાં કટાક્ષ તત્ત્વને કારણે જાણીતી છે.

સ્વિફ્ટ દેહની અને દિલદિમાગની કરુણ અવસ્થામાં ૧૭૪૫માં અવસાન પામ્યો. એ વિશે થેકરે (Thackeray)નું વિધાન યાદગાર છે.

'એનો વિચાર કરતાં કોઈ મહાન સામ્રાજ્યનો ખંડેરનો વિચાર આવે.' (To think of him is like thinking of the ruin of a great empire.) □

ધારાવાહી લઘુનવલ

સંભવામિ યુગેયુગે

રતિલાલ બોરીસાગર

નર્મદાવાળાઓની સભામાં : ભાષણ

નર્મદાવાળાઓએ ભટ્ટંભટ્ટનું યથોચિત સ્વાગત કર્યું. શંકરની સાથે પોઠિયો પૂજાય એમ મારું પણ સ્વાગત થયું. સ્વાગતથી પ્રભાવિત થયેલા ભટ્ટંભટ્ટે કહ્યું, 'સુધારાવાળાઓ કરતાં નર્મદાવાળાઓ ભિન્નપ્રકૃતિ જણાય છે. નર્મદાવાળાઓએ મારું સ્વાગત કર્યું, પેલા સુધારાવાળાઓ મારા શરીરને મહાવ્યથા પહોંચાડતા હતા. જો કે આ લોકો છલથી મને જીતી લેવા માગતા હોય તો એમનો પ્રયત્ન વૃથા છે.'

નર્મદાવાળાઓએ ભટ્ટંભટ્ટને વક્તવ્ય આપવાની વિનંતી કરી. ભટ્ટંભટ્ટ ઊભા થયા. વ્યાસપીઠ પર ઉપસ્થિત સજજનોમાંથી કોઈએ કહ્યું, 'મહારાજ, આપની કુહાડી નીચે મૂકી દો તો આપને વધારે ફાવશે.'

'નહિ'. ભટ્ટંભટ્ટે પ્રચંડ ગર્જના કરી, 'શ્રીરામ કે અર્જુનની કલ્પના ધનુષ વગર થઈ શકે ? ભીમ કે હનુમાનની કલ્પના ગદા વગર થઈ શકે ? શ્રીકૃષ્ણની કલ્પના સુદર્શનચક્ર વગર થઈ શકે ? કદાપિ નહિ. એ જ રીતે મારી કલ્પના પરશુ વગર કરવામાં ઔચિત્ય નથી. હું પરશુ સહિત જ ભાષણ કરીશ અને આ શસ્ત્રનું નામાભિધાન અન્યથા કરનારનો શિરચ્છેદ કરવાનો પ્રસંગ આવશે તો તેમ પણ હું કરીશ'. ભટ્ટંભટ્ટની અંતિમ ઉક્તિ સાંભળી પેલા સજજન ધ્રૂજી ગયા હોય એમ લાગ્યું.

પત્રકાર પરિષદમાં ભટ્ટંભટ્ટે ધ્વનિવર્ધકયંત્રની સહાય લીધી નહોતી. આજે પણ પોતાના ચંડ-પ્રચંડ અવાજ પરની પોતાની શ્રદ્ધામાંથી તેઓ સહેજે વિચલિત થયા નહોતા. પરંતુ યજમાનશ્રેષ્ઠે મને કહ્યું,'આટલી મોટી સભામાં ભગવાન ભટ્ટંભટ્ટ માઈક વગર બોલશે તો શ્રોતાઓને સંભળાશે નહિ, માટે કશોક ઉપાય કરો.' મેં ભટ્ટંભટ્ટને ધ્વનિવર્ધક યંત્રની સહાય લેવા વિનંતી કરી. પ્રથમ તો એમણે ના પાડી, પણ મેં કહ્યું,'મહાભારતના યુદ્ધમાં અર્જુનના પ્રાણની રક્ષા કરવા ભગવાન શ્રીકૃષ્ણે પોતાની પ્રતિજ્ઞા તોડી શસ્ત્ર ધારણ કર્યું હતું તેમ આ મહાભારત યુદ્ધમાં નર્મદાની રક્ષા કરવા આપ ધ્વાનવર્ધક યંત્રની સહાય લેવાનું સ્વીકારો. વળી, ભગવાન કૃષ્ણે જેમ પાંચજન્ય શંખ ફૂંક્યો હતો તેમ આ યંત્ર આપના મુખ સમીપે પાંચજન્ય સમું શોભી રહી, પાંચજન્યના નાદ સદૃશ સર્વદિશાઓમાં આપનો ધ્વનિ પ્રસારશે.'

'તારી તુલના ઉચિત છે. હું ધ્વનિવર્ધક યંત્રમાં બોલીશ.' આટલું કહી પાર્વતીપુત્ર શ્રીગણેશનું સ્મરણ કરી ભટ્ટંભટ્ટે કહ્યું, 'સભાજનો, આ સભા અલૌકિક છે. નર્મદાની રક્ષા કરવા હું સ્વર્ગલોકથી અત્રે આવ્યો છું.' 'ગાંડો લાગે છે. મેન્ટલ હૉસ્પિટલમાં જા.' સભામાંથી કોઈ આવું બોલ્યું. આ અભદ્ર ઉચ્ચારણનું શ્રવણ કરવાથી ભટ્ટંભટ્ટ થોડા ક્ષુબ્ધ થયા. પરન્તુ નર્મદાવાળાઓમાંથી કોઈએ ઊભા થઈ ધ્વનિવર્ધક યંત્ર સમીપ આવી કહ્યું,'આપણે શ્રીમાન ભટ્ટંભટ્ટને શાંતિથી સાંભળીએ, એમને ખલેલ ન પહોંચાડીએ.' ભટ્ટંભટ્ટે આગળ ચલાવ્યું. 'નર્મદા શિવની પુત્રી છે. સ્વર્ગલોકના નૃપતિ ઇન્દ્રની પણ પુત્રી છે. શિવતનયા ઇન્દ્રની નર્મદા પર બંધ બાંધવામાં ઘોર અપરાધ થાય છે. મારી વાત નહિ માનો તો ભગવાન શંકર ત્રિશૂળ ફેંકીને કે મહારાજ ઇન્દ્ર વજ્રપ્રહાર કરીને બંધ તોડી નાખશે. આવી પુરાણ પ્રાચીન નદી પર બંધ બાંધી એના પાણીને સૌરાષ્ટ્ર અને કચ્છ પ્રદેશમાં લઈ જનાર આપણે કોણ ? ભગવાન સ્વયં એમ ઇચ્છતા હોત તો નર્મદાને સૌરાષ્ટ્ર-કચ્છમાં વહેતી કરવાનું શું એમના માટે અસંભવ હતું ? ભગવાન કોપાયમાન થશે તો નર્મદાનાં જળ સૂકવી દેશે પછી બંધનું શું પ્રયોજન રહેશે ?'

'નર્મદાના બંધને કારણે આદિવાસીઓ વિસ્થાપિત થશે. એમને અન્ય જગ્યાએ સ્થાપિત કરી, એમને પાશ્ચાત્ય કેળવણી આપવાનો, એમનાં તીર-કામઠાંથી એમનો વિયોગ કરાવવાનો અપરાધ, હે નર્મદાવાળાઓ, તમને નરકના અધિકારી ઠરાવશે. ગીતામાં પણ કહ્યું છે કે પોતાના ધર્મમાં મૃત્યુ શ્રેયસ્કર છે. તીરકામઠાં રાખવાં, લંગોટી પહેરવી એ આદિવાસીઓનો સ્વધર્મ છે. એ ધર્મમાં મરવા મેં એમને સમજાવ્યા છે. આપણા પૂર્વજોએ એમને આવા ને આવા રાખ્યા એમાં એમની દીર્ઘ દષ્ટિ હતી. તમે પૂર્વજોથી પણ વધુ ડાહ્યા થયા ?' વિશ્વકોશમાંથી યાચના કરી તમે દ્રવ્ય પ્રાપ્ત કરવા માગો છો અને એ દ્રવ્યની સહાયથી તમે આ બંધ પૂરો કરવા માગો છો. આવું શાસ્ત્રવિરુદ્ધ કૃત્ય કરનારા તમને ધિક્કાર છે. વિદેશીઓ મદિરા પીએ છે. ગુજરાતમાં મદિરાનિષેધ છે. તો મદિરા પીનારાઓ પાસેથી દ્રવ્યસહાય કેવી રીતે લઈ શકાય ? આવી સહાય લેવા તૈયાર થનારા તમે તો અવશ્યમેવ નરકમાં પડશો, કિન્તુ, તમારા પૂર્વજો અને અત્યારે જન્મી ચૂકેલા ને ભવિષ્યમાં જન્મનારા તમારા વંશજો પણ નરકમાં જશે.'

ભટ્ટંભટ્ટ બોલતા હતા ત્યારે શ્રોતાઓ વચ્ચે વચ્ચે હસી પડતા હતા. વ્યાસપીઠ પરના શ્રોતાઓ પણ મહાપરાણે હાસ્ય ખાળતા હતા. આ જોઈ ભટ્ટંભટ્ટ ક્રુદ્ધ થયા અને બોલ્યા, 'અનુચિત સ્થાને અને અનુચિત સમયે હાસ્ય કરનારા તમે પણ નરકના વાસી થાઓ.'

'તમે નરક જોયું છે ?' સભામાંથી પ્રશ્ન આવ્યો. 'નરકમાંથી જ આવ્યા લાગે છે.' બીજાએ કહ્યું, સભામાં હસાહસ થઈ રહી. મેં કહ્યું, 'મહારાજ, એકના એક શ્રોતાઓને વક્તૃત્વકલાનો બધો લાભ આપી દેવાનું આપ ઉચિત ગણતા નથી એ નિયમની સ્મૃતિ મને છે. વળી, હજુ પ્રશ્નોત્તર થવાના છે. માટે આપ અત્યારે સમાપ્ત કરો.'

'આ શ્રોતાઓ મારા પ્રવચનને પાત્ર જણાતા નથી', કહી ભટ્ટંભટ્ટ બેસી ગયા. નર્મદાવાળાઓમાંથી એકે ઊભા થઈને કહ્યું, 'હવે શ્રીમાન ભટ્ટંભટ્ટ સાથે પ્રશ્નોત્તરી યોજાશે. નર્મદાયોજનાના અભ્યાસી શ્રી સુનીલભાઈ ભટ્ટંભટ્ટને પ્રશ્નો પૂછશે.'

સુનીલભાઈ ઊભા થયા અને ભટ્ટંભટ્ટની સમીપમાં રહેલા અન્ય ધ્વનિવર્ધક યંત્રની સમીપે જઈ બોલ્યા,'નર્મદા પવિત્ર નદી છે તેમ ભારતની અન્ય નદીઓ પણ પવિત્ર છે. એના પર બંધ બંધાયા છે તે આપ જાણો છો ?'

'એ નદીઓએ પણ નર્મદાની જેમ સ્વપ્નમાં આવીને મને વિનંતી કરી હોત તો એ બંધો ન બંધાયા હોત. અદ્યપિ પણ તેઓએ સ્વપ્નમાં આવીને મને વિનંતી કરી નથી. તેઓ આવી વિનંતી કરશે તો મારા તપોબળથી એ બંધોનો પણ હું વિનાશ કરીશ.' ભટ્ટંભટ્ટે આટલું કહ્યું ત્યાં શ્રોતાઓ મુક્ત રીતે હસી પડ્યા. ભટ્ટંભટ્ટે કુપિત થઈ કહ્યું, 'હાસ્યને અવકાશ ન હોવા છતાં હસનારા આ મૂર્ખ લોકોના હાસ્ય પર પ્રતિબંધ મૂકો.' આયોજકોએ દીનભાવે મારી સામે જોયું. મેં કહ્યું, 'આપને હાસ્ય અભિપ્રેત ન હોવા છતાં આપના વક્તવ્ય પર હસનારા આ લોકોને આપ ક્ષમા કરો. સુધારાવાળાઓના હસ્તે થયેલા પ્રહારોને આપે અનેક વાર ઝીલ્યા છે. આ તો કેવળ પરિહાસ છે. માટે આપ ક્ષમા કરો.'

ભટ્ટંભટ્ટે મારી વિનંતી ગ્રાહ્ય રાખી કોપદૃષ્ટિનું શમન કર્યું. સભાધ્યક્ષે સુનીલભાઈને પ્રશ્નોત્તરીનો ક્રમ ચાલુ રાખવા વિનંતી કરી. સુનીલભાઈએ પૂછ્યું, 'વિસ્થાપિતોની સુખાકારી અને કલ્યાણ માટે યોગ્ય પ્રબંધ કરવામાં આવ્યો છે તે આપ જાણો છો ?' 'આદિવાસીઓ લંગોટીભર રહે, ફળફળાદિનો આહાર કરે એમાં જ એમનું કલ્યાણ રહેલું છે. નર્મદાવાળાઓ એમના કલ્યાણનું અન્યથા આયોજન કરે એ છલ છે, માયા છે.'

સભામાં હો-હા વધવા માંડી. સુનીલભાઈએ કહ્યું, 'આપની પાસે એક પણ પ્રશ્નનો તાર્કિક જવાબ નથી. આપની સાથેની ચર્ચા કરવાની મારી શક્તિ નથી.'

અતાર્કિકતાનો આક્ષેપ સાંભળી ભટ્ટંભટ્ટ ફરી ક્રુદ્ધ થયા. સુનીલભાઈની બોચી ઝાલવાની મહેચ્છાથી તેઓ કૂદવા તૈયાર થયા, પણ મેં એમને ઝાલી રાખ્યા ને કહ્યું, 'મહારાજ, આ લોકોએ પરાજય સ્વીકારી લીધો છે. આપને ક્રોધ કરવાનું કારણ નથી.' 'તું સત્ય કહે છે ? તો પછી એ મારા પર અતાર્કિક હોવાનો આક્ષેપ કેમ કરે છે ?' 'મહારાજ, આપ કહેતા હતા કે તર્ક માયા છે. આપ સ્વપ્નમાં પણ તર્કનો આશ્રય લેતા નથી.' 'એ તો સત્ય છે. સૂર્ય પાસે જેમ અંધકાર રહી શકતો નથી તેમ મારી સમક્ષ તર્ક રહી શકતો નથી.' 'તો પછી પ્રશ્નકર્તાએ આપને અતાર્કિક કહી આપની નિંદા નથી કરી, આપની સ્તુતિ કરી છે.' 'ધન્ય છે !' પ્રસન્ન થઈ ભટ્ટંભટ્ટ બોલ્યા.

સભા વિખેરાઈ. યજમાનશ્રેષ્ઠ જોઈએ એવા પ્રસન્ન થયા નહિ એવું લાગ્યું. ભટ્ટંભટ્ટે એમનાં ગ્લાનિયુક્ત વદનને નિહાળી પૂછ્યું, 'હે યજમાનશ્રેષ્ઠ! નર્મદાવાળાઓનો પરાભવ થયો છતાં આપની મુખમુદ્રા, રાહુએ ગ્રસેલા ચંદ્રની જેમ મ્લાન કેમ છે ?' 'મહારાજ, નર્મદાનો બંધ થયા વગર રહેશે નહિ એમ લાગે છે.' 'અસંભવ ! મારા તપોબળથી હું બંધ નષ્ટ કરી દઈશ.' 'આપ તપ વાપરવાને બદલે એક વિશેષ કષ્ટ લો તો કદાચ બંધનું કામ બંધ રહે.' 'બોલો; નર્મદામોક્ષકર્તવ્યપરિપાલનઅભિયાનાર્થે હું ગમે તે કરવા તત્પર છું. બંધ બંધાઈ રહ્યા પછી હું નર્મદાને તેનું વહેણ બદલી નાખવાની આજ્ઞા પણ આપી શકું એમ છું.' 'આપ અમેરિકા જાઓ, વિશ્વ બૅન્કના વડાઓને સમજાવો, જપાન જઈને પર્યાવરણવાદીઓને ઉશ્કેરો. એ લોકો આર્થિક સહાય આપવાનું બંધ રાખે એવું કરો. આર્થિક સહાય વગર નર્મદાબંધનું કામ થઈ નહિ શકે.' 'હું મંત્રબળથી વિદેશના અધિપતિઓનાં ચિત્ત ભ્રમિત કરી દઈ શકું એમ છું. મારા સામર્થ્ય વિશે શંકા સેવવાનું ઘટિત નથી.'

યજમાનશ્રેષ્ઠ પલભર મૂંઝાયા, પણ મારા સંગથી ભટ્ટંભટ્ટના પ્રતિકૂળ વલણને અનુકૂળ બનાવવાનું કૌશલ એમણે પ્રાપ્ત કરી લીધું હોય એમ બોલ્યા, 'મહારાજ, આપની શક્તિ વિશે અમને શંકા નથી, પણ આપ આપનાં દર્શનથી એ લોકોને પાવન કરો તો અમારી જેમ એમનો જન્મ પણ સાર્થક થાય.' 'એ સત્ય છે. એ દેશોમાં પાપાચાર વધુ છે એટલે એમને મારાં દર્શનની અધિક આવશ્યકતા છે.' પછી મને ઉદ્દેશીને કહે, 'અંબારામ ! વિદેશગમન શાસ્ત્રથી વિપરીત છે ને વિશ્વકોશના અધિપતિઓને ન મળવું એ કર્તવ્યપાલનથી વિપરીત છે. આ સમસ્યાનો ઉકેલ શોધવો પડશે. હું નેત્ર મીંચી, સમાધિસ્થ થઈ, તારા ચિત્તમાં આ સમસ્યાનો ઉપાય સંક્રાન્ત કરું છું. તું એ ઝીલવા તત્પર થા.' આટલું કહી તેઓ આંખો મીંચીને નીચે બેસી ગયા. અન્ય લોકોની ઉપસ્થિતિમાં મને સમસ્યાનો ઉકેલ પૂછવાની ભટ્ટંભટ્ટની પદ્ધતિથી હવે હું પરિચિત થઈ ચૂક્યો હતો. એટલે એઓ આંખો ઉઘાડે ત્યાં સુધીમાં ઉપાય શોધી કાઢવામાં હું વ્યસ્ત થયો.

થોડી વારે ભટ્ટંભટ્ટે આંખો ઉઘાડી. મેં કહ્યું, 'મહારાજ ! આપની કૃપાથી મારા ચિત્તમાં ઉપાય સ્ફૂર્યો છે.' મારા કથનથી ભટ્ટંભટ્ટ પ્રસન્ન થયા. મેં કહ્યું, 'મહારાજ ! શાસ્ત્રમાં સમુદ્રનાં જળ ઓળંગી વિદેશ જવાનો નિષેધ છે. તેથી આપણે પ્રથમ સ્વર્ગલોકમાં પાછા જઈએ ને ત્યાંથી સીધા વિદેશ જઈએ તો સમુદ્ર ઓળંગવાની આવશ્યકતા ન રહે.' 'ધન્ય, અંબારામ ! ધન્ય !' ભટ્ટંભટ્ટ પ્રસન્નતાથી બોલ્યા.

સ્વર્ગેથી પહેલાં અમેરિકા જવું, ત્યાં વિશ્વકોશના અધિપતિઓને મળી સહાય બંધ રખાવવી, પછી ત્યાંથી પાછા સ્વર્ગમાં આવી જપાન જવું, ત્યાંના પર્યાવરણવાદીઓને ઉશ્કેરી જપાન તરફથી મળનારી સહાય બંધ રખાવવી. આમ, પ્રત્યેક સમયે સ્વર્ગમાં પાછા આવી, પ્રત્યેક દેશમાં જવું અને નર્મદાયોજનાને જગતના કોઈ દેશમાંથી સહાય ન મળે એવા વાતાવરણનું નિર્માણ કરવું - આવું આયોજન મેં યજમાનશ્રેષ્ઠને સમજાવ્યું. ઇન્દ્ર મહારાજનો રથ ઉપલબ્ધ હોવાને કારણે વિના વિલંબે આ આયોજન પાર પાડી શકાશે એવી પ્રતીતિ કરાવવા પ્રયત્ન કર્યો. અમારા યજમાન આ આયોજનથી બહુ આશ્વસ્ત થયા નહિ. નિઃશ્વાસ નાખી એમણે ભટ્ટંભટ્ટને વંદન કર્યાં. એમનું ઉદાસીન મુખારવિંદ જોઈ ભટ્ટંભટ્ટે કહ્યું, 'તમે નિરાશ ન થાઓ. નર્મદાબંધ ન થવા દેવા હું કૃતસંકલ્પ છું. વિશ્વકોશના અધિપતિઓ મને જોતાં જ મારાં ચરણોમાં પડી જશે. મારી ક્ષમા માગી સહાય બંધ કરી દેશે. તમે ચિન્તામુક્ત રહો.' પર્યાવરણવાદીઓને નચિંત કરી અમે સ્વર્ગલોકમાં પાછા આવ્યા છીએ. ભટ્ટંભટ્ટના પુનરાગમનથી ઇન્દ્રાદિ દેવો પ્રસન્ન થયા છે. ભટ્ટંભટ્ટના પુનરાગમન પ્રસંગે ઇન્દ્ર મહારાજે અપ્સરાઓના એક વિશેષ નૃત્ય-સમારંભનું આયોજન કર્યું હતું. પરંતુ ભટ્ટંભટ્ટની અનિચ્છાને કારણે એ સમારંભમાં જવાની મારી ઇચ્છા ફળીભૂત થઈ નહિ.

વિદેશગમન અંગેના સમયપત્રકના આયોજન માટે મેં ભટ્ટંભટ્ટને પૂછ્યું હતું. કિન્તુ હાલ ભાદ્રપદ માસ ચાલતો હોવાથી ઇચ્છિત કાર્ય માટેનો સમય અનુકૂળ ન ગણાય. તે પછી નવરાત્ર ને દીપાવલિના શુભદિવસોમાં ભારત સિવાય અન્ય દેશોમાં જવું ઇષ્ટ ન ગણાય. તે પછી કમૂરતાં બેસતાં હોઈ એક માસ ક્યાંય જવાનું ઇષ્ટ ન ગણાય. તેથી સૂર્ય મકરરાશિમાં પ્રવેશે ત્યાં સુધી વિદેશગમન અંગેની ચર્ચા ન કરવી એવી ભટ્ટંભટ્ટે મને આજ્ઞા કરી છે. આ સમયગાળામાં ભોજન અને નિદ્રાની પોતાની પ્રિય પ્રવૃત્તિમાં કાલનિર્ગમન કરવાની ઇચ્છા એમણે પ્રકટ કરી છે.

પ્રિય વાચકો, ભટ્ટંભટ્ટનું વૃત્તાન્ત અત્યારે તો અહીં અટકાવું છું, પણ અમે વિદેશ જઈશું ત્યારે ફરી એમના જીવનવૃત્તાન્તનો ક્રમ હું આગળ વધારીશ. (સંપૂર્ણ) □

કથાસરિત્સાગર

કનુભાઈ જાની

તરંગ ૭ : (શ્લોક ૧ થી ૧૧૩)

(પૂર્વકથા : કેવી રીતે માબાપ ગુમાવ્યાં છતાં સાતવાહનના રાજ્યમાં સ્થાન મેળવ્યું; 'સાતવાહન' નામ કેમ પડ્યું; શક્તિરાણીના મહેણાથી રાજાએ કેવી રીતે પાંડિત્યપ્રાપ્તિ કરી; એમાં શર્વવર્મા-ગુણાઢ્ય વચ્ચે સ્પર્ધા થતાં કેવી રીતે શર્વવર્મા જીત્યો અને ગુણાઢ્યને શરત મુજબ ત્રણે ભાષા ત્યાગીને મૌન લેવું પડ્યું; એ બધી વાત માંડીને ગુણાઢ્ય કાણભૂતિને કહે છે :)

'(અમારી શરતમાં શર્વવર્મા જીત્યા; મેં તો પ્રતિજ્ઞાનુસાર ત્રણે ભાષા છોડી.) મૌનધારી હું રાજા પાસે ગયો, ત્યારે ત્યાં કોઈ બ્રાહ્મણ (રાજાને) સ્વરચિત શ્લોક સંભળાવતો હતો. રાજાએ એ (શ્લોક) શિષ્ટ સંસ્કૃતિગિરામાં જ આસ્વાદ્યો, એ જોઈને ત્યાં બેઠેલા સર્વે લોક ખુશ ખુશ થઈ ગયા. પછી રાજા શર્વવર્માને કહે, 'કઈ રીતે દેવે આપની ઉપર અનુગ્રહ કર્યો તે આપ જાતે જ કહો.' રાજાનો આવો આગ્રહ જોઈને શર્વવર્મા કહે, 'હું તો રાજન્, મૌન ધારણ કરીને, ઉપવાસી બની, (અહીંથી) નીકળી પડ્યો. જ્યારે મંદિર થોડુંક જ છેટે રહ્યું હશે ત્યાં, કઠોર તપથી લેવાઈ ગયેલો, થાકનો માર્યો, હું અવાચક થઈ, બેભાન થઈને ધરણીએ ઢળી પડ્યો. ત્યારે, જાણે કોઈ પુરુષ, હાથમાં ભાલો છે,[1] 'ને મને સ્પષ્ટ રીતે કહી રહ્યો છે : 'ઊઠ પુત્ર ! તું વાંછે છે તે સઘળું ફળશે.' એથી તત્ક્ષણ જ હું જાણે અમૃતધારાએ સીંચાયો.[2] જાગ્યો ન ભૂખ અને ન તરસ ! સ્વસ્થ જેવો જ થઈ ગયો ! આકુલ થઈ ભક્તિભર્યો હું દેવમંદિર પાસે પહોંચ્યો. નાહ્યો. પછી (પ્રભુમંદિર) ગર્ભગૃહે પ્રવેશ્યો, ભાવવ્યાકુળો ! ત્યાં અન્તર્ગૃહમાં તો સ્કન્દસ્વામીએ જ સ્વયમ્ મને દર્શન દીધાં, કે તરત જ મારે મુખે સ્વયમ્ દેવી સરસ્વતી પ્રવેશ્યાં. પછી એ ભગવાન સ્કંદે પોતાનાં છએ મુખકમળોથી 'સિદ્ધોવર્ણસમામ્નાય' 'સિદ્ધ છે વર્ણ પરમ્પરા' એવું સૂત્ર સંભળાવ્યું.[3] એ સાંભળીને, માનવસહજ ચપળતાથી જ ખરે, પછીનું સૂત્ર કલ્પીને મારાથી બોલી જવાયું. ત્યારે એ દેવે મને કહ્યું, 'જો તેં પોતે એ ન કહ્યું હોત તો આ શાસ્ત્ર (વ્યાકરણ) પાણિનીય શાસ્ત્ર (વ્યાકરણ)ને પણ નીચું પાડત.' હવે આ શાસ્ત્ર, એનો મર્યાદિત વિસ્તાર હોવાથી, 'કાતન્ત્ર' (કિટલોક ચર્ચાવિસ્તાર)એ નામે ઓળખાશે; અથવા મારા વાહન-મયૂર-ના કલાપ (પીંછા)ના નામ પરથી 'કાલાપક' કહેવાશે.[4] એમ કહીને એ નવું નાનકડું 'શબ્દશાસ્ત્ર' (વ્યાકરણ) મારી સામે પ્રકાશિત કરીને, દેવ કાર્તિકેયે પોતે મને ફરી કહ્યું, 'એ તારો રાજા સાતવાહન પણ પૂર્વજન્મમાં ભરદ્વાજ મુનિનો શિષ્ય, મહાતપસ્વી ઋષિ હતો નામે કૃષ્ણ.' (એક વાર એ) સમાન મનોભાવવાળી એક મુનિકન્યાને નિરખી રહ્યો, અકસમાત કામનાં બાણ વાગે અને જે રસજ્ઞતા જાગ્રે તે પ્રકટી એટલે એ મુનિનો શાપ પામ્યો; એ જ મુનિ અહીં, હાલ, પુરુષરૂપે જન્મ્યો છે, ને એ જ મુનિકન્યા સ્ત્રીરૂપે જન્મી છે. એ રીતે આ સાતવાહન રાજા તે મૂળ ઋષિનો અવતાર; તેને જોવામાત્રથી, તારી ઇચ્છા પ્રમાણે ઉચ્ચ સંસ્કારોવાળી સિદ્ધિઓ પ્રાપ્ત કરી લેશે. જન્માન્તરથી જ મહાત્માઓના ઉચ્ચાશયો વિનાવિઘ્ન પાર પડે છે.' એમ કહીને દેવ અન્તર્ધાન થઈ જતાં, હું પણ મંદિરની બહાર નીકળ્યો. ત્યાં મને મંદિરના પૂજારીઓએ (પ્રસાદીરૂપે) થોડા ચોખા આપ્યા. આખા રસ્તે ચોખા ખાતો ખાતો હું અહીં આવી પહોંચ્યો; પણ, આશ્ચર્ય છે કે રોજ રોજ ખાવા છતાં એ તો એટલા ને એટલા જ રહ્યા ! મૌનને કારણે લોકોથી આપોઆપ અળગો (બહિષ્કૃત) થયેલો તો હતો જ ! (એટલે) અનિચ્છાએ મેં રાજાની રજા લીધી. બે શિષ્યો સાથે નગરની બહાર નીકળી ગયો, તપ કરીને દર્શન પામવાના નિશ્ચયથી વિન્ધ્યવાસિની પાસે આવ્યો. દેવીના સ્વપ્નાદેશાનુસાર, એને પ્રેરાયો જ હું આ ઘોર વનમાં તને જોવાના હેતુથી પ્રવેશ્યો. ભીલોએ કહેલું તેથી, કે પછી, સથવારો મળ્યો તેથી, કે સવળું નસીબ (દૈવ) પડ્યું કહો, અહીં મેં જોયાં પિચાશોનાં ઝૂંડનાં ઝૂંડ. એકબીજાને બોલતાં સાંભળીને દૂરથી જ આ ભાષા મેં શીખી લીધી - મારે મૌનથી છૂટવું હતું ને, તેથી: આ (ભાષા) શીખી લઈને, તું ઉજ્જયિની ગયો છે એવું જાણીને, તું આવે ત્યાં સુધી મેં રાહ જોઈ. તને જોતાં જ, ચોથી[5] પિચાશી ભાષાથી તારું સ્વાગત કર્યું, કે (તરત જ) મને મારી મૂળ જાતિનું સ્મરણ થઈ આવ્યું. આટલો આ મારો જન્મવૃત્તાન્ત." ગુણાઢ્યે આમ કહ્યું. ત્યારે તેને કાણભૂતિ કહે, 'આજ રાત[6] તારી અહીં આવવાની ખબર મને કેવી રીતે પડી તે (હવે)સાંભળ : ભૂતિવર્મા નામે, દિવ્ય દૃષ્ટિવાળો એક રાક્ષસ મારો મિત્ર છે. એને ત્યાં ઉજ્જૈનના બાગમાં હું ગયેલો. ત્યાં એવા શાપનો અંત મેં એને પૂછવાથી, એણે કહ્યું, 'તું રોકાઈ જા. રાતે કહીશ. દિવસે અમારો પ્રભાવ નથી હોતો.'[7] એટલે હું ત્યાં રોકાઈ ગયો. રાત પડતાં જ હલચલ ! (હસાહસ) મેં એને રાત્રે જ ભૂતોના આવા હર્ષનું કારણ પૂછ્યું. ભૂતિવર્મા રાક્ષસ કહે, 'પહેલાં બ્રહ્મા શિવજીએ (પોતે) જે કહી બતાવેલું તે હું તને કહી સંભળવું છું, સાંભળ :

'દિવસે સૂર્ય તેજે પરાભૂત આ યક્ષ, રાક્ષસ પિચાશોનો કોઈ જ પ્રભાવ પડતો નથી, એટલે રાત પડતાં જ એ બધા હરખાઈ ઊઠે છે. જ્યાં રૂડી રીતે, ન દેવો પૂજાય ન બ્રાહ્મણો, ભોજન પણ વિધિપૂર્વક લેવાતું ન હોય ત્યાં જ એમનો પ્રભાવ પ્રવર્તે. જ્યાં કોઈ અમાંસભક્ષી (શાકાહારી) હોય કે કોઈ સાધ્વી (સ્ત્રી) હોય ત્યાં તો એ ફરકે પણ નહિ, પવિત્ર, શૂર ને પ્રબુદ્ધને ક્યારેય ના છોડે.' એમ કહીને,ફરી પાછો, ભૂતિવર્મા એને કહે, 'જાઓ, તમારી શાપમુક્તિનું કારણ થનાર ગુણાઢ્ય હવે આવી ગયો છે.'

સાંભળતાં જ હું અહીં આવી પહોંચ્યો, અને મેં તમને જોયા. પ્રભુ ! હવે હું પુષ્પદન્તને કહી સંભળાવેલી વાત કરું. પણ મને એક જિજ્ઞાસા છે. કહો, શાં કારણે એ 'પુષ્પાદન્ત' અને તમે 'માલ્યવાન' નામે જાણીતા થયા ? (શ્લોક ૪૦)

'પુષ્પદન્ત'ની કથા

કાણભૂતિએ આમ કહ્યું, તે સાંભળીને ગુણાઢ્ય બોલ્યો, 'ગંગાતીરે 'બહુસુવર્ણક' નામે એક ગામ છે. ત્યાં ગોવિન્દદત્ત નામે એક બહુશ્રુત બ્રાહ્મણ રહેતો હતો. એની પત્ની અગ્નિદત્તા; પતિવ્રતા હતી. એનાથી એ બ્રાહ્મણને કાળક્રમે પાંચ પુત્રો થયા. પૂરા મૂર્ખ, પણ ભારે રૂપાળા, ને (જબરા) અભિમાની. હવે, (એક વાર), એ ગોવિન્દદત્તને ત્યાં એક અતિથિ પધાર્યા, વૈશ્વાનર નામે. (આમેય) જાણે બીજો અગ્નિ જોઈ લ્યો ! ગોવિન્દદત્ત ત્યારે બહાર ગયેલા.

અતિથિએ તો પુત્રો પાસે જઈ રામરામ કર્યા. એ અભિવાદનનો ઉત્તર પેલા પુત્રોએ કેવળ જરા હસીને જ વાળ્યો ! એથી કોપાયમાન થયેલા એ દ્વિજે તરત જ ત્યાંથી નીકળી પડવાની તૈયારી કરી. એ દરમ્યાન આવી ચડેલા ગોવિન્દદત્તે એ દ્વિજોત્તમને પૂછ્યું (જાણ્યું) માફી માગી, પગે પડ્યો. (બધુંય વ્યર્થ) કહે, 'તારા પુત્રો તો પતિત છે, મૂર્ખા છે; એની સાથે રહીને તુંય થયો છે. એવો ! તારા ઘેર નહિ જમું. જમું તો (મોટું પાપ થાય) એનું પ્રાયશ્ચિત્ત ચડે.' ત્યારે સમ ખાઈને ગોવિન્દદત્તે કહ્યું કે 'પુત્રોનો તો હું સ્પર્શ સુદ્ધાં નહિ કરું.' ગોવિન્દદત્તની પત્નીએ પણ એમાં સૂર પુરાવ્યો. ત્યારે આ વૈશ્વાનરે વળી કાંઈક આતિથ્ય સ્વીકાર્યું. આવું થયું એ જોઈને ગોવિન્દદત્તના એક પુત્ર દેવદત્તને અપાર દુઃખ અને પશ્ચાત્તપ થયાં. માતપિતાથી દૂષિત થયેલું જીવન જીવવું પણ વ્યર્થ છે એમ લાગ્યું. એટલે અપાર દુઃખ સાથે એણે ઘર છોડ્યું, તપ કરવા બદરિકાશ્રમ ગયો. પહેલાં તો પાંદડાં ખાઈને, અને પછી કેવળ ધૂમ્રપાનથી પાર્વતીપતિને પ્રસન્ન કરવા દીર્ઘકાળ સુધી તપ કરતો રહ્યો. (એવા) તીવ્ર તપથી પ્રસન્ન થયેલા શિવજીએ એને દર્શન દીધાં, ત્યારે ઈશ્વર પાસે તો એણે માત્ર એમનું અનુચરત્વ જ વરદાનમાં માગ્યું ! 'પહેલાં તો વિદ્યા મેળવ, પછી દુનિયાના ભોગ ભોગવી લે, ત્યારબાદ તારી સર્વે મનોકામના પૂરી થશે.' એમ શંભુએ આદેશ આપ્યો.

પછી એ વિદ્યા-અધ્યયન અર્થે પાટલિપુત્ર જઈને વેદકુમ્ભ ઉપાધ્યાયની વિધિપૂર્વક સેવા કરવા લાગ્યો. ત્યાં હતો એ દરમ્યાન (એક વાર) એ ઉપાધ્યાયની પત્ની કામાતુર થઈને એને પરાણે વરી પડી.[૭]

સ્ત્રીની, અહો ! ચંચલ ચિત્તવૃત્તિઓ !
(બત સ્ત્રીણાં ચંચલાશ્ચિત્તવૃત્તયઃ)

તેથી (પોતાના અધ્યયનમાં) જ્યાં કામદેવ વિપ્લવરૂપ થઈ પડ્યો હતો તે દેશ દેવદત્તે તરત જ છોડ્યો અને હાર્યા વિના પ્રતિષ્ઠાનમાં (પાટલિપુત્રનગર) જઈ પહોંચ્યો. ત્યાં પોતીની વૃદ્ધ પત્ની સાથે મંત્રસ્વામી નામે એક વૃદ્ધ ઉપાધ્યાય (હતા); એણને વિનંતી કરી સારી પેઠે વિદ્યા મેળવી.

આ વિદ્યાવાનને એકવાર ત્યાંના સુશર્મા નામે રાજાની શ્રી નામે કન્યાએ જોયો, જાણે (સ્વયં) લક્ષ્મીએ અચ્યુત(વિષ્ણુ)ને જોયા ! એ પણ ઝરૂખે ઊભેલી એ કન્યાને તાકી રહ્યો.

ચન્દ્ર દેવી સ્વયં જાણે વિમાને નીસરી પડી !
કામની શૃંખલાએ શાં બંધાયાં બેઉ દૃષ્ટિથી
એવાં કે તસુયે તે ચસકી ત્યાંથી ના શક્યાં !

(ટગરટગર એકબીજાંને જોતાં સ્થિર થઈ ગયાં !) ત્યારે જાણે સ્વયં કામદેવીની મૂર્તિમતી આજ્ઞા હોય એવી એક કરાંગુલિથી 'અહીં આવ' એવી સંજ્ઞા રાજકુમારીએ કરી. તેથી તે અન્તઃપુર તરફ તેની પાસે ગયો, ત્યારે તે કન્યાએ દાંતથી પુષ્પ લઈને તેની તરફ ફેંક્યું.[૮] રાજકુંવરીની આ ગૂઢ સંજ્ઞા ન સમજાતાં, શું કરવું-ન કરવું તે ન સૂઝતાં, એ તો પાછો (ચાલ્યો) ગયો ઉપાધ્યાયને ઘેર. જઈને જમીન પર આળોટી પડ્યો. મોમાંથી એક હરફેય નીકળી શક્યો નહિ ! અંદરથી તાપે બળતો રહ્યો; કોક મૂંગો જાણે ઠગાયો હોય એમ બુદ્ધિશાળી ઉપાધ્યાય કળી ગયા કે આ પ્રેમ થયાનાં ચિહ્નો છે. યુક્તિથી પૂછીપૂછીને બધું જાણી લીધું. પછી એ વિદગ્ધ ઉપાધ્યાયે એને કહ્યું, 'દાંતે પુષ્પ ફેંક્યું એટલે તને એવી સંજ્ઞા કરી કે પુષ્પદન્તનામે, પુષ્પોથી શોભીતું, જે દેવમંદિર છે ત્યાં તમો આવો, અને મારી રાહ જુઓ, અત્યારે તો અહીંથી જાવ.'

સાંભળીને, સંજ્ઞાનો અર્થ જાણતાં, શોક છોડી એ યુવક સીધો પેલે મંદિર પહોંચી, રાહ જોવા લાગ્યો. પેલી રાજકુમારી પણ, આઠમ હોવાને કારણે એકલી દેવદર્શન કરવા આવી, ગર્ભાગારે પ્રવેશી, ત્યાં બારણાં પાછળ એણે પોતાના પ્રિયને (છુપાયેલો) જોયો. ઊઠી એ પણ સહસા આને ભેટી પડ્યો. '(અરે !) આશ્ચર્ય ગણાય. તમે મારા સંકેતને કેવી રીતે ઉકેલી શક્યા ?' પેલો કહે, 'મેં નહિ મારા ગુરુએ સંકેત ઉકેલ્યો.' 'છોડો મને, છોડો ત્યારે ! તમે તો અક્કલવિનાના જ છો. એમ કહીને, ક્રોધમાં તેણે તરત જ, કોઈ આ વાત વળી જાણી જશે એ ભયે, ત્યાંથી ચાલતી પકડી. એ પણ ગયો.

નજર આગળથી ચાલી ગયેલી પ્રિયતમાને યાદ કરતો દેવદત્ત પણ એકાન્તે, વિયોગાગ્નિથી જળી ગયેલા જીવતરવાળો બની ગયો. એને આવો જોઈને, પૂર્વે પ્રસન્ન થયેલા શંભુએ, પોતાના પંચશિખ નામના ગણને, દેવદત્તને મનવાંછિત મળી રહે એમ કરવાની, આજ્ઞા કરી. એ ગણશ્રેષ્ઠે ત્યાં આવીને દેવદત્તને આશ્વાસન આપ્યું. એને સ્ત્રીવેશ લેવડાવ્યો, ને પોતે વૃદ્ધ બ્રાહ્મણનું રૂપ ધારણ કર્યું. પછી સુંદર કન્યાપિતા, પેલા રાજા સુશર્મા, એમની પાસે એ ગણનાયક પહોંચ્યો. કહે,'રાજન! મારો પુત્ર ક્યાંક ચાલ્યો ગયો છે; એની શોધમાં હું નીકળું છું. એટલે મારી આ સ્નુષા (પુત્રવધૂ)ને આપને (થાપણ તરીકે) ભળાવીને જાઉં છું. આપ એની રક્ષા કરજો.'

આવું સાંભળીને, ક્યાંક વળી શાપ દેશે એવા ભયથી સુશર્માએ એ યુવાનને, સ્ત્રી સમજીને, પોતાની પુત્રીઓના ગુપ્ત અન્તઃપુરમાં મોકલી દીધો. પછી, પંચશિખના ત્યાંથી ગયા પછી, પોતાની જ પ્રિયતમાના અન્તઃપુરમાં સ્ત્રીવેશે વસતા તે બ્રાહ્મણે, કન્યાનો વિશ્વાસ (પાછો) જીતી લીધો. એક વાર કુંવરી સ્હોરાતી હતી ત્યારે પોતાની જાતને એણે પ્રકટ કરી; અને ગુપ્ત રીતે ગાંધર્વવિધિથી એ રાજકન્યાને પામ્યો.[૯] એ જ્યારે સગર્ભા બની ત્યારે પેલો ગણોત્તમ સ્મરણમાત્રમાં હાજર થયો અને છૂપી રીતે, કોઈ જોઈ ન જાય તેમ, દેવદત્તને ઉપાડી ગયો.

એનો સ્ત્રીવેશ ઉતારી લીધો. સવારમાં પૂર્વેના પેલા બ્રાહ્મણનો જ અસલ્લ વેશ લીધો, અને આ યુવાનની સાથે જઈને (રાજા) સુશર્માને જણાવ્યું: 'આજે મને મારો પુત્ર પાછો મળી ગયો છે, રાજન્ ! એટલે મારી પુત્રવધૂ પાછી સોંપો.' 'એ તો રાત્રે ક્યાંક નાસી ગઈ' એવું જાણતાં જ રાજા, પાછો, શાપના ભયથી ધ્રૂજી ઊઠ્યો. મન્ત્રીઓને કહે, 'આ બ્રાહ્મણ ન હોય; લાગે છે કે કોંક દેવ. મને છેતરવા આવ્યો.'

આવા બનાવ અહીં સતત બનતા જોવા મળે છે. (શ્લોક ૮૭)

શિબિકથા[૧૧] : (શ્લોક ૮૮થી)

આમ જ (એક વાત છે.) પૂર્વે એક રાજા થયો હતો - મોટો તપસ્વી, દયાળુ, દાનેશ્વરી, ધીર, સર્વ પ્રાણીઓને અભય આપનારો, નામે શિબિ. એની પરીક્ષા લેવા[૧૦] સ્વયં ઇન્દ્રે બાજનું શરીર ધારણ કરીને, માયારૂપવાળા કપોતરૂપી ધર્મનો પીછો પકડ્યો. કપોતે ભયભીત થઈને શિબિને ખોળે આશરો લીધો. બાજે મનુષ્યની વાણીમાં રાજાને કહ્યું, 'રાજા ! આ કપોત મારું ભક્ષ્ય છે. એને છોડ; નહિ તો હું મર્યો સમજ ! એથી તને કયો ધર્મ (લાભ) થવાનો છે ? ત્યારે શિબિ કહે, 'આ તો મારો શરણાગત ! એ તો (હવે મારે) અત્યાજ્ય ! (હા,) એના જેટલું જ બીજું માંસ તને આપું.' બાજ બોલ્યો, 'જો એમ જ હોય તો પછી તારું પોતાનું માંસ જ મને આપને !' 'ભલે' કહીને રાજાએ પણ એની વાત સ્વીકારી લીધી. પણ જેમ જેમ રાજા પોતાનું માંસ (ત્રાજવાના પલ્લામાં) ચડાવતો ગયો તેમ તેમ પલ્લામાંનું કપોત ભારે (ને

ભારે) થતું ગયું !! (અને આખરે) જ્યારે રાજાએ પોતાનો આખો દેહ ત્રાજવે ધરી દીધો ત્યારે 'ધન્ય ધન્ય' એવી દિવ્ય વાણી ત્યાં થઈ, તથા ઇન્દ્ર અને ધર્મ બન્ને, બાજ-કપોતનાં રૂપ છોડી, પ્રકટ થયા, અને પ્રસન્ન થઈ શિબિરાજાને પણ જેવો હતો તેવો અક્ષત દેહવાળો કર્યો. બીજાં વરદાનો પણ આપીને બન્ને અન્તર્ધાન થઈ ગયા. એમ મારી પણ પરીક્ષા લેવા કોઈ દેવ આવ્યા લાગે છે.'

આમ મંત્રીઓને કહીને, ભયને કારણે નમ્ર બનેલો રાજા સુશર્મા પેલા વિપ્રરૂપી ગણોત્તમને કહેવા લાગ્યો, 'મને અભયદાન દો ! (મહારાજ !) આ હમણાં જ (ગઈ) રાતે આપની સ્નુષા(પુત્રવધૂ)નું કોઈ માયાવડે હરણ થયું છે. - રાત, ને દિવસ સતત એ રક્ષણ નીચે તો હતી છતાં !' મહા મુશ્કેલીએ પેલા વિપ્રરૂપ ગણે દયા દેખાડી; કહે, 'તો પછી, રાજન્, મારા પુત્રને તારી કન્યા આપ !' એ સાંભળીને, શાપના ભયથી, રાજાએ પોતાની કુંવરી દેવદત્તને આપી. પંચશિખ પણ ત્યાંથી ચાલ્યો ગયો. દેવદત્ત પણ પોતાની પ્રિયતમાને, આમ ખુલ્લી રીતે પામ્યો, અને જેને બીજો કોઈ પુત્ર નથી એવા શ્વસુરની સમૃદ્ધિમાં મહાલવા લાગ્યો. વખત જતાં એને પણ પુત્ર થયો, અને રાજા (સુશર્મા)એ મહીધર નામે દૌહિત્રનો રાજ્યસને અભિષેક કરી, પોતે (તપ-અર્થે) વનમાં ગયો. પછી તો, પોતાના પુત્રનું ઐશ્વર્ય જોઈ, કૃતાર્થતા અનુભવતો, દેવદત્ત પણ રાજપુત્રી સાથે વનમાં ગયો. ત્યાં ફરીથી શંભુની આરાધના કરી, મર્ત્ય દેહ છોડી, શિવકૃપાથી પાછો તે જ શિવના ગણનું (મૂળ) પદ પામ્યો. પ્રિયાએ દાંત વડે નાખેલા પુષ્પની સંજ્ઞાને ન જાણી શક્યો તેથી ગણસંસદમાં એનું નામ પડ્યું પુષ્પદન્ત; અને એની પત્ની, જયા નામે થઈ પાછી પાર્વતીની પ્રતિહારી. 'પુષ્પદન્ત' નામની વાત આવી છે. હવે સાંભળો મારા નામની વાત (૧૦૭)

માલ્યવાનની કથા (શ્લોક ૧૦૮ થી ૧૧૩)

દેવદત્તના પિતા જે ગોવીન્દદત્ત નામે બ્રાહ્મણ, તેમનો જ હું પૂર્વે પુત્ર હતો, નામે સોમદત્ત. હું પણ એમ જ ક્રોધને કારણે હિમાલયે ગયો ને તપ કર્યું. ત્યાં ઘણાં પુષ્પોથી રોજ શિવજીને પ્રસન્ન કરવા મથતો. ત્યારે એમ જ પ્રસન્ન થઈને પ્રકટ થયેલા શિવજી પાસે મેં, સાંસરિક ભોગાદિની તૃષ્ણા છોડીને તેમના ગણ થવાનું જ માગ્યું. ત્યારે, 'તેં તો મને દુર્ગમ વનભૂમિનાં (દુર્લભ) પુષ્પો જાતે ચૂંટીને એની માળાથી મારી પૂજા કરી છે; એટલે તું, મારો ગણ, હવેથી 'માલ્યવાન' કહેવાઈશ.' એમ ભગવાન ગિરિજાપતિએ આદેશ આપ્યો. કે તત્ક્ષણ મારો મર્ત્ય માનવદેહ ગયો, ને પવિત્ર એવું શંકરનું ગણપણું હું પામ્યો. આમ 'માલ્યવાન' એવું મારું નામ ધૂર્જટિની પ્રસાદીરૂપે[12] છે. તે જ હું, ફરીથી પાછો, પાર્વતીના શાપને કારણે અહીં મનુષ્યરૂપે ઉપસ્થિત છું. હવે તું, પેલી શિવજીએ કહેલી (મૂળ) કથા (હરકથા) માંડ જેથી આપણા બન્નેની આ શાપદશા શમે.

ઇતિ

કવિશ્રી સોમદેવભટ્ટવિરચિત 'કથાસરિત્સાગર'ના

'કથાપીઠ' નામે પ્રથમ લમ્બકનો સાતમો તરંગ. □

પાદટીપ

૧. મૂળમાં છે 'શક્તિહસ્ત;' 'શક્તિ' શબ્દના અનેક અર્થો છે : બળ કે સામર્થ્ય; પ્રતિભા કે પ્રજ્ઞા; શક્તિદેવી; શબ્દની અર્થવાહકતા વગેરે. એક અર્થ થાય શસ્ત્ર, ખાસ કરીને દૈવી શસ્ત્ર. અહીં દેવ કાર્તિકેય હોવાથી શસ્ત્ર 'ભાલો'.

૨. 'તેન અહમ્ અમૃતાસારસંસક્તિ' એમાં 'આસાર' એટલે 'ઝપટું', જોરદાર વર્ષાધારા. જુઓ 'રઘુવંશ' : (૧૩-૨૯) 'આસારસિક્ત ક્ષિતિબાષ્પયોગાત્'.

૩. વ્યાકરણ ટૌનીના સમયમાં, એની નોંધ-મુજબ, બંગાળમાં પ્રચલિત હતું. એના પર દુર્ગાદાસે વૃત્તિ લખી છે, તે ત્રિલોચનદાસ કવિરાજે ટીકા લખી છે, વરરુચિએ જે ગણ લખ્યા છે. તે પર વળી શ્રીપતિવર્માએ ટિપ્પણી કરી છે. ઉપરાંત ગોપીનાથ, કુલચન્દ્ર, વિશ્વેશ્વર વગેરેની ટીકાઓ પણ છે.

૪. મોર કાર્તિકેયનું વાહન છે. કલાપ એટલે મોરની પૂંછડીનાં પીંછાંનો જથ્થો.

૫. સંસ્કૃત, પ્રાકૃત અને દેશી, એ ત્રણે ભાષા તો પ્રતિજ્ઞાનુસાર છોડવી પડી; એટલે આ ગણાય ચોથી ભાષા.

૬. ભૂતપ્રેત રાતે જ નીકળે એવી માન્યતા પૂર્વ-પશ્ચિમ બન્નેમાં છે. શેક્સપીઅરમાં તો ઠેર ઠેર છે. દા.ત. 'હેમ્લેટ'ના પહેલા અંકના પહેલા દૃશ્યને અંતે. યુરોપમાં ગ્રિમની લોકકથાઓમાં ભૂતપ્રેત goblins આવે છે. 'ભૂત' વ્યાપક અર્થમાં પિશાચ, રાક્ષસ વગેરે અનેક માટે વપરાય છે. પણ ચોક્કસ અર્થમાં લોકમાન્યતા મુજબ, 'અવગતે ગયેલા' જીવ તે 'ભૂત'. લોકમાન્યતાનુસાર એની પરખ ત્રિવિધ : એને પડછાયો ન હોય, કપૂર સળગાવતાં જ એ ભાગે, અને એ નાકમાંથી બોલે.

૭. મૂળ ક્રિયાપદ છે. 'વવ્રે' - 'નું હરણ કરી લીધું.' આવા પ્રસંગો મહાદેવભાઈના જીવનમાં એક-બે નહિ ચાર વાર બનેલા. 'કામાતુરાણાં ન ભય ન લજ્જા' એ સૂત્ર જાણીતું છે. અહીં નારીને જ ચંચલ ચિત્તવાળી કહી છે તે ભારોભાર સ્ત્રીદ્વેષ જ છે.

૮ આવા વાણીતર આંગિક સંકેતોનો વ્યવહાર-વિનિમય ઘણા દેશોમાં હતો અને છે - ખાસ, કરીને પૂર્વમાં અને આફ્રિકામાં. શિક્ષણનું પ્રમાણ જ્યાં ઓછું કે નહિવત્ હોય ત્યાં આવો વિનિમય જરૂરી બને. ખાસ કરીને સ્ત્રી પર જ્યાં નિયંત્રણો ઘણાં હોય ત્યાં વળી આવો વિનિમય વિશેષ હોય. અથવા ઘણાની હાજરીમાં અમુક વાત, બીજાને ખબર ન પડે એમ કરી લેવી પડે એમ હોય ત્યાં આવી પારસી (એટલે 'સાંકેતિક બોલી') અનિવાર્ય બને. વેપારીઓ વચ્ચે આવો વ્યવહાર આજે પણ ક્યાંક ક્યાંક જોવા મળે છે. સોનીઓને તો પોતાની આવી સાંકેતિક બોલી (પારસી) હતી. લોકકથાઓમાં આવા સંકતોમાં વાત ઘણે સ્થળે છે. ઈતિહાસમાં પણ આવી કથાઓ છે. પારસીઓના આગમનટાણે રાજાએ દૂધ મોકલ્યાની, તો પારસી આગેવાનોએ એમાં સાકર નાખીને પાછું મોકલ્યાની વાત જાણીતી છે. અઢાવનના બળવા-સમયે રોટી ને કમળના સંકેતો હતા.

અહીં વળી સંજ્ઞાની વાત પ્રહેલિકારૂપ પણ બને છે, એક પ્રકારનું ખાણું, 'વેતાલપચ્ચિશી'ની પહેલી જ કથામાં આવું ઉખાણું છે. પ્રિન્સ ઇવાન અને પ્રિન્સેસ આના વચ્ચેના પ્રણયની રશિયન લોકકથામાં પણ, અહીં છે તેમ, સંજ્ઞાઉકેલમાં આખ્યાપક કેટોમા સહાય કરે છે.

૯ મહાભારતના આદિપર્વમાંના શકુન્તલાખ્યાનમાં, પ્રથમ દર્શને જ પ્રેમમાં પડેલ રાજા શકુન્તલાને કહે છે, મનુમહારાજે જે આઠ લગ્નવિધિ પ્રકારો ગણાવ્યા છે તેમાંનો એક છે આ ગાંધર્વવિવાહ. એ રીતે એ શાસ્ત્રોક્ત છે. વળી એનો પુત્ર ગાદીનો હકદાર જરૂર ગણાશે, કણ્વ આવે છે ને શકુન્તલાની આપન્નસત્ત્વાસ્થિતિ જાણે છે ત્યારેય કહે છે કે ક્ષત્રિયો માટે ગાંધર્વવિધિની છૂટ છે.'કથાસરિત્સાગર'માં ડઝનેક સ્થળે એનો ઉલ્લેખ.થયો ત્યારે વિગતો અપાયેલી છે.

૧૦. 'વંચયિતુમ્' એટલે 'એને છેતરવા' નહિ પણ 'એની પરખ કરવા' એવો એ ક્રિયાપદનો બીજો અર્થ પણ છે તે નોંધ પાત્ર છે. આજે આ ક્રિયાપદ એકમાત્ર આગલા અર્થમાં જ પ્રયોજાય છે.

૧૧. બેન્ફીએ આ કથાનું મૂળ બૌદ્ધ જાતકકથામાં હોવાનું જણાવ્યું છે. ગૌતમ પૂર્વજન્મમાં શિબિ હતા ત્યારે, આમ, પોતાનું માંસ કપોત માટે આપેલું. એવી બીજી પણ ઘણી કથાઓ છે. શિબિકથાઓનું સામ્ય 'ઓવિડ'ની Philemon અને Baucisની કથા જોડે પણ છે. પર્શિયન નાયક હાતિમ તાઈ પોતાની જાંઘના માંસથી વરુને સંતોષે છે. વસ્તુની કથાઓ પરના લેખોનો નિર્દેશ પેન્ઝરે કર્યો છે.(I૮, પા. ટી)

૧૨. 'પ્રસાદ' એટલે 'પ્રસન્નતા' એવા મૂળ અર્થમાં.

વિદ્રધિ - ગડગૂમડ

માધવ ચૌધરી

શરીરના કોઈ પણ થોડાક ભાગ ઉપર સોજો આવી તેમાં દુઃખાવો શરૂ થાય, સોજો રતાશ પડતો રંગ પકડે, ગરમ લાગે કે ગાંઠનો આકાર થવા માંડે તો એ જગ્યાએ ગૂમડું થવાનું એ લક્ષણ છે. અત્યંત વૃદ્ધિ પામેલા તથા હાડકાંનો આશ્રય કરી રહેલા વાતાદિ દોષો પહેલાં ત્વચા, લોહી, માંસ અને મેદને બગાડી ધીમે ધીમે ભયંકર સોજો ઉત્પન્ન કરે છે. આ સોજાનું મૂળ ઊંડે હાડકાં સુધી ગયેલું હોય છે. તેને વિદ્રધિ - ગડ કે ગાંઠ કહે છે. વિદ્રધિ- ગાંઠ બે જાતની હોય છે : એક આંતર વિદ્રધિ (જે શરીરની અંદર થાય છે) અને બીજી બાહ્યવિદ્રધિ (જે ચામડીને ઉપસાવી શરીરની બહાર થાય છે).

વાતપિત્તાદિ જુદા-જુદા દોષોથી ત્રણ, ત્રિદોષથી, ક્ષત (વાગવા)થી અને રક્તથી થનારી, એમ છ પ્રકારની વિદ્રધિ થાય છે. ગાંઠ કે ગૂમડાં પર ત્રિફળાં કે વિલાયતી મીઠાનાં, પાણીનાં, સુખડ વગેરેનાં પોતાં મૂકવાં. છતાં પણ તેમાં દાહ થાય, ઝીણોઝીણો તાવ આવે, અરુચિ થાય, રાત્રે ઊંઘવા ન દે ત્યારે તેમાં પાક થવા લાગ્યો છે એવું સમજી તેના ઉપર ઘઉંના લોટની પોટીસ કરી કપડાના બેવડમાં રાખી બાંધવી અને વારેવારે ગરમ શેક કરવો. અળશીનો, મૂળાનાં બીનો કે સરસવ ઇત્યાદિનો લેપ કરવો. આમ કરવાથી કાચાં ગૂમડાં જલદી પાકે છે.

ગાંઠ-ગૂમડાંને પોટીસ અને શેકથી પકવ્યા પછી, ગડગૂમડ ફૂટ્યા પછી દબાવીને પરુ કાઢી નાખવું અને તેને રુઝવવા લેપ-મલમ ચોપડવા. વિદ્રધિ-ગાંઠ-ગૂમડાં થયાં હોય ત્યારે રોજ દસ ગ્રામ હીમજ લેવી. (હીમજ તૂરી છે છતાં રસાયન ગુણવાળી હોવાથી લઈ શકાય છે.) અને લૂખો, સાદો તથા હલકો - દાળ, ભાત, ખીચડી, શાકનો - ખોરાક લેવો. દૂધ, દહીં, છાશ, માખણ, ઘી, ગળપણ, લોટ ઇત્યાદિ ન ખાવાં. તથા તૂરા, કડવા, ખાટા પદાર્થો અને મીઠું બંધ કરવાં.

આંતરવિદ્રધિ : (૧) સાટોડીનાં મૂળ અને વાયવરણાનો ઉકાળો પીવાથી આંતરવિદ્રધિ (શરીરની અંદર થયેલી ગાંઠ) મટે છે. (૨) ધોળી સાટોડીનાં મૂળને પીસી, ચોખાના ઓસામણમાં પીવાથી અપક્વ આંતરવિદ્રધિ તરત જ મટી જાય છે. (૩) કાંચનારની છાલને ચોખાના ઓસામણમાં વાટી, તેમાં સૂંઠ નાખી પીવાથી આંતર ગ્રંથી-ગાંઠ મટે છે. (૪) સરગવાના મૂળના સ્વરસમાં અથવા તેના મૂળના કવાથમાં મધ મેળવીને પીવાથી આંતરવિદ્રધિ મટે છે. (૫) સરગવાનાં મૂળ, અજમો, વાયવરણાની છાલ અને પીપળાની છાલનો ઉકાળો બનાવી, તેમાં બોળનું ચૂર્ણ મેળવી પીવાથી આંતરવિદ્રધિ મટે છે.

જૂની આંતરવિદ્રધિ હોય તો સરગવાના ઉકાળામાં શેકેલી હિંગ, તથા સિંધવ નાખીને સવારે પીવાથી તે મટે છે.

બાહ્યવિદ્રધિ : (૧) સરગવાની છાલનો કવાથ કરી પીવાથી અને તેની છાલને પીસી પોટીસ કરી બાંધવાથી લોહી વીખરાઈ જઈ બાહ્ય વિદ્રધિ-ગાંઠ મટી જાય છે, અથવા જલદી પાકીને ફૂટી જાય છે. (૨) કુંવારનો રસ સહેજ ગરમ કરીને ચોપડતા રહેવાથી કાચી વિદ્રધિ-ગાંઠ બેસી જાય છે, પાકવા માંડેલી ગાંઠ જલદી પાકીને ફૂટી જાય છે અને ફૂટેલી વિદ્રધિ-ગાંઠનું શોધન થાય છે.

મરકી (પ્લેગ)ની ગાંઠ :

(૧) ધતૂરાનાં પાનને ગોળ અને ડુંગળી સાથે ખૂબ ઘૂંટી મરકી (પ્લેગ)ની ગાંઠ પર બાંધવાથી ફાયદો કરે છે.

કાચાં ગૂમડાંને પકવવાના લેપાદિ : (૧) આસંધના લીલા મૂળને ગાયના મૂત્રમાં અથવા પાણીમાં વાટી, ગરમ કરી, લેપ કરવાથી ગૂમડાં પાકીને ફૂટી જાય છે. (૨) શતાવરીનાં પાનને વાટી, ઘીમાં પકવી, ગાળીને એ ઘીનો ગૂમડાં પર લેપ કરવાથી ગૂમડાં પાકે છે. (૩) એરંડાના બીની અંદરના ધોળા ગોળા વાટીને બાંધવાથી ગૂમડાં જલદી પાકીને ફૂટી જાય છે. (૪) તાંદળજાનાં પાન વાટી, પોટીસ બનાવી, ગડગૂમડ પર બાંધવાથી ગૂમડાં પાકી જાય છે. (૫) બોરડીનાં પાનને પીસી, ગરમ કરી, તેની પોટીસ કરી બાંધવાથી અને વારંવાર બદલતા રહેવાથી ગૂમડાં જલદી પાકીને ફૂટી જાય છે. (૬) કબૂતરની હગારને પાણીમાં વાટી, તેનો ગૂમડાં ઉપર લેપ કરવાથી બાર કલાકમાં ગૂમડાં ફૂટી જાય છે. (૭) કબૂતરની હગાર અને ઘઉંના લોટને પાણીમાં પકવી, તેની પોટીસ કરી બાંધવાથી અને તેના ઉપર શેક કરવાથી ગમે તેવું ન પાકતું ગૂમડું પાકી જાય છે. (૮) ડુંગળીને પીસી ઘી કે તેલમાં શેકી, તેમાં હળદર મેળવી પોટીસ કરી, ગૂમડાં ઉપર બાંધવાથી ગૂમડાં જલદી પાકે છે. (૯) ડુંગળીને બાફી, તેમાં મીઠું મેળવી, તેને પીસીને અપક્વ-કાચાં ગૂમડાં પર બાંધવાથી ગૂમડાં જલદી પાકી જાય છે. (૧૦) પાલખનાં પાનને પીસી, તેની પોટીસ બનાવી બાંધવાથી અપક્વ ગાંઠ-ગૂમડાં જલદી પાકી જાય છે. તેમજ પાલખનાં બી વાટી, ખદખદાવી બાંધવાથી પણ ગૂમડાં પાકી જાય છે. (૧૧) અંજીરને પાણીમાં વાટી, તેનો ગૂમડાં ઉપર લેપ કરવાથી ગૂમડાં પાકી જાય છે. (૧૨) બી કાઢેલી કાળી દ્રાક્ષમાં થોડું પાણી મેળવી, ઘૂંટી, મલમ જેવું બનાવી, કપડા પર ચોપડી, નાનાં કે મોટાં ગૂમડાં પર કપડાની પટ્ટી મૂકવાથી-ચોંટાડવાથી એ ગૂમડાંને ફોડીને રુઝ લાવે છે.

સર્વસામાન્ય ગૂમડાં-ગડગૂમડ : (૧) ગળોનાં પાનને મધમાં વાટીને ગૂમડાં પર ચોપડવાથી ગૂમડાં મટે છે. (૨) આસંધના પાન વાટીને બાંધવાથી ગડગૂમડ મટે છે. (૩) એરંડાનાં મૂળને બારીક વાટી, ઘીમાં કે તેલમાં મેળવી, ગરમ કરી, લેપ કરવાથી ગૂમડાં મટી જાય છે. (૪) અરણીનાં મૂળ અથવા અરણીનાં મૂળ અને વાંસનાં પાન વાટી ગાંઠ-ગૂમડાં પર લેપ

(અનુસંધાન પાન ૫૬૫ ઉપર)

કલાવાર્તા

માઈકલ એન્જેલો અને વૅટિકન સિટીનાં ધર્મસ્થાનોમાં તેનું કલાસર્જન

આ અંકના પ્રવાસલેખમાં તેનાં લેખિકાએ વૅટિકન સિટીની પોતાની મુલાકાત વર્ણવી છે. તેના અનુસંધાને આપણે અહીં ત્યાંની કલાસમૃદ્ધિ તથા તેના સર્જક માઈકલ એન્જેલો વિષે જરા વિગતે પરિચય કરીએ.

ઇટાલીના સાંસ્કૃતિ પુનરુત્થાનકાળ (રિનેસાં)નો શિરોમણિ કલાકાર-ચિત્રકાર, શિલ્પી, સ્થપતિ અને કવિ માઈકલ એન્જેલોનો જન્મ ફ્લોરેન્સમાં કેપ્રેસી ગામે ઈ. ૧૪૭૫ની ૬ માર્ચના રોજ થયેલો. પિતા લ્યુડોવિકો બ્યુઓનારોટીના પાંચ પુત્રોમાં માઈકલ બીજો પુત્ર. શરાફી અને ધીરધાર દ્વારા ધન મેળવવું એ જ પિતાની મનોવૃત્તિ અને વ્યવસાય. પણ માઈકલને તો શિલ્પકળામાં જ રસ હતો. આ કામમાં તેર વર્ષની વયે એણે જે શક્તિ દાખવી તે જોઈ એના ગુરુ ધિરલાન્ડીઓએ પોતાના કરતાં પણ ઉચ્ચ ગણાવી હતી. માઈકલના પહેલા જ શિલ્પથી પ્રભાવિત થઈ



માઈકલ એન્જેલો...ડૅનિએલ કા વોલ્તેર નામના એક શિષ્યે ઈ. ૧૫૬૫ માં કરેલું તેનું કાંસ્યશિલ્પ.

ફ્લોરેન્સના શાસક લોરેન્ઝો દ મેડીસીએ પોતાના મેડીસી-મહાલયનો અંતેવાસી બનાવી પુત્ર સમ ગણીને રાખ્યો. પણ ૧૪૯૨માં લોરેન્ઝોનું મરણ થતાં ૧૭ વર્ષનો માઈકલ બોલોના ચાલ્યો ગયો. એક વર્ષ પછી જ્યારે એ વતનમાં પાછો ફર્યો ત્યારે ન તો એની પાસે પૈસા હતા કે ન કોઈ મુરબ્બીનો આશરો.

પણ એથી નિરાશ ન થતાં એણે ક્યુપિડ (કામદેવ)ની એક આરસપ્રતિમા બનાવી, અને પિતરાઈઓની સલાહથી કેટલોક સમય જમીનમાં દાટી રાખી અને પ્રાચીન પ્રતિમા તરીકે વેચી. પણ ખરીદનાર કાર્ડિનલ રીઆરોને આ બનાવટની જાણ થઈ ગઈ. છતાં તેણે માઈકલને રોમ બોલાવ્યો અને શિક્ષા કરવાને બદલે માઈકલની પ્રતિભાને પ્રોત્સાહન આપ્યું.

દરમિયાન જૅકોપ ગાલી નામના એક શરાફે માઈકલ પાસે શરાબના અધિષ્ઠાતા ગ્રીક દેવતા 'બેક્સ'ની પ્રતિમા બનાવરાવી. પૂરા કદની પ્રતિમા ઘડવાનો માઈકલનો એ પહેલો પ્રયાસ હતો, પણ રોફ અને દમામથી છાકટા બેક્સના વિલાસી સૌંદર્યને એણે એટલી તો સચોટતાથી મૂર્તિમંત કરેલું કે એના વિષે ચોતરફ ચકચાર મચી ગઈ. બેક્સની એ પ્રતિમા ફ્રેન્ચ કાર્ડિનલ વિલિયર્સના જોવામાં પણ આવી અને એ કલાસુજ્ઞ ધર્માધિકારીએ માઈકલના શિલ્પ-કૌશલ્યને પહેચાની લીધું. સેંટ પીટરના મહાદેવળમાં પધરાવવા માટે આવી જ કલાત્મક પણ પવિત્ર ભાવ પ્રકટાવે એવી એક પ્રતિમા બનાવવાનું કામ એમણે માઈકલને સોંપ્યું. ટાઈબરને કાંઠે ભરેલા આરસભંડારમાંથી એણે જોઈતી શિલા પસંદ કરી. ટ્રાસ્ટવેરના યહૂદી મહોલ્લામાં જઈ વસીને જીસસના ઉચિત ચહેરા માટે તથા રોમનાં ખાનદાન કુટુંબોની યુવાન સ્ત્રીઓમાં માતા મેરીના ચહેરીના શોધ ચલાવી. મિત્રો-સ્નેહીઓથી અળગા રહી નર્યો એકાંતવાસ સેવીને એણે અદ્ભુત એક નિષ્ઠા અને અદમ્ય ઉત્સાહથી રાતદિવસ જોયા વિના સતત શ્રમ કરીને એણે વધસ્તંભ ઉપરથી ઉતારેલા ઈસુ ખ્રિસ્તને પોતાના ખોળામાં લઈને બેઠેલી શોકાર્ત માતા મેરીનું જે શિલ્પ નિરૂપણ કર્યું તે એની ઉત્કૃષ્ઠતાને કારણે આજે સદીઓ પછીય દુનિયાભરમાં શ્રેષ્ઠ અને અદ્વિતીય શિલ્પરત્ન ગણાય છે. (જુઓ આ અંકના પૂઠા પરની તેની છબી.) 'પિએતા' નામે જગવિખ્યાત આ શિલ્પ સર્જન પછી 'શિલ્પીશ્રેષ્ઠ'નું બિરુદ પામી એ વતન પાછો ફર્યો.

અહીં એણે એક નકામી પડી રહેલી આરસશિલામાંથી પુરુષદેહના આદર્શ સમી છ મીટર ઊંચી વિવસ્ત્ર ડેવિડની મહાકાય પ્રતિમા કંડારી. પૌરુષની આ અદ્ભુત પ્રતિમાના શરીરસૌષ્ઠવના પ્રભાવ તળે તેનું વિવસ્ત્રપણું સહેજ પણ ખટકતું નથી. આનાથી માઈકલની કીર્તિ ચોમેર પ્રસરી ગઈ. તેનાથી પ્રેરાઈને ખુદ પોપે એને પોતાનું સ્મારક ઘડવા રોમ બોલાવ્યો. પણ વળતરની બાબતમાં કંઈક મતભેદ થતાં તે વતન પાછો ફર્યો. ત્રણેક વર્ષે સમાધાન થતાં તે ફરી રોમ ગયો અને ત્યાં પોપના અંગત પ્રાર્થના મંદિર - સિસ્ટાઈન ચેપલમાં ચિત્રો કરવાનું કામ સોંપાયું. પોતાનું એ ક્ષેત્ર ન હોવાં છતાં એણે ઉત્તમ રીતે એ કામ કરી બતાવ્યું એ અંગે કેટલીક ટીકા થતાં નારાજ થઈ એ વતનમાં પાછો આવતો રહ્યો.

ઈ. ૧૫૨૭માં ફ્લોરેન્સે મેડીસી રાજકર્તાઓની ધૂંસરી ફગાવી દેવા બળવો કર્યો. હવે બાવન વર્ષે પહોંચેલા માઈકલે પણ તેમાં ઝંપલાવ્યું, જેમાં એણે કિલ્લાઓની મરામત અને રચના વગેરેનું કામ સંભાળ્યું. પણ એ શહેરના પતન પછી ફરીથી એ પોતાના કામમાં લાગી ગયો. રોમના ધર્માસને બિરાજેલા એક પછી એક પોપે અને લોકપ્રિય શ્રીમંતોએ એની પાસે ચિત્રો, પ્રતિમાઓ, ધર્માલયો અને સુશોભિત સમાધિ-મંદિરો બનાવડાવાં માંડ્યાં. એક વેળાના મુફલિસ માઈકલને હવે ધન અને કીર્તિ મળવા લાગ્યાં. છતાં ખાનપાન અને પહેરવા-ઓઢવામાં એ હજીય એવો જ કરકસરિયો ને લઘરવઘર રહેતો. એનો આખો દિવસ આરસ, છીણી અને હથોડી જોડે પસાર થતો. સંન્યાસી સમો નર્યો એકાંતવાસ એણે અપનાવ્યો હતો. પોતાના કામ સાથે જ એણે સંગત અને મહોબત રાખી હતી. ફ્લોરેન્સમાં મેડિસી પરિવારના સમાધિમંદિરમાં ટુકડે ટુકડે એણે વર્ષો સુધી કામ કરેલું. એ કાળનાં એનાં શિલ્પસર્જનોમાં 'મોઝિઝ'ની

એક ભવ્ય પ્રતિમા પણ એનાં ઉત્તમ શિલ્પરત્નોમાંની એક ગણાય છે અને દુનિયાભરમાં પ્રસિદ્ધિ પામી છે.

ઈ. ૧૫૩૪માં નવા પોપે એને આગ્રહપૂર્વક સિસ્ટાઈન ચેપલનું ચિત્રકામ પૂરું કરવા કહ્યું, અને ચિત્રકામને એ પોતાનું ક્ષેત્ર નહોતો માનતો છતાં એણે ત્યાંની આખી છતમાં બાઈબલનાં કથાનકો અને પાત્રો ચીતર્યાં, જેમાં 'લાસ્ટ જજમેન્ટ' (અંતિમ ન્યાય)નું વિશાળ ભીંતચિત્ર એના ચિત્રકામના ઉત્કૃષ્ટ નમૂના રૂપે દુનિયાભરમાં ખ્યાત છે.


આ પછી ઈ. ૧૫૪૫માં એણે વર્ષોથી ચાલતા જુલિયન સમાધિના કામને પૂરું કર્યું અને ત્યાં ફરી પોપે રોમના મહાદેવળ સેંટ પીટર્સને પુરું કરવા મુખ્ય સ્થપતિ તરીકે એની નિમણૂક કરી. સ્થાપત્યને પણ એ પોતનો વિષય માનતો નહોતો. પણ ધર્મગુરુઓએ એ કામ પણ એની પસે કરવ્યું, અને એમાં પણ એણે અવિરત પરિશ્રમ લઈને દુનિયાના એ સૌથી મોટા અને બેનમૂન દેવળના ઘૂમટ તથા તેની તળેના દેવળના મુખ્ય ભાગનું અદ્વિતીય કલામય સર્જન કરી બતાવ્યું. એને મન આ દેવળ ખ્રિસ્તી ધર્મોની સર્વોપિરિતાના પ્રતીક સમુ હોઈ કેવળ ઈશ્વરપ્રીત્યર્થે જ એણે આ જવાબદારી ઉપાડેલી. જો કે આ ઘૂમટનું કામ પુરું થતાં એ જોવા પામ્યો નહિ. ઈ. ૧૫૬૪ની ૧૮ ફેબ્રુઆરીએ એનું અવસાન થયું.

શિલ્પ, ચિત્રકળા અને સ્થાપત્ય ઉપરાંત કાવ્યક્ષેત્રે પણ એની પ્રતિભા વિકસી હતી. ઇટાલી ભાષમાં એનાં સૉનેટનું ઊચું સ્થાન રહ્યું છે. યુવાનીમાં અને ઉત્તરાવસ્થામાં એણે રચનાઓ કરેલી.

કુટુંબીઓના એકમાર્ગી વલણ, સમાજના અનેક કડવા અનુભવો તેમજ પ્રતિસ્પર્ધીઓની ઈર્ષ્યાભરી હેરાનગતિની કડવાશને અંતરમાં ભંડારી દઈ આ પ્રતિભાવંત કલાકારે પોતાનાં કોઈ સર્જનો પર તેની અસર પડવા દીધી ન હતી. વેટિકન સિટીમાં જોવાં મળતાં એનાં ઉત્કૃષ્ટ કલાસર્જનોમાંથી કેટલાંક પર એક નજર નાખીએ.

માઈકલ ઍન્જેલોનાં શિલ્પોમાં 'પિએતા' તેની સર્વોત્કૃષ્ટ કૃતિ છે, એટલું જ નહિ આજે સદીઓ પછી યે તે દુનિયાભરનું સર્વોત્તમ શિલ્પરત્ન ગણાય છે. આ અંકના પૂઠા પર તે આપ્યું છે. વધસ્તંભ ઉપરથી ઉતારેલા ઈસુના લોહી નીતરતા દેહને ખોળામાં લઈ બેઠેલી શોકગ્રસ્ત માતા મેરી એ 'પિએતા'નો વિષય છે. અન્ય અનેક કલાકારોએ ચિત્ર અને શિલ્પમાં આ વિષયને ઉતાર્યો છે, જેમાં માતા મેરીને શોકમગ્ન પ્રૌઢા તથા જીસસના હાથપગ લોહીઝરતા દર્શાવાતા રહ્યા છે. પણ માઈકલ ઍન્જેલોએ ૨૪ વર્ષની વયે ઘડેલા આ શિલ્પમાં પરંપરિત વાસ્તવિક નિરૂપણના બદલે એથી ઉપર એવી રજૂઆત કરી છે. મૃત હોવા છતાં એમાં ઈસુ ખ્રિસ્ત રક્તના રેલા વગરના અને માતાના ખોળામાં નિરવધિ શાંતિથી પોઢ્યા હોય તેવા જીવંત લાગે છે. માતાના હાથને ટેકે તેના ખોળામાં એમનો દેહ શિથિલ દેખાય છે. વળી, મેરીને પણ એણે શોકગ્રસ્ત અને પ્રૌઢ દર્શાવવાને બદલે પોતાના પુત્ર કરતાંયે યુવાન અને શાશ્વત પાવિત્ર્યના મૂર્તિમંત સ્વરૂપે નિરૂપી છે. અંતરમાં ભંડારી દીધેલા પુત્રવિયોગના એના શોકનો એકમાત્ર સંકેત એના લંબાએલા હાથ દ્વારા મળે છે. અહીં માઈકલનો આશય ઇશુનો ઘવાએલો મૃતદેહ દર્શાવીને કોઈ પ્રત્યે ઘૃણા ઉપજાવવાને બદલે ભાવનાપૂર્ણ સહાનુભૂતિ પ્રકટાવવાનો છે. એ જ રીતે મરિયમને પણ દયાર્દ્ર અને વિચારમગ્ન નજરે મૃત પુત્રને તાકી રહેલી દર્શાવી છે. પુત્ર કરતાં યે વધુ યુવાન દેખાતી માતાના એ નિરૂપણ સામે ઘણી ટીકાઓ પણ થએલી, પરંતુ તેના ઉત્તરમાં એણે કહ્યા પ્રમાણે કુમારી મેરી કદી પ્રૌઢ કે વૃદ્ધા ન જ હોય; એ તો સદાય પવિત્ર નિષ્કલંકિત અને નિર્મળ હોઈ એના યૌવની અખંડિતા સદાય જેવી ને તેની જ રહે.

આ શિલ્પમાં ક્રાઈસ્ટનું કદ પૂર્ણ કદના માનવદેહ જેવડો વિવસ્ત્ર અને પુરુષદેહના આદર્શ સમો તથા માનવીય છતાં દિવ્યતાથી ઓપતો બતાવ્યો છે. જ્યારે વર્જિનનું કદ તેણે વાસ્તવિક કરતાં વધુ મોટા કદમાં કંડાર્યું છે. જો એ ઊભી થાય તો સહેજે સાતેક ફુટ જેટલી એ ઊંચી લાગે. છતાં તેનું મસ્તક તો ક્રાઈસ્ટના મસ્તક જેવડું જ છે. છતાં જોનારને એ ક્યાંય ખટકતું નથી. વસ્ત્રોની નજાકતભરી વિગતપૂર્ણ કોતરણી પણ આ શિલ્પને વધુ ઉષ્માભર્યું અને જીવંત બનાવે છે. માતાના મસ્તકની આસપાસ એણે વસ્ત્રને જે રીતે કંડાર્યું છે તેનાથી તેના આધ્યાત્મિક સૌંદર્યને વિશેષ પુષ્ટિ મળે છે. માનવીયતાને ઢાંકી દીધા વિના સમગ્ર શિલ્પમાં દિવ્યતા ઝળહળે છે.



સિસ્ટાઈન ચેપલની છત પરના ચિત્રાંકનના અર્ધભાગનું રેખાંકન





સિબીલ એટલે દેવદૂતિકા. ઈશુ ખ્રિસ્તના આગમન પૂર્વે એના વિષે ભાવિ ભાખનાર દેવાંશી સ્ત્રીપાત્રો.
સિસ્ટાઈન ચેપલની છતમાં માઈકલ એન્જેલોએ એમનાં અનેક પાત્રો આલેખ્યાં છે તેમાંના બે, ડેલ્ફિક સિબીલ અને લિબીઅન સિબીલ.

ભ્રષ્ટ ગણાતા 'બેક્સ'ની મૂર્તિમાં વિલાસી મૃદુ માંસલ, સૌંદર્ય અને એની સુંવાળી ત્વચાના આકર્ષક સૌંદર્યને જોઈ માઈકલની કલાપ્રતિભાને પારખી જઈ ફ્રેન્ચ કાર્ડિનલ વિલિયર્સે માઈકલને આવી જ કલાત્મક પણ પવિત્ર ભાવના પ્રકટાવે તેવી પ્રતિમા બનાવવાનું કામ સોંપ્યું અને એમ 'પિએતા'નું સર્જન થયું.

કાર્ડિનલની ઇચ્છા આ પ્રતિમાને ફ્રાંસના રાજાના અંગત દેવળમાં પધરાવવાની હતી પણ એ પહેલાં એનું અવસાન થયું. અને 'પિએતા' વિષયક અગાઉની બધી કૃતિઓ કરતાં એન્જેલોની આ પ્રતિમા તદ્દન નિરાળી હોઈને પોપ એલેક્ઝાંડર છઠ્ઠા એને વેટિકનમાં ક્યાંય પણ મૂકવા દેશે કે નહિ તે પણ પ્રશ્ન હતો. કારણ કેટલાક સમકાલીન કલાકારો આ પ્રતિમાને પરંપરિત ધાર્મિક ખ્યાલોથી ભિન્ન અને એથી અધાર્મિક માનતા-મનાવતા હતા.


પ્રતિમા નામંજૂર થવાના ડરથી માઈકલ અને એના સાથીઓએ ઈ. ૧૫૦૦ની એક સૂમસામ રાતે વેટિકનના 'ફ્રાંસના નૃપતિખંડ'માં એક ગોખમાં ચૂપચાપ ગોઠવી દીધી. ન તો એનું વિધિસર પ્રતિ-સ્થાપન થયું ન એના પર શુભાશિષ દેવાયા. એ વર્ષે મહોત્સવ નિમિત્તે ત્યાં આવેલા અસંખ્ય યાત્રાળુ-ઓએ પણ એ જોવાની કંઈ દરકાર કરી નહિ.

એક દિવસ 'પિએતા'ના સર્જક તરીકે કોઈ યાત્રીઓને ભળતાં જ નામ દેતાં સાંભળી એન્જેલોને એવી તો દાઝ ચડી કે તે જ રાતે એ ગુપચુપ જઈને એના પર પોતાનું નામ કોતરી આવ્યો. પોતાની આ એક જ કૃતિ ઉપર એણે પોતાનું નામ કંડાર્યું છે. કાળાંતરે પિએતાના કલાસૌંદર્યની પહેચાન વધી અને આજે એ દુનિયાભરનું એક શ્રેષ્ઠ શિલ્પ ગણાય છે. અને એટલે જ તો ન્યૂ યૉર્કના વિશ્વમેળામાં એને અમેરિકા મોકલાયું ત્યારે એક કરોડ ડૉલરના વીમા સાથે એની સલામતી અને અતિશય તકેદારી રાખવામાં આવી હતી. પણ આ અમૂલ્ય કલારત્નને કંઈ પણ નુકસાન ન થાય એ માટે ત્યાર પછી કદીય વેટિકન બહાર નહિ કાઢવાની પોપ પૉલ છઠ્ઠાએ આજ્ઞા આપી હતી.

આમ છતાં સદીઓથી જળવાઈ રહેલા શિલ્પને ૧૯૭૫માં લાસ્ઝિયો ટૉથ નામના ૩૪ વર્ષના એક સીડની (ઑસ્ટ્રેલિયા)વાસી હંગેરીઅન પાગલે તેના પર પ્રહાર કરીને માતા મેરીના ડાબા હાથ, તથા એનાં આંખ-નાક અને મસ્તકના પાછળના ભાગને હાનિ પહોંચાડેલી. આ ગાંડો માણસ પોતાની જાતને ક્રાઈસ્ટનો અવતાર ગણાવતો હતો અને પોતાને મોતની સજા થાય તો ય સ્વર્ગમાં જવાનો દાવો કરતો હતો. પોલીસોમાં



લાસ્ટ જજમેન્ટ-અંતિમ ન્યાય. ચિત્રકલાને પોતાનું ક્ષેત્ર ન માનવા છતાં એની સર્જન-પ્રતિભા તથા નિરૂપણ-કૌશલની પ્રતીતિ કરાવતું સિસ્ટાઈન ચેપલમાંનું એક જગવિખ્યાત ભવ્ય ભીંતચિત્ર. તેની બંને બાજુની ભીંતો ઉપર સોળમી સદીના અન્ય ચિત્રકરોએ આ અગાઉ કરેલાં ચિત્રો છે. આગળ નીચે આ દેવળનું વેદીસ્થાન છે.



સંત પીટરને મૃત્યુદંડ. માઈકલ એન્જેલોનું છેલ્લું ચિત્રસર્જન.

એ જાણીતો હતો અને પોપને મળવાની એની વારંવારની બેહૂદી માગણીઓ તથા વિચિત્ર વર્તણૂકો બદલ એને ઇટાલી છોડી જવાનું ફરમાન હતું.

અંતે નિષ્ણાત દ્વારા 'પિએતા'ની સુંદર રીતે મરામત કરી લેવામાં આવી અને હવે તો તેને કાચના આવરણ વડે રક્ષણ આપવામાં આવ્યું છે એટલું જ નહિ, તેનાં દર્શન પણ દૂરથી કરવા પડે તેવી વ્યવસ્થા થઈ છે.

વેટિકન સિટીમાં માઈકલ એન્જેલોએ પિએતાના સર્જન દ્વારા શિલ્પી તરીકે જે વિશ્વવ્યાપક પ્રતિષ્ઠા મેળવી છે એવી જ વ્યાપક પ્રતિષ્ઠા સિસ્ટાઈન ચૅપલનાં ભીંતચિત્રો દ્વારા ચિત્રકાર તરીકે મેળવી છે. જો કે ચિત્રકામ એ પોતાનો વિષય ન હોવાનું માનતા માઈકલે આ કામને ટાળવા અનેક પ્રયત્નો કર્યા પરંતુ એના ઇન્કારને ન ગણકારતાં એ સમયના પોપે તેને આ કામ સોંપ્યું. માઈકલને એવી પણ શંકા હતી કે શિલ્પી તરીકેની પોતાની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવા કેટલાક તેજોદ્વેષીઓએ એકઠા થઈ પોપને આમ કરવા પ્રેર્યા હતા. અંતે કચવાતે જીવે ૧૫૦૯ના જાન્યુઆરીમાં આ કામનો આરંભ કર્યો.

સિક્સ્ટસ ચોથા માટે બનેલું અને એથી સિસ્ટાઈન નામે ઓળખાતું આ ચૅપલ ઈ. ૧૪૭૩માં બંધાએલું. ૧૩૨ x ૪૪ ફુટના આ વિશાળ પ્રાર્થના મંદિરની ઈંટની ભીંતો ત્રણ ફુટ જેટલી તો જાડી છે. એની અસલની ઊંચી બારીઓ તથા સાંકડો પ્રવેશ-માર્ગ, ભીંતની ટોચે કાંગરા અને નજીકમાં જ સૈનિકોના આવાસ જોતાં સંરક્ષણાર્થે પણ તેનો ઉપયોગ થતો હશે તેમ લાગે છે. માઈકલે કામ આરંભ્યું ત્યારે તેની છતમાં તારાંકિત આકાશનું તથા ભીંતો ઉપર ૧૫મી સદીના ખ્યાતનામ ચિત્રકારોએ કરેલાં ઈસુના જીવનપ્રસંગોનાં ચિત્રો હતાં. માઈકલે તેમાં કેટલાક ફેરફાર કરાવ્યા હતા. બીજી પણ ઘણી મુશ્કેલીઓ હતી પણ એક વાર હાથ ધરેલા કાર્યને શક્ય તેટલી સારી રીતે પૂર્ણ કરવાની તેની ખાસિયતને કારણે બધી મુશ્કેલીઓના ઉકેલ લાવીને એણે જે ચિત્રકામ કર્યું તે આજ સુધી અદ્વિતીય જ રહ્યું છે, અને આ પણ આ પ્રકારના કાર્યના કોઈપણ પ્રકારના પૂર્વાનુભવ વિના એટલું જ નહિ, રંગ ઘૂંટનારા એકાદ-બે સહાયકો સિવાય બીજા કોઈ ચિત્રકારના સાથ વગર ચાર ચાર વર્ષ સુધી, જમીનથી ૬૮ ફુટ ઊંચે પાલખ ઉપર ચત્તા-ઊંધા માથે, આડાઅવળા કે ટૂંટિયું વાળીને સૂતાં સૂતાં એણે આ છત ઉપર ૫૮૦૦ ચો. ફુટ જેટલા વિસ્તારમાં ૩૦૦ થી યે વધુ પાત્રો ચીતર્યાં છે.

આ સમગ્ર ચિત્રાંકનને ત્રણ મુખ્ય ભાગમાં વહેંચી નાખી તેમાં તેણે દુનિયાના ઉદયકાળની જેનિસિઝની કથાઓને સાંકળી લીધી છે. આમાં એણે બહારની કિનાર પરની હારમાં ઈસુના જન્મ પૂર્વેનાં બાઈબલ કથિત પાત્રો મૂક્યાં અને તેના ચાર ખૂણે બાઈબલના કેટલાક પ્રસંગો. તે પછી અંદરના બીજા ભાગમાં જૂના કરારમાં વર્ણવેલી સિબીલ એટલે કે ઈસુનું આગમન ભાખનારી તથા માનવીય છતાં દિવ્યતાવાળી વ્યક્તિઓ આલેખી છે. અને મધ્યના છેલ્લા ત્રીજા વિભાગમાં નવ જેટલા મોટા લંબચોરસ ચિત્રખંડોમાં એણે જેનિસિઝની કથાઓ ચિત્રિત કરી છે. તથા તેના ખૂણાઓ પર વિવસ્ત્ર શોભનપાત્રો મૂક્યાં છે. આ મોટા ચિત્રખંડોમાં જોનાહના ચિત્રથી આરંભી એણે જે વિકાસકથા ચીતરી છે તેમાં અનુક્રમે તિમિર અને અંધકારનું વિભાજન, સૂર્ય-ચંદ્ર અને ગ્રહોનું સર્જન, જળતત્ત્વનો ઉદ્ભવ, આદમનું સર્જન, ઈવનું સર્જન, ઈડનના બાગમાં આદમ અને ઈવનું મુક્ત વિચરણ તથા જ્ઞાનવૃક્ષનું ફળ ચાખવાની પ્રેરણા ને તે બાદ એ બંનેની સ્વર્ગમાંથી હકાલપટ્ટી, નોઆહનું બલિદાન, પૃથ્વીનો પ્રલય અને કેદગ્રસ્ત નોઆહની કથા ચિત્રિત કરી છે. આ સાથે એ સમગ્ર છતનાં ચિત્રોનો અર્ધો ભાગ સ્પષ્ટતા ખાતર રેખાંકન રૂપે આપ્યો છે, સાથે બે સિબીલ તથા આ અંકના પૂઠાના બીજા તથા ત્રીજા પાને આદમ તથા ઈવના ઉદ્ભવનાં ચિત્રો આપ્યાં છે.

પૂરાં ચાર વર્ષ સુધી એનું આ કામ ચાલેલું અને ઊંચી ડોકે કામ કરવાને પરિણામે એની ગરદન એવી તો જકડાઈ ગએલી કે પત્ર વાંચવા માટે એણે એ અદ્ધર ધરી રાખી ઊંચી ડોકે જોવો પડતો, અને એની આંખો પણ નબળી પડી ગઈ હતી. ૧૫૧૨ની ૩૧ ઑક્ટોબરે આ ચૅપલ જાહેર પ્રજા માટે ખુલ્લું મુકાયું ત્યાં સુધી માઈકલે પોપ સિવાય બહારના સૌ કોઈને માટે તેમાં પ્રવેશબંધી રખાવી હતી.

સિસ્ટાઈન ચૅપલની છતના ચિત્રકાર્ય પછી આ પ્રાર્થનામંદિરના વેદીસ્થાનની પાછળની સમગ્ર ભીંત ઉપર ૪૮ x ૪૪ ફુટના વિશાળ વિસ્તારમાં 'લાસ્ટ જજમેન્ટ' (અંતિમ ન્યાય)ના ભીંતચિત્રનું કાર્ય માઈકલને સોંપાયું. ઈ.૧૫૩૬ થી ૧૫૪૧ સુધી એણે તેના પર કામ કર્યું. એમાં એણે ૩૧૪ જેટલાં

પાત્રો સાથે બાઈબલકથિત અનેક બાબતો સમાવી છે. આમાં ડાબી બાજુ એણે સન્માર્ગી આત્માઓને સ્વર્ગમાં જતા અને જમણી બાજુએ પાપીઓને નર્કમાં જતા બતાવવા સાથે વિખ્યાત સંતોને પણ તેણે આ ચિત્રમાં દર્શાવ્યા છે. આટલાં બધાં પાત્રોના ખીચોખીચ આલેખનમાં પણ એણે જે વિધવિધ અંગસ્થિતિ અને વિવિધ સંયોજનો કરી બતાવ્યાં છે તે એની અદ્વિતીય ચિત્રાલેખન-શક્તિ માટે માન પ્રકટાવે છે. સમગ્ર ચિત્રના કેન્દ્રમાં એણે પરંપરાથી વિમુખ થઈ દાઢીમૂછ વગરના જિસસને ન્યાય તોળતા દર્શાવ્યા છે ને તેની બાજુમાં માતા મેરી. મૂળ તો એણે આ બધાં જ પાત્રો વિવસ્ત્ર જ ચીતરેલાં, કારણ ઈશ્વરના સર્વોત્કૃષ્ટ સર્જન માનવદેહને વસ્ત્રોથી ઢાંકીને ચીતરવામાં એ ઇશ્વરનું અપમાન સમજતો. પણ કેટલાક ચોખલિયા ટીકાકારોએ પાછળથી એ પાત્રો પર વસ્ત્રો ચીતરાવીને ઢાંકવા પ્રયાસ કર્યો. અલબત્ત, આનાથી મૂળ ચિત્રસર્જનની અસલીઅતને હાનિ થઈ ખરી, છતાં એથી માઈકલ એન્જેલોની કલાપ્રતિભા ઢંકાઈ નથી.

જ્યારે આ ભવ્ય ભીંતચિત્રનું અનાવરણ થયું ત્યારે જોનારા સૌ કોઈ આભા બની ગએલા. ખુદ પોપ પૉલ ત્રીજા ચિત્રથી પ્રભાવિત થઈ તેની સમક્ષ પ્રાર્થનાર્થે ઘૂંટણીએ પડ્યા હતા. સમગ્ર યુરોપમાં તેની ખ્યાતિ પ્રસરી ગઈ હતી.

'લાસ્ટ જજમેન્ટ' પૂરું થયાના બીજા જ વર્ષે પોપ પૉલ ત્રીજાએ પોતાના નવા 'પૉલિન ચૅપલ' માટે બીજાં બે મોટાં ભીંતચિત્રોનું કામ માઈકલને વળગાડ્યું. આ ચિત્રોના કામનાં સાત વર્ષ દરમિયાન બે વખત તેમાં રૂકાવટ આવેલી. રોમની પલટાએલી સામાજિક અને રાજકીય સ્થિતિ તથા અતિશય શ્રમને કારણે માઈકલ હવે થાકી ગયો હતો. છતાં આવી પડેલું કામ એણે સ્વીકારી લીધું. પોતાના મૃત્યુ પૂર્વે એકાદ માસ પહેલાં જ એણે આ કાર્ય પૂરું કરેલું. આ બે ચિત્રોમાંનું એક 'ક્રુસીફિક્શન ઑફ સેન્ટ પીટર' (સંત પીટરનો વધ) આ સાથે આપ્યું છે. ૮૦૭ દિવસે એ પૂરું થએલું. માઈકલ એન્જેલોનું આ છેલ્લું કલાસર્જન છે.

સેન્ટ પીટર ઈશુ ખ્રિસ્તના બાર શિષ્યોમાંના એક હતા. કેપરનમના જોનસના એ પુત્ર. પોતાના ભાઈ એન્ડ્રયુ સાથે ગૅલિલીના સરોવરમાં એ માછીનો ધંધો કરતા. એમનું મૂળ નામ તો સાઈમન હતું, પણ ઈશુએ એમને સીફસ કે પીટર નામ આપેલું. ખ્રિસ્તીઓની સુવાર્તામાં ભાવનાના આવેગવાળા પાત્ર તરીકે એમનો ઉલ્લેખ છે. ઈશુના વધ પછી એ એક મોટા ધર્મપ્રચારક બની રહેલા. યહૂદીઓના એક મોટા ઉત્સવ - પેન્ટિકોસ્ટ પછી એમણે પ્રથમ ધર્મોપદેશ આપેલો. યહૂદી નહિ એવા વિધર્મીને પોતાના પંથમાં દાખલ કરનાર એ પ્રથમ હતા. સમગ્ર મધ્ય એશિયામાં એમણે ધર્મોપદેશ આપ્યાનું મનાય છે. આ પછી એ રોમ આવ્યા અને અહીં, સંભવતઃ સમ્રાટ નીરોના વખતમાં ઈ. ૬૮માં વધસ્તંભ પર ચડાવી એમને મૃત્યુદંડ અપાયો હતો. વધસ્તંભ ઉપર ખીલાથી જડાએલા હોવા છતાં માઈકલે એમના ચહેરા પર પીડા બતાવવાને બદલે જે ભાવ દર્શાવ્યો છે તે જાણે જોનારને એમ કહી રહ્યો છે કે તમે પણ આમાં સંડોવાયેલા છો. આસપાસ એકઠા થએલા માનવસમૂહની અંગસ્થિતિઓ દ્વારા માઈકલે એમની અવાક્ ભયભીત મનોદશાને સચોટતાથી વ્યક્ત કરી છે. ઊંડાણ દર્શાવતી તેજછાયાને આલેખતી માઈકલની આ આગવી ચિત્રશૈલી આગળ જતાં ઇટાલીની ચિત્રશૈલીની પ્રેરક બની રહેલી અને ૧૬મી સદી સુધીમાં તો ઇટાલીની બહાર પણ પ્રસરી ગએલી, જેનું આખરી રૂપ અલ ગ્રેકોનાં ચિત્રમાં પ્રકટ થાય છે.

બિ. ટાંક

અનુસંધાન] અડકો દડકો [પૃષ્ઠ ૫૮૩ પરથી

ઢીચકુ કહે 'લે ચાલ, આપણેય ઘર તરફ...' બંને પોતપોતાને ઘેર ગયા.

ઢીચકુને ઘેર આવેલો જોઈ બહેન ઢીચકી હરખાઈ ઊઠી.

ચકાચકીનેય આનંદ થયો.

ચકી કહે, 'બેટા ઢીચકુ ક્યાં હતો તું ?'

'અરે માડી...ખૂબ મજા પડી...ઊડવાની...બહુ ગમ્મત કરી...મારા દોસ્ત પિન્ચુ સાથે !'

'પિન્ચુ ? એ વળી કોણ ?' ઢીચકી બોલી...

'મારું દોસ્ત ! બુલબુલ !'

- પછી ઢીચકુએ પોતાના પરાક્રમની વાત કરી. બધાને ખૂબ ગમ્મત પડી.

ઢીચકુ ઊડ્યો ને પાંખોથી પટ્ પટ્ પટ્ કર્યું... બધાં ગભરાયાં...અરે આ બંદૂક કોણે ફોડી ....?'

ઢીચકુ કહે, "મેં....મેં...ફોડી !"

કેમ મજા પડીને ? સૌ હસતાં ગમ્મત કરતાં માળામાં લપાઈ ગયાં...! (સંપૂર્ણ)

યોસેફ મૅકવાન

અનુસંધાન] વાચકો લખે છે. [પૃ. ૫૫૦ પરથી

જાણવાની જિજ્ઞાસા થઈ હોય તેમને કદાચ ઉપયોગી થશે તેમ ધારી થોડી વધુ વિગતો જણાવું છું.

દુનિયાના જુદા જુદા દેશોની સંસ્કૃતિઓમાં માનવચેતનાની ઉત્ક્રાંતિ મટેનું જ્ઞાન ગુહ્યપણે જળવાયેલું છે. તે બધાના સત્ત્વનું દોહન કરીને ગુર્જિએફે એક વિશિષ્ટ અને સુગઠિત "શાસ્ત્ર" રજૂ કર્યું. વૈજ્ઞાનિક અભિગમને સંતોષે તેવી ઢબે ચોક્કસ અર્થ ધરાવતી ચોક્કસ પરિભાષામાં તે રજૂ થયું છે. ફકીર, સાધુ-સંત અને યોગી એ ત્રણેયના એકાંગી માર્ગથી ભિન્ન એવો દૈનિક ગૃહસ્થીમાં રહીને ઉત્ક્રાંતિ સાધવાનો આ ચોથો માર્ગ હોઈ તેને 'The Psychology of Man's Possible Evolution' વાચવું ઘટે. તે પછી જો વધુ ઊંડાણમાં જવાની જિજ્ઞાસા રહે તો તેમના જ દળદાર પુસ્તક 'In Search of the Miraculous Fragments of an Unkown Teaching'નો અભ્યાસ કરવો જોઈએ. આ અંગ્રેજી પુસ્તકોના પ્રમાણભૂત અનુવાદ ગુજરાતીમાં થયાનું મારી જાણમાં નથી. ગુર્જિએફ અને તેમના વિચારો વિશે ગુજરાતમાં જે પ્રકાશનો જોવામાં આવ્યાં છે તેના મારફત તેની વિશિષ્ટતાઓનો સાચો અને પૂરતો ખ્યાલ આવતો નથી.

ગુર્જિએફ અને ઑસ્પેન્સ્કીએ રજૂ કરેલા દર્શનને સમજવાનો અને જીવનમાં ઉતારવાનો જ્યાં પ્રયત્ન થતો હોય તેવી સંસ્થા 'સ્કૂલ' તરીકે ઓળખાય છે. આવી એક આંતરરાષ્ટ્રિય સ્કૂલનાં કેન્દ્રો અને સ્ટુડન્ટ્સ ભારતમાં પણ છે. કોઈ વાચકને તેમના સંપર્કમાં રસ હોય તો સ્થળ અને ટેલિફોન નંબર આ પ્રમાણે છે: દિલ્હી ૬૪૧૫૪૦૦, મુંબઈ ૬૩૪૫૩૬૧, અમદાવાદ ૭૭૯૦૭૯, રાજકોટ ૪૩૫૪૨ અથવા ૪૪૬૨૧. દિલ્હી અને મુંબઈનો સંપર્ક માત્ર અંગ્રેજીમાં જ થઈ શકે છે.

એક બીજી વાત. "જવાહરલાલ નહેરુ મહાન નેતા હતો" અથવા "ગાંધી સત્ય શોધક હતો" એવો એકવચની પ્રયોગ ગુજરાતીમાં સાંભળવા કે વાંચવા નથી મળતો પરંતુ "આલ્બર્ટ આઈન્સ્ટાઈન મહાન વૈજ્ઞાનિક હતો" કે પછી "ગુર્જિએફ સ્વયં એક રહસ્ય બની રહ્યો." એવું આપણે વિના સંકોચે બોલી અને લખી શકીએ છીએ. પરદેશી મહાનુભાવો માટે આવો પક્ષપાત કેમ?

- કિશોર ગોહિલ (રાજકોટ)

ઢીચકુ ઘર તરફ

ઢીચકુને ઘર યાદ આવતાં ઘેર જવાની ચટપટી થઈ. બધાં તોફાન ભૂલી એ અને પિન્ચુ બુલબુલ ઊડતાં - ઠેકતાં ઘર તરફ નીકળ્યાં.

ઢીચકુ કહે, 'દોસ્ત પિન્ચુ ! મારે ઘરે ચાલ...તને ઢીચકીનો પરિચય કરાવું !' પિન્ચુ કહે, 'આવીશ પછી કોઈવાર ! હમણાં તો મારાં બચ્ચાંય મારી રાહ જોતાં હશે ને !'

ત્યાં તો એક ઝાડ આગળ એમણે કૌતુક જોયું ! બંને ત્યાં રોકાયાં. ઝાડ પર એક કાગડો બેઠો હતો. એને પગે એણે મંજીરા બાંધ્યા હતા. એ થોડી થોડીવારે પગ ઝુલાવતો ને -

ઠન્ ઠન્ ઠન્નક ઠન્
ઠન્ ઠન્ ઠન્નક ઠન્...

મંજીરા વાગી ઊઠતા. નીચે છોકરાઓનું ટોળું હતું. એ આ કાગડાને જોતા ને તેમને મજા પડતી. તેઓ કિલકારીઓ કરતા. કાગડાને ગમ્મત થતી. છોકરાઓનેય મજા પડતી. પિન્ચુ બુલબુલ અને ઢીચકુ ચકલાનેય લ્હેર પડી. ઢીચકુ કહે, 'વાહ કાગડા ભાઈ ! આ શું વગાડો છો ?'

'મંજીરા....!'

પિન્ચુ કહે, 'મજા પડે છે...ક્યાંથી લાવ્યા ?'

કાગડો કહે, 'પણે મંદિરેથી...જાતે જ ચાંચથી બાંધ્યા !' એમ કહી વગાડવા લાગ્યો : ઠન્ ઠન્ ઠન્નક ઠન્...

એટલામાં બે ત્રણ છોકરાઓ આ કાગડા માટે, રોટલી, પૂરીના ટુકડા, લાડુનો ભૂકો, વધેલો ભાત વગેરે લઈ આવ્યા. ઝાડ નીચે બધું મૂક્યું ને ગાવા લાગ્યા.

અડકો દડકો

આવ ઠન્ ઠન્ આવ
ભાત ખા, પૂરી ખા
રોટલી લઈને ઊડી જા...

ઠન્ ઠન્ કાગડો તો નીચલી ડાળીએ આવી બેઠો. ઢીચુક-પિન્ચુનેય કાગડાએ બોલાવ્યા. બીજા કાગડાય આવ્યા. ચકલાંય આવ્યાં. કાબરોય આવી. સૌ મોજથી જમવા લાગ્યાં.

ઠન્ ઠન્ કાગડો ઝાડની ડાળીએ બેસી હીંચતો મંજીરા વગાડતો ગાવા લાગ્યો.

હળી મળીને ખાઓજી
ગીત મજાનાં ગાઓજી
આનંદે સૌ રહોનેજી.
બોલો બોલો...સૌ મજામાં છોનેજી...

ઢીચકુ કહે, 'વાહ કાગડાભાઈ, તમે આમ ગાયા કરો ને અમે ઝાપટીએ ? ચાલો....તમેય....આવો નીચે...!'

ઠન્ ઠન્ કાગડો કહે, 'મને ગાવામાં મજા પડે છે !'

આવો કલશોર સાંભળી બાંડિયો કૂતરો ત્યાં ધસી આવ્યો. તેણે આ તાલ જોયો. ઘૂરક્યો. એને થયું કાગડા પાસેથી મંજીરા લઈ લઉં... ને હું વગાડું તો આ છોકરાઓ મનેય ખાવાનું આપશે. બસ એમને રાજી કરીશ તો આ ઝાડ નીચે પડી રહી વગર મહેનતે ખાવાનું મળશે.....

બાંડિયો ભસ્યો : વાઉ...વાઉ....વાઉ...!

છોકરાઓ ચમક્યા. ગભરાયા ને ભાગ્યા. કાગડા, કાબર, ચકલાંય ઊડ્યાં ને પહોંચ્યાં ઝાડ પર.

ઢીચકુએ જોયું તો બાંડિયો કૂતરો ઠન્ ઠન્ કાગડાને તાકતો ઊભો છે... ને કાગડો તો ગાવામાં મશગુલ છે. ઢીચકુ પિન્ચુને કહે, 'જો આની ગમ્મત કરું છું !' આટલું બોલી ઢીચકુ ઊડ્યો. બાંડિયા પાછળ જઈ ઊડીને પાંખો અથડાવી પટ્ પટ્ કર્યું !

બાંડિયો કૂતરો ચમક્યો...ને ડર્યો.

ઢીચકુએ વળી પટ્ પટ્ પટ્ કર્યું !

બાંડિયા કૂતરાને થયું અરે આ તો કોઈ ગોળી છોડે છે ને હું બચી જાઉં છું... ભાગવા દે.... બાંડિયો ભાગ્યો. ઢીચકુ ઝાડમાં છુપાતો વળી ઓચિંતો પટ્ પટ્ કરે. બાંડિયો કૂતરો ગભરાય ! બાપ રે...આ કોણ બંદૂક ફોડે છે ? હેં !'

એની નજરે ઢીચકુ આવે જ નહીં ને !

ભાગતા ભાગતા બાંડિયો કૂતરો એક ઝાડ પાછળ હાંફતો ઊભો રહ્યો. પાછળ જુએ પણ કશું સમજાય નહિ. કોઈ દેખાય નહિ. 'માળું આ બંદૂક કોણ ફોડતું હશે ?' એમ વિચારતો પાછ જોતો હતો ત્યાંથી વળી માથા પર પટ્ પટ્ થયું ?

બાંડિયો કૂતરો છલાંગ મારી ભાગ્યો. 'સાલુ...કોણ ગોળી છોડે છે ?'

ઢીચકુ તો પાંખોની તરકીબ કરી તરત છુપાઈ જતો. બાંડિયો છેવટે ભાગી ગયો. ખાસ્સો દૂર નીકળી ગયો. પછી ઢીચકુ પાછો વળ્યો. પિન્ચુ બુલબુલ એની રાહ જોતું હતું. ઢીચકુ કહે, 'અરે બધા ક્યાં ગયા ?'

પિન્ચુ કહે, 'બધા ગયા. ઠન્ ઠન્ કાગડોય ગયો !'

(અનુસંધાન પાન ૫૮૨ ઉપર)

સાહિત્યસંપર્ક

વિષ્ણુપ્રસાદ ત્રિવેદીનું નિધન

ગઈ સદીના છેલ્લા દશકથી આ સદીના છેલ્લા દશક સુધી જેમનું વય અને ગાંધીયુગથી અનુગાંધીયુગ સુધી જેમનું વિવેચન વિસ્તરેલું તે મૂર્ધન્ય અને મહામના સારસ્વત વિષ્ણુપ્રસાદ ત્રિવેદીનો ૧૦મી નવેમ્બરે સુરતમાં એમના નિવાસસ્થાને દેહવિલય થતાં ગુજરાતી સાહિત્યે એક તપસ્વી સાક્ષર ગુમાવ્યા છે. એમનો જન્મ ૧૮૯૯ના જુલાઈની ચોથી તારીખે ઉમરેઠમાં થયો હતો. ૧૯૧૬માં સાક્ષરભૂમિ નડિયાદની ગવર્મેન્ટ હાઈસ્કૂલમાંથી મૅટ્રિક થયા ત્યારે કોને ખબર હશે કે એ ભૂમિનો એમને રંગ લાગી જશે ! ગાંધીયુગના આ વિવેચકનાં રસરુચિનો એક છેડો સાક્ષરયુગ સાથે સંધાયેલો રહ્યો. ૧૯૨૦માં અમદાવાદની ગુજરાત કોલેજમાંથી પ્રથમ વર્ગમાં બી.એ. થઈ દક્ષિણા ફેલો નિમાયા. ૧૯૨૧માં સુરતની એમ.ટી.બી. કોલેજમાં અંગ્રેજી અને સંસ્કૃતના અધ્યાપક તરીકે જોડાયા. ૧૯૨૩માં સંસ્કૃત અને ગુજરાતી વિષયો લઈ એમ.એ. થયા, અને ૧૯૬૧માં એમ.ટી.બી. કોલેજ સુરતમાંથી જ નિવૃત્ત થયા. અલબત્ત, એઓ સાહિત્યિક પ્રવૃત્તિમાંથી આમરણ નિવૃત્ત થયા નહોતા. એમને ૧૯૪૪માં રણજિતરામ સુવર્ણચંદ્રક, ૧૯૪૫-૪૯નાં વર્ષો દરમિયાનનો નર્મદચંદ્રક અને ૧૯૬૨માં સાહિત્ય અકાદમી દિલ્હીનો પુરસ્કાર મળેલો તે તેમની સાહિત્યિક સિદ્ધિની દ્યોતક ઘટનાઓ છે. ૧૯૪૧માં અંધેરીમાં મળેલા ગુજરાતી સાહિત્ય પરિષદના અધિવેશનમાં ભાષાવિજ્ઞાન તેમજ ૧૯૪૯માં જૂનાગઢમાં મળેલા અધિવેશનમાં સાહિત્ય વિભાગના પ્રમુખ વરાયેલા. ૧૯૬૧માં કલકત્તામાં મળેલા ગુજરાતી સાહિત્ય પરિષદના એ અધ્યક્ષ હતા. ૧૯૭૧માં એમને દક્ષિણ



ગુજરાત યુનિવર્સિટીની ડી. લિટ્‌ની માનદ્ પદવી તથા ૧૯૭૪માં સાહિત્ય અકાદમીની ફેલોશિપ એનાયત થયેલી. ગુજરાત સાહિત્ય અકાદમીએ એમને નરસિંહ મહેતા ઍવોર્ડથી તાજેતરમાં નવાજ્યા હતા.

વ્યક્તિ તરીકે વિષ્ણુભાઈ સાત્ત્વિક નમ્રતાની સૌજન્યમૂર્તિ. વાણી-વ્યવહારમાં એ પ્રતિબિંબિત થાય. સુઘડતા અને સુંદરતાના ઉપાસક. મૂલ્યનિષ્ઠા પણ એવી જ અનુકરણીય. મૂલ્યહ્રાસ થતો જણાય તો એમનો પુણ્યપ્રકોપ પ્રજ્વલી ઊઠે. અને છતાંય એકંદરે કરુણાર્દ્ર હૃદયની માધુરી એમના પદે પદે ઝમી રહે.

વિવેચક તરીકે વિષ્ણુભાઈ પ્રશિષ્ટ રુચિના. એમની શૈલીમાં કવિત્વના ચમકારા જરૂર વર્તાય, પણ જ્યારે કોઈ તત્ત્વ કે મુદ્દાની વાત પર વિમર્શ કરતા હોય ત્યારે પૂરેપૂરા તર્કપૂત. પોતાના ખ્યાલોને મક્કમતાથી વળગી રહે, પણ બીજાના ખ્યાલનો કદી અનાદર ના કરે. પોતાની સાહિત્યિક માન્યતાઓમાં જો બીજાની દલીલ પ્રતીતિકારક લાગે તો તેનો પુનર્વિચાર પણ કરે. એમની આ ઉદારતાએ જ એમને અનુગાંધીયુગ સાથે સાંકળી આપ્યા હતા. એમના વિવેચનમાં અંગ્રેજી અને સંસ્કૃત સાહિત્યના ઊંડા અભ્યાસની પ્રતીતિ થાય અને સાથે સાથે સ્વકીય મુદ્રા ઊપસી રહે. આમ, એઓ બહુશ્રુત વિદ્વાન હતા. સાહિત્ય સિવાયના ધર્મ, અધ્યાત્મક, વિજ્ઞાન, સમાજવિદ્યા, માનસશાસ્ત્ર આદિ અનેક વિષયોમાં એમને જીવંત રસ હતો. આ બધાની પ્રતીતિ એમનાં અન્ય લખાણોમાંથી થયા વગર રહેતી નથી.

એમના વિવેચન-લેખોનો પ્રથમ સંગ્રહ 'વિવેચના' નામથી ૧૯૩૯માં પ્રકટ થયો હતો. ૧૯૪૯માં 'પરિશીલન', ૧૯૬૧ માં 'ઉપાયન' અને ૧૯૭૯માં 'સાહિત્યસંસ્પર્શ', આદિ વિવેચન લેખોના સંગ્રહ પણ પ્રાપ્ત થયા છે. ૧૯૫૦માં 'અર્વાચીન ચિંતનાત્મક ગદ્ય' નામના તેમના ગ્રંથમાં એમણે ૧૯૪૬માં આપેલાં ઠક્કર વસનજી વ્યાખ્યાનો સંગૃહીત થયાં છે. ૧૯૬૦માં ગુજરાત યુનિવર્સિટીમાં ગો. મા. ત્રિપાઠી વ્યાખ્યાનમાળામાં આપેલાં વ્યાખ્યાનો ૧૯૬૩માં 'ગોવર્ધનરામ : ચિંતક અને સર્જક' નામે ગ્રંથસ્થ છે. એમની વિવેચનામાં પ્રત્યક્ષ અને સૈદ્ધાંતિક એમ બંને પ્રકારની વિવેચનાનાં ઉદાહરણો જોવા મળે છે. એમની વિવેચક તરીકેને મુખ્ય નાડ રોમૅન્ટિકતાની છે પણ એમના રસવિશ્વને અને અભિવ્યક્તિપક્ષને જોતાં એમનામાંનો પ્રશિષ્ટતાવાદી ભાવક અછતો રહેતો નથી. એમણે વિવેચનમાં ઝુકાવ્યું તે પહેલાં સર્જકતાના સ્પર્શવાળી જે કેટલીક રચનાઓ આપી છે તે ૧૯૨૪માં પ્રકટ થયેલા 'ભાવનાસૃષ્ટિ'માં જોવા મળે છે. ૧૯૮૨માં પ્રકટ થયેલા એમના ગ્રંથ 'દ્રુમપર્ણ'માં સાહિત્ય, શિક્ષણ અને સંસ્કૃતિ વિષયક નિબંધો છે તો ૧૯૮૭માં પ્રકટ થયેલા ગ્રંથ 'આશ્ચર્યવત્'માં ચિંતનાત્મક લલિત નિબંધોનો ફાલ ઉતરેલો છે.

વિષ્ણુભાઈ જેવા ગાંધીયુગ અને અનુગાંધીયુગની સાંકળ સમા પ્રૌઢ સારસ્વતના જવાથી ગુજરાતી વિવેચન-સાહિત્યના ક્ષેત્રે લાંબો સમય મોટી ખોટ વર્તાશે. ધી. પ.

શબ્દાર્થચર્ચા

અહીં 'હોશિયાર' શબ્દજૂથના સભ્ય શબ્દોની જુદી જુદી અર્થછાયાઓ અને તેમના વપરાશની ચર્ચા કરી છે.

૧.	અક્કલ. સ્ત્રી. (અ. અક્કલ) બુદ્ધિ. વાળો વિ.	૩
૨.	આવડવું અ. ક્રિ. (સ. આપત્ પ્રા. આવડ = આવવું, આવી લાગવું) - ની જાણ હોવી; નું વાકેફ હોવું, - ની કુશળતા હોવી. આવડ, ૦ત સ્ત્રી. કુશળતા. તે ઉપરથી આવડતવાળો વિ. કુશળ, હોશિયાર.	૮૫
૩.	એક્કો પું. ('એક' ઉપરથી) રમવાનાં પાનામાંનું એક સંજ્ઞાવાળું પત્તુ (૨) બળદ કે ઘોડાથી ખેંચાતું વાહન (૩) એકતા; સંપ (૪) (લા.) સૌથી બાહોશ અથવા કુશળ આદમી; શ્રેષ્ઠ પુરુષ	૧૩૩
૪.	કુશલ(ળ)વિ. (સં.) શુભ; કલ્યાણકારી (૨) આરોગ્યવાન (૩) પ્રવીણ; હોશિયાર	૧૯૭
૫.	ચતુર વિ. (સં.) ચાલાક; હોંશિયાર	૨૯૨
૬.	ચાલાક વિ. (ફા.) ચતુર; હોશિયાર (૨) ધૂર્ત	૩૦૩
૭	નિપુણ વિ. (સં) પ્રવીણ	૪૮૯
૮	પાવરધું વિ. (ફા. પરવર્દર) કુશળ	૫૩૬
૯	પ્રવીણ વિ. (સં) કુશળ	૫૬૨
૧૦	બાહોશ વિ. (ફા.) ચાલાક; હોશિયાર	૫૯૦
૧૧	બુદ્ધિ સ્ત્રી. (સં.) વસ્તુને જાણવાની ચિત્તની આકલન કે સમજશક્તિ; જ્ઞાન; વિવેક; ડહાપણ (૩) વિચાર-શાળી વિ. હોશિયાર	૬૦૨
૧૨.	સમજ, ૦ણ સ્ત્રી. ('સમજવું' પરથી) અક્કલ; જ્ઞાન : ડહાપણ (૨) પરસ્પર સમજી રાખેલી વાત; કરાર, સમજુ, સમજદાર વિ.	૮૨૧

૧૩. સાવધ-ધાન વિ. (સં) હોશિયાર; ખબરદાર; સાવચેત; જાગૃત ૮૫૧

૧૪. સાવચેત વિ. (સર. મ. સાવચિત; હિં) સાવધાન; જાગૃત; સચેત ૮૫૨

૧૫. હોશિયાર વિ. (ફા.) ચાલાક; કુશળ; નિપૂણ (૨) સાવધ; સાવચેત; ખબરદાર (૩) સમજુ; બુદ્ધિશાળી ૯૦૨

હવે નીચેના પદને જુદા જુદા ભાષા વપરાશના સંદર્ભમાં સમજવાની કોશિશ કરીએ.

દા.ત. હોશિયાર છે/હોશિયાર નથી.

૧. રમેશમાં હોશિયારીનો છાંટો નથી.

ઉપરના વાક્યમાં હોશિયારી એટલે અક્કલ. રમેશ જરાય અક્કલવાળો નથી. એવો અર્થ આ સંદર્ભમાં રમેશ હોશિયાર નથી એ વાક્યનો કરવાનો રહે.

૨. અમારા કૌટુંબિક પ્રશ્નોની ગૂંચો ઉકેલવાની હોય ત્યારે રમેશને યાદ કરવો જ પડે. એ ભારે હોશિયાર છે.

ઉપરના સંદર્ભમાં 'એ ભારે હોશિયાર છે' એ વાક્યનો અર્થ થાય 'એ ઘણો આવડતવાળો છે.'

૩. રમેશ ગણિતમાં સૌથી હોશિયાર.

આ વાક્યમાં સૌથી હોશિયાર એટલે 'એક્કો' એવો અર્થ થાય. કોઈ ખાસ વિષયમાં ખૂબ હોશિયાર હોય ત્યારે સામાન્ય રીતે 'એક્કો' એ શબ્દ વપરાય.

૪. અમારે રમેશ જેવા હોશિયાર કારીગરની જરૂર છે.

આ વાક્યમાં હોશિયાર એટલે કુશળ. કોઈ ખાસ પ્રકારની તાલીમમાંથી પસાર થયેલો. કોઈ ખાસ પ્રકારની વિશેષ કારીગરીનો જાણકાર. Craft ના સંદર્ભમાં કુશળ વ્યક્તિ હોય.

૫. રમેશ કોઈથી છેતરાય પણ નહીં ને કોઈને છેતરે પણ નહીં. એ ભારે હોશિયાર છે.

આ સંદર્ભમાં 'ભારે હોશિયાર' એટલે ચતુર. અહીં ચાલાક એવો અર્થ કરવાની લાલચ એટલા માટે જતી કરવી પડે કે ચાલાક વિશેષણ માત્ર સદ્ગુણનું જ નહીં, અવગુણનું પણ આરોપણ કરે છે.

૬. બધાની આંખમાં ધૂળ નાખી, ખિસ્સુ કાપી રમેશ છટકી ગયો. ભારે હોશિયાર !

ઉપરના સંદર્ભમાં ભારે હોશિયાર એટલે ચાલાક. કોઈને બનાવવામાં, છેતરવામાં જે હોશિયારી વપરાય તે ચાલાકી. આ કારણે 'હાથચાલાકી' એવો સમાસ પણ પ્રચલિત છે. એટલે આ સંદર્ભમાં 'ચતુર' ભાગ્યે વાપરી શકાય.

૭. રમેશ દાળમાં વઘાર કરે ને આખી પોળમાં છીંકાછીંક થઈ જાય. પાકશાસ્ત્રમાં એ ઘણો હોશિયાર.

અહીં પાકશાસ્ત્રમાં હોશિયાર એટલે નિપૂણ. અહીં સામાન્ય રીતે પાવરધો એવો અર્થ કરવાની લાલચ થઈ શકે, પરંતુ સામાન્ય રીતે રમતગમતમાં હોશિયારને પાવરધો ગણાય.

૮. રમેશ શોર્ટપીચ બૉલને હુક કરવામાં ઘણો હોશિયાર છે.

આ વાક્યમાં હોશિયાર એટલે પાવરધો. એમાં એની ટેકનિક, ઝડપ, સમયસૂચકતા વગેરેનો પણ આવડતની સાથે સમાવેશ થાય છે.

૯. જે હોશિયારીથી ગળામાં સૂરોને રમેશ રમાડે છે એ સાંભળવા જેવું છે.

અહીં હોશિયારીથી એટલે પ્રાવીણ્યથી. જબરજસ્ત રિયાઝને અંતે જે હોશિયારી કેળવાઈ હોય તેને માટે સામાન્ય રીતે પ્રાવીણ્ય એવો અર્થ કરી શકાય. કલાના ક્ષેત્રમાં હોશિયારી એટલે પ્રવીણ એવો અર્થ વધુ વ્યાપક છે.

૧૦. જે હોશિયારીથી સરદાર પટેલે રજવાડાઓનું વિલિનીકરણ કર્યું તે કાબીલે તારીફ છે.

આ વાક્યમાં 'હોશિયારીથી' નો અર્થ 'બાહોશીથી' એવો થાય. સામાન્ય રીતે રાજકારણ, સમાજકારણ વગેરેમાં જે મુત્સદ્દીપણું છે તેવી હોશિયારીને બાહોશીરૂપે ઘટાવવામાં આવે છે.

૧૧. પ્રસંગોચિત રીતે વર્તવામાં તેની હોશિયારી જન્મજાત છે.

આ વાક્યમાં હોશિયારી એટલે બુદ્ધિશક્તિ. સામાન્ય રીતે બુદ્ધિશક્તિ જન્મજાત છે એમ મનાય છે. પ્રસંગ, ઘટના કે સ્થળ-સમયને અનુરૂપ સમજી વિચારીને વર્તનાર વ્યક્તિ બુદ્ધિશાળી ગણાય છે. અને એ અર્થમાં 'હોશિયાર' નો અર્થ 'બુદ્ધિશાળી' થાય છે.

૧૨. સાનમાં સમજી જાય એવો એ હોશિયાર છે.

આ વાક્યમાં 'હોશિયાર' એટલે સમજદાર. જેને બહુ ટોકવો ન પડે, રોકવો ન પડે અને માત્ર વ્યક્તિના મોં પરથી જ એના મનોભાવ સમજી જાય એવી હોશિયારીને સમજદારી તરીકે ઓળખવામાં આવે છે.

૧૩. દુશ્મનો તૂટી પડવાના છે. હોશિયાર રહેજો.

આ વાક્યમાં 'હોશિયાર' નો અર્થ સાવધ અથવા સાવચેત થાય છે. સાવધ, સાવચેત અને ખબરદાર એ ત્રણે શબ્દો જાગૃત રહેવું એવો અર્થ વ્યક્ત કરે છે, પણ સંસ્કૃત શબ્દો વાપરવાની ટેવવાળા ખબરદાર શબ્દ વધુ પ્રયોજે એમ નોંધી શકાય. હજુ ગુજરાતી ભાષામાં એમના ચોક્કસ વપરાશના સંદર્ભો સ્થિર થયા હોય એવું લાગતું નથી.

આ ચર્ચાને આધારે એટલું નોંધવું જોઈએ કે 'હોશિયાર' શબ્દજૂથના સભ્યો હોય તેવા શબ્દો એક છેડે જન્મજાત માનસિક શક્તિનો અર્થ વ્યક્ત કરે છે તો બીજી બાજુ વ્યક્તિ તરીકે માણસે કેળવેલી કેટલીક શક્તિઓ(abilities)નો અર્થ વ્યક્ત કરે છે. જુદા જુદા ક્ષેત્રમાં કેળવેલી જુદા જુદા પ્રકારની શક્તિઓ માટે ભાષા જેટલા વધુ શબ્દો વાપરતી હોય - ખરેખર તો ભાષકો એ શબ્દોનો સમજપૂર્વક સભાનતાથી ઉપયોગ કરતા હોય - તેટલી ભાષાની અભિવ્યક્તિક્ષમતા વધે અને ભાષાનો વપરાશ અસરકારક બને.


તમે પણ 'હોશિયાર' અથવા 'હોશિયારી' શબ્દ આવા જુદા જુદા અર્થમાં નિશ્ચિત રૂપે વપરાતો હોય તેવાં વાક્યો ભેગાં કરો. - યોગેન્દ્ર વ્યાસ

અવલોકન

મૂલ્યવાન શતાબ્દી-ગ્રંથ

મહાત્મા ગાંધીજીના પુત્ર સમોવડા અંતેવાસી મહાદેવભાઈ દેસાઈની જન્મશતાબ્દીના આ વર્ષમાં શ્રી મહાદેવ દેસાઈ જન્મશાબ્દી સમિતિ, ગુજરાત દ્વારા શ્રી જયન્ત પંડ્યા અને શ્રી કાન્તિ શાહ દ્વારા સંપાદિત 'શુકતારક સમા મહાદેવભાઈ' નામક ડબલ ક્રાઉન કદનો અને ભારે નેચરલ શેડના કાગળ પર સુઘડ મુદ્રણવાળો તથા મજબૂત પાકી બંધાઈનો ૫૯૬ પૃષ્ઠનો દળદાર ગ્રંથ પ્રકટ થયો છે, જેનું મૂલ્ય માત્ર ૪૦ રૂ. છે. સમગ્ર ગ્રંથને ૯ વિવિધ ખંડોમાં વહેંચવામાં આવ્યો છે. પ્રથમ ખંડ 'અનહદની સરહદે'માં ઉશનસ્, કાકા કાલેલકર, સુશીલા નય્યર, પ્યારેલાલ આદિએ મહાદેવભાઈને આપેલી પદ્ય-ગદ્યબદ્ધ સ્મરણાંજલિઓ છે. બીજા-ત્રીજા ખંડમાં મહાદેવ દેસાઈને જેમણે જેમણે સમીપથી અને દૂરથી જોયા છે તેમણે ગ્રંથનાયકનું સચોટ વ્યક્તિદર્શન કરાવ્યું છે, જેમાંથી મહાદેવભાઈના વ્યક્તિત્વના ભક્તિ, નિર્ભીકતા, નિષ્ઠા આદિ ગુણો સુપેરે ફોરી રહે છે. આમાં સ્વામી આનંદ, મશરૂવાળા, કાકાસાહેબ, પ્રભુદાસ ગાંધી, રા. વિ. પાઠક, નારાયણ દેસાઈ, લીલાવતી મુનશી, મનુભાઈ પંચોળી, નિર્મલા ગાંધી, રામકૃષ્ણ બજાજ આદિનાં ગુજરાતી-હિન્દી લખાણો મૂકવામાં આવ્યાં

(અનુસંધાન પાન ૫૮૯ ઉપર)



ઓહ શિશિરની ટાઢ !
અંગ પરે જાણે મૂકે કો દાતરડાનો વાઢ !
તરુવર કેરાં પાન થથરતાં, ગાન થયાં ઝરણાનાં બંધ;
બાગ મહીં ભમરા ના ઊડે ફૂલોમાં ના રહી સુગંધ.
શું હિમાળો ઊલટ્યો, એનો ધસી રહ્યો આ બાઢ ?
ઓહ શિશિરની ટાઢ !


દેવજી રા. મોઢા

દિલખુશભાઈ દીવાનજી

પીઢ સ્વાતંત્ર્યસેનાની અને સેવાના આજીવન ભેખધારી દિલખુશભાઈ દીવાનજીનું ગઈ ૧૮ જુલાઈ'૯૧ના રોજ ૯૨ વર્ષની વયે અવસાન થયું. સર્વોદય અને રચનાત્મક કાર્યોના ગુજરાતના અગ્રણી - રવિશંકર મહારાજ, બબલભાઈ મહેતા અને જુગતરામભાઈ દવેની સાથે એમનું પણ સ્થાન હતું.

મુંબઈ યુનિવર્સિટીના એ સ્નાતક હતા, પણ અંગ્રેજ સરકારની નોકરી નહિ કરવાનો સંકલ્પ કરી તેઓએ ગાંધીજીની હાકલને માથે ચડાવી મુંબઈમાં રાષ્ટ્રિય શાળામાં શિક્ષક તરીકે પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી. તે પછી ગામડાંમાં જઈ તેને બેઠાં કરવાને તેઓ નવસારી તાલુકાના કાંઠા વિસ્તારના કરાડી-મટવાડને કેન્દ્ર બનાવીને ખાદી અને શિક્ષણનું કામ કરવામાં લાગી ગયેલા.

ઈ. ૧૯૩૭-૩૮માં ગાંધીજીએ નઈ તાલીમના વિચારને વહેતો મૂકવા માટે વર્ધામાં ભારતભરમાંથી જે કેટલાક કેળવણીકારો એકઠા કરેલા તેમાં ગુજરાતમાંથી નાનાભાઈ ભટ્ટ અને જુગતરામભાઈની સાથે દિલખુશભાઈને પણ બોલાવેલા. 'ગુજરાત નઈ તાલીમ સંઘ'ના આદ્યસ્થાપકોમાંના તેઓ પણ એક હતા. ખાદી ગ્રામોદ્યોગ પંચ, ગુજરાત ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ જેવી સંસ્થાઓ સાથે પણ તેઓ વર્ષોથી સંકળાયેલા હતા. દક્ષિણ ગુજરાતના આદિવાસી ક્ષેત્રે ધરમપુરમાં તેમની સીધી રાહબરી હેઠળ ખાદી ઉત્પાદન અને વિક્રય વગેરેનું કામ ચાલતું - આજે પણ તે ચાલે છે.



સ્વાતંત્ર્ય પૂર્વેના કાળમાં આઝાદીની ચળવળોમાં સક્રિય ભાગ લેવાને કારણે અવારનવાર અનેકવાર એમણે જેલવાસ પણ ભોગવેલો.

છ ફુટથી સ્હેજ વધુ ઊંચો દેહ, ચશમાં અને સદાય હસતા ચહેરા સાથે સાદગી એ એમના વ્યક્તિત્વની મુખ્ય લાક્ષણિકતા હતી. કરાડી-મટવાડની ગાંધીકુટિર એ એમનું મુખ્ય કાર્યકેન્દ્ર હતું અને અહીં જ એમના અંતિમ સંસ્કાર કરવામાં આવેલા. તેઓ આજીવન અપરિણીત રહ્યા હતા.

દાદુરની દુનિયા

કોદાળીપગો ટોડ



આ પ્રકારના ટોડનો પગ માંસ અને ચામડીના પડદાથી ચોંટેલો હોય છે. પગ ઉપર મોટા શૃંગીય અને કોદાળી જેવા ઉપસેલા ભાગ (મસા) આવેલા હોય છે. તે પ્રજનન ઋતુ સિવાય જમીન ખોદીને જમીનમાં ભરાઈ રહે છે. જેમ બૂચમાં સ્ક્રૂ ભરાવવામાં આવે છે તે પ્રમાણે આ ટોડ પશ્ચ અને નીચેના ભાગથી જમીનમાં ખૂપે છે. વરસાદ આવ્યા પછી તે ખોરાક મેળવવા જમીનમાંથી બહાર આવી નાના કાણામાં અથવા લાકડાના મોટા ટુકડા નીચે કે ખડકો નીચે જોવામાં આવે છે. તેમનું કદ લગભગ ૩ થી ૮ સે.મી. લંબાઈનું હોય છે. તેમની ચામડી સુંવાળી હોય છે. આંખની કીકી લંબ ચક્ષે ગોઠવાયેલી હોય છે. પ્રજનન વસંત ઋતુના અંતભાગમાં અને ઉનાળાના પ્રારંભે થતું જોવામાં આવે છે. તેનાં ઈંડાં પર્ણની નીચેની સપાટીએ ચોંટેલાં રહે છે.

પ્રો. મહેન્દ્ર પરીખ

ફોટો-કલાકાર આબિદમિયાં સૈયદ

ગુજરાતી વાચકોમાં ફોટોગ્રાફીની સમજ અને રસ કેળવવામાં 'કુમારે' સારો એવો ભાગ ભજવ્યો છે, અને તેમાં આબિદમિયાં સૈયદ-એ.એલ. 'સૈયદનાં ફોટો' ચિત્રોનો મોટો હિસ્સો રહ્યો છે, એટલે 'કુમાર'ના વાચકો તો વર્ષોથી એમનાં નામ અને કામથી પરિચિત છે. ગઈ ૩૦ ઓગસ્ટ ('૯૧)ના રોજ ૮૭ વર્ષની વયે એમનું અવસાન થતાં હવે ગણ્યાગાંઠ્યા જ રહેલા ગુજરાતના ખ્યાતનામ ફોટો કલાકારોમાં એક મોટી ખોટ પડી છે. ઇ. ૧૯૦૪માં પાલનપુર રાજ્યના વરણાવાડા ગામમાં એમનો જન્મ થયેલો. એમના મોટાભાઈ ખાનજીભાઈ પાલનપુર નવાબના ખાસ પ્રીતિપાત્ર ફોટોગ્રાફર હતા અને બહુધા દેશી રાજરજવાડાનાં ફોટોગ્રાફીનાં કામોમાં જ વ્યસ્ત રહેતા. પોતાનો ફોટોગ્રાફીનો રસ

અને કસબ એમને આબિદભાઈ તથા પોતાના બે પુત્રોમાં પણ ઉતાર્યો હતો. આબિદમિયાં તો પાનાં-ગંજીફાની રમતમાં પણ નિષ્ણાત હતા અને એક કાળે અચ્છા શિકારી પણ ગણાતા હતા. પણ ફોટોગ્રાફીમાં તો એમણે આંતરરાષ્ટ્રિય ખ્યાતિ મેળવી હતી. દેશના અગ્રણી સચિત્ર સામયિકોમાં એમનાં ફોટોચિત્ર પ્રકટ થતાં જ રહેતાં. ચિત્રવિષયને જોતાં જ તેના કલામય અંશને પારખી લેનારી ચપળ દૃષ્ટિ તથા સાદામાં સાદા બૉક્સ કેમેરાથી માંડી અટપટી રચનાવાળા કેમેરા વડે તેને ઝડપી લઈને સુંદર ફોટોચિત્ર સર્જવાની એમની સૂઝસમજ અને કસબની કક્ષા હંમેશાં ઊંચી રહી હતી. સ્વાભાવિક જ છે કે એમનાં ફોટોચિત્રોએ અનેક પ્રદર્શનોમાં સંખ્યાબંધ પારિતોષિકો મેળવ્યાં હતાં. ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીએ પણ એમની કલાને સમ્માની એમનું બહુમાન કરેલું. ન્યૂ યૉર્કના કલાસંગ્રહમાં એમના ફોટોચિત્રને સ્થાન મળેલું અને 'યુનેસ્કો' કક્ષાએ પણ તેમને પારિતોષિક મળ્યું હતું.

આમ તો ફોટોગ્રાફી આજે જ્ઞાનવિજ્ઞાનના લગભગ બધાં જ ક્ષેત્રમાં ઉપયોગી બની રહી છે. રંગીન ફોટોગ્રાફી અને ઓટોમેટિક કેમેરા વગેરેના વિકાસને કારણે કેટલીક સરળતા વધવા સાથે તેની પહોંચ પણ ઘણી જ વધી ગઈ છે. પણ આપણે જેની વાત કરીએ છીએ તે ફોટોકલાની છે. ફોટોગ્રાફીના આ કલાસ્વરૂપને પ્રસારનાર ફોટોગ્રાફરને ફોટોકલાકાર કહેવા વધુ સાર્થક છે. અને આ કલાનો વિકાસ સિધ્ધ કરનાર આજના ઘણા ખ્યાતનામ ફોટોગ્રાફરોએ આજની સરખામણીમાં સીમિત ક્ષમતાવાળાં સાધનો અને માત્ર 'બ્લેક એન્ડ વ્હાઈટ' ફોટોગ્રાફીથી આરંભ કરી તેમાં જે સુંદર પરિણામો નિપજાવ્યાં છે તે સર્વથા પ્રશંસનીય છે. આબિદમિયાં એ પેઢીના ફોટોકલાકાર હતા. એમના નિધનથી આ પ્રકારની ફોટોકલાના ક્ષેત્રે લાંબો કાળ ન પુરાય તેવી ખોટ વર્તાયા કરશે. □

સેન્ટ પૉલ દેવળની પ્રાર્થના

કોલાહલ અને ઉતાવળ વચ્ચે ક્ષુબ્ધ થયા વિના ગતિ કરો અને નીરવતામાં કેવી શાંતિ હશે તેનું સ્મરણ કરો. શક્ય હોય ત્યાં સુધી સૌ સાથે સારા સંબંધો રાખો. કોઈનેય શરણે ગયા વિના તમારું સત્ય ઋજુતાથી અને સ્પષ્ટપણે પ્રગટ કરો. સૌની વાત સાંભળો, મંદ બુદ્ધિ અને અજ્ઞાનીઓની પણ. એમને પણ કંઈક કહેવાનું છે. વાચાળ અને આક્રમક માણસોને ટાળો, તેઓ આત્માને સંત્રસ્ત કરે છે. બીજા સાથે સરખામણી કરવાથી તમે મિથ્યાચારી અને કટુ બનશો; કારણ હમેશાં તમારા કરતાં મોટા અને નાના માણસો હોવાના. તમારાં કર્તૃત્વો તેમ જ યોજનાઓની મજા માણો. તમારા જીવનકાર્યમાં રસ લેવાનું ચાલુ રાખો. ભલે એ મામૂલી હોય, સતત પલટાતી દૈવગતિમાં એ જ સાચો પરિગ્રહ છે. રોજ-બ-રોજની પ્રવૃત્તિઓમાં સાવચેતી રાખો, કારણ જગત નર્યા પ્રપંચથી ભરેલું છે. એથી જગતમાંના કંઈ સદ્ગુણ હોય તે પ્રત્યે અંધ થવાની જરૂર નથી. ઘણા માણસો ઉચ્ચ આદર્શો માટે મથે છે. સર્વત્ર જીવન વીરતાથી ભરપૂર છે. તમારામાં મસ્ત રહો. મમતાનો ડોળ કરશો નહિ અને પ્રેમને વક્રતાથી ન જોતા. નરી શુષ્કતા અને નિર્ભ્રાન્તિ વચ્ચે પ્રેમ તૃણસમ સનાતન છે. ભલા થઈ સમયની સલાહ સ્વીકારો. યૌવનના પ્રસાધનોનું ગરવાઈથી નૈવેદ્ય ધરી દો. આકસ્મિક સંકટમાં રક્ષણ મેળવવા આત્મબળને પોષો. કલ્પનાઓથી જાતને દુઃખી ન કરો. ઘણી ભીતિઓ થાક અને એકલતામાંથી ઉદ્ભવતી હોય છે. નરવી શિસ્તને અતિક્રમીને જાત સાથે કોમળ બનો. વૃક્ષો અને તારાઓ જેટલાં વિશ્વનાં સંતાન છે તેટલાં તમે પણ છો. અહીં રહેવાનો તમને હક છે. તમારા મનમાં આ સ્પષ્ટ હોય કે ન હોય, વિશ્વ જેટલું ઊઘડવું જોઈએ તેટલું નિઃશંક ઊઘડી રહ્યું છે. ભગવાન સાથે સુલેહ કરી લો.

તમારો ગમે તે ખ્યાલ હોય; ગમે તેટલા શ્રમ અને આકાંક્ષાઓ હોય, જીવનની કોલાહલભરી સંકુલતામાં તમારા આત્મા સાથે પણ સુલેહ કરો. બધા ડોળ, વેઠ અને સ્વપ્નભંગો છતાં આ જગત સુંદર છે. સાવધ રહો. સુખી થવા મથામણ કરો.

અનુ. કાંતિલાલ કાલાણી
(નવનીત - સમર્પણ'માંથી)

અનુસંધાન] સાહિત્યસંપર્ક [પૃ. ૫૮૬ પરથી

છે. ચોથા ખંડમાં શ્રીમતી દુર્ગાબહેન વિશેના ત્રણ લેખો મુકાયા છે. પાંચમા ખંડમાં મહાદેવના જવાથી જે પ્રતિભાવ ચિત્તમાં જાગ્યો તેને કંડારતાં ગદ્ય-પદ્યમય ગુજરાતી-અંગ્રેજી લખાણો છે. છઠ્ઠા ખંડમાં મહાદેવભાઈએ ગુજરાતી સાહિત્ય પરિષદના અધિવેશનમાં વૃત્તવિવેચન અને વૃત્તવિવેચકો શીર્ષકથી વિભાગીય અધ્યક્ષ તરીકે જે વ્યાખ્યાન આપેલું તે છે. આ વ્યાખ્યાનમાં મહાદેવભાઈની પત્રકાર તરીકેની તેમજ ગદ્યકાર તરીકેની છબી સુપેરે ઊપસી રહે છે. સાતમા ખંડમાં પણ મહાદેવભાઈનાં વિવિધ વિષય પર લખાયેલાં કેટલાંક લખાણો સંગૃહીત થયાં છે, જેમાં પણ એમનાં વિચાર-માન્યતાની તર્કબધ્ધ રીતે રજૂ કરવાની શક્તિ વર્તાઈ આવે છે. ૮મા 'પંચામૃત' નામક ખંડમાં ગાંધીના પત્રો, મહાદેવભાઈના પત્રો, ઊર્મિલાદેવી સેન અને જવાહરલાલના પત્રો રજૂ થયા છે. આ પત્રો કેટલાક ગુજરાતીમાં તો કેટલાક અંગ્રેજીમાં લખાયા છે. અહીં પણ એક સ્પષ્ટ વિચારક અને અભિવક્તા તરીકે મહાદેવભાઈની છાપ દૃઢ બને છે. સાથે સાથે ગુજરાતી અને અંગ્રેજી ભાષાઓ પરના તેમના પ્રભુત્વની પણ પ્રતીતિ થાય છે. ૯મો ખંડ મુખ્યત્વે મહાદેવભાઈની ડાયરીને લક્ષમાં રાખી તેમને મુલવતા નગીનદાસ પારેખ, ઉમાશંકર જોશી, જયંતિ દલાલ, યશવન્ત શુક્લ, કૃષ્ણવીર દીક્ષિત, આદિનાં લખાણો એકત્ર કરાયાં છે. એમાં મહાદેવભાઈની ગદ્યકાર તરીકે, પત્રકાર તરીકે, સાહિત્યકાર તરીકે એમ વિવિધ શક્તિઓને મૂલવતા લેખો પણ છે. સમગ્ર રીતે જોતાં આટલી ઓછી કિંમતમાં પ્રજાને આ ગ્રંથ સુલભ કરાવી આપવામાં સાચા અર્થમાં મહાદેવ દેસાઈની જન્મશતાબ્દીએ એમનું તર્પણકાર્ય થયું છે. વળી, અનેક છબીઓથી પણ આ ગ્રંથ વિભૂષિત છે. આગળ કે પાછળ ક્યાંક મહાદેવ દેસાઈની જીવન-તવારીખ અને એમના વિષેની સંદર્ભ સામગ્રી અપાઈ હોત તો ગ્રંથની ઉપયોગિતામાં ઉમેરો થાત.

મનહર પુનર્પ્રકાશન

હાસ્ય-લેખક તરીકે શ્રી બકુલ ત્રિપાઠીને આજથી ૪૦ વર્ષ પૂર્વે એમણે નિબંધિકાઓનો આરંભ કર્યો ત્યારે જે વિશેષણોથી ઓળખાવ્યા હતા તે તેમની પછીની સર્જનયાત્રામાં ચરિતાર્થ થતાં હોવાથી આજે એનું પુનરુચ્ચારણ કરવાની ભાગ્યે જ જરૂર હોય. એક સાચા વ્યંગકારને છાજે તે રીતે એમણે સમાજનાં વિવિધ ક્ષેત્રના વિવિધ સ્તરનાં પાત્રોનું ઝીણવટથી નિરીક્ષણ કર્યું છે. 'સચરાચરમાં' એમનો આવી ૩૦ નિબંધિકાઓનો પ્રથમ સંગ્રહ ૧૯૫૫માં પ્રકટ થયો હતો. તેની બીજી આવૃત્તિનું પુનર્મુદ્રણ ૧૯૯૦માં થયું. આ સંગ્રહની નિબંધિકાઓ પુનઃ વાંચનારને એમ અવશ્ય થશે કે શ્રી બકુલ ત્રિપાઠી 'સચરાચરમાં'નો બીજો ખંડ ક્યારે આપશે ? એક વિભુ અને બીજો વ્યંગકાર સચરાચરમાં વ્યાપ્ત હોય છે. અહીં વ્યંગની ધાર મારકણી નથી, પણ હસતાં હસતાં હસાવવાની પ્રક્રિયા દ્વારા સૂક્ષ્મ વ્યંગ કરી લેવાયો છે. ક્યાંક દૃષ્ટાંતો કે ઉપમા-રૂપકોનું વૈચિત્ર્ય હાસ્ય નિષ્પત્તિમાં ઉપકારક થયેલું છે. હળવી શૈલી આનો વિશેષ છે અને એ વિશેષ દ્વારા અગંભીર રહ્યે રહ્યે ગંભીર વાતો થયેલી પણ અનુભવી શકાય છે. યાદૃચ્છિક સર્જનવિહાર એ આ નિબંધિકાનું વિશેષ લક્ષણ છે. આવી નિર્ભેળ રચનાઓ 'સચરાચરમાં'ના નિબંધકાર પાસેથી વધુ ને વધુ મળતી રહે તો ?

(પાકું પૂઠું, પૃ. ૨૫૧, પ્રકા. આર. આર. શેઠની કંપની; રૂ. ૪૫)

ψ બિન્દુઓ ભેગાં મળ્યાં સિન્ધુના આકારમાં, ψ
ψ ભવ્યતાનું રૂપ છે જોઈ લો સહકારમાં, ψ
ψ શેખાદમ આબુવાલા ψ

એક ગામની ભાગોળેથી એક વાર એક સાધુ પુરુષ પસાર થઈ રહ્યા હતા. તેમના કાને જબરો શોરબકોર પડ્યો. ટોળું જામ્યું હતું. પેલા સાધુપુરુષે તે તરફ ડગ માંડ્યા. ટોળાની વચ્ચે ઘેરાએલી એક સ્ત્રીને અનેકો ભાંડી રહ્યા હતા. સાધુપુરુષે ચકિત થઈ એનું કારણ પૂછ્યું. એક જ જવાબ મળ્યો કે તે સ્ત્રી પાપી છે, વારાંગના છે. માટે અમે તેને સજા કરવા ઇચ્છીએ છીએ. સાધુપુરુષે કહ્યું, 'તમારામાંથી જેણે એક પણ પાપ ના કર્યું હોય તે સૌ-પ્રથમ પથ્થર મારે.' શોરબકોર શાંત થઈ ગયો. લોકો એક પછી એક ગાયબ થઈ ગયા. માત્ર પેલો સાધુપુરુષ અને પેલી પાપી સ્ત્રી જ ત્યાં રહ્યાં. આ સાધુપુરુષ તે ભગવાન ઇશુ ખ્રિસ્ત.

¤

જાણો છો કે સહરાના વિશાળ રણમાં દિવસ અને રાત વચ્ચે ૧૩૦ ડિગ્રી હવામાનનો તફાવત રહે છે ?

¤

લડાઈમાં દારૂનો ઉપયોગ કરવાની પદ્ધતિ ચીનાઓએ ઇ.સ. ૮૫માં શરૂ કરી હતી.

¤

પંજાબ એ નહેરનો પ્રદેશ છે. જગતમાં ત્યાં છે તેટલી નહેરો બીજે ક્યાંય નથી.

¤

ગણિતગમ્મત

૧૪૨૮૫૭ એ એક એવી રકમ છે કે જેને નીચેની રીતે ગુણતાં એમાંના જ અંક ગુણાકારમાં આવ્યા કરે છે :

૧૪૨૮૫૭ x ૨ = ૨૮૫૭૧૪
૧૪૨૮૫૭ x ૩ = ૪૨૮૫૭૧
૧૪૨૮૫૭ x ૪ = ૫૭૧૪૨૮
૧૪૨૮૫૭ x ૫ = ૭૧૪૨૮૫
૧૪૨૮૫૭ x ૬ = ૮૫૭૧૪૨

પરન્તુ આ જ રકમને ૭ વડે ગુણી જોજો.

¤

એકાદ પ્યાલામાં એક ચમચી નવસાર નાખી તે પાણીથી સોનાચાંદીના દાગીના ધોવાથી ચકચકિત થાય છે.

¤

બાળક : મા, તું શું ખોળે છે ?
મા : કાંઈ નહિ.
બાળક : તો તું પેલા ખાલી ડબામાં જો.

¤

કહેવતનો અર્થ : 'છાશ લેવા જવું ને દોણી સંતાડવી.' હલકું કામ કરવું હોય ને પાછો મોભો પણ જાળવવો હોય એ કેમ બને ? આથી આ મતલબમાં આ કહેવતનો પ્રયોગ થાય છે. એને મળતી અન્ય કહેવતો છે : 'નાચવા જવું ને ઘુંઘટો તાણવો.', 'ભીખ માગવી ને ભરમ રાખવો', 'શોખ કરવો ને શરમ રાખવી'.

¤

સોનાના ભાવ આજે કૂદકે ને ભૂસકે વધી રહ્યા છે ત્યારે જાણી લો કે સેરિયમ, પેલોડિયમ, ઓસ્મિયમ, પ્લેટિનમ, રૂબીડિયમ અને થોરિયમ સોનાથી પણ મોંઘા છે.

¤

ભોજનના આરંભે મીઠું ભભરાવેલી આદુની કાતરી ખાવાથી ભૂખ ઊઘડે છે, રુચિ ઉત્પન્ન થાય છે, ખોરાકનું પાચન થાય છે, કફ અને વાયુના રોગો થતા નથી તથા કંઠ અને જીભની શુદ્ધિ થાય છે.

ભાવમિશ્ર

¤

મોંઘીદાટ ચાની ભૂકીમાં લોખંડની ભૂકીની ભેળસેળ કે વપરાયેલી ચા પર રંગ ચડાવી તેનું મિશ્રણ કરવામાં આવતું હોય છે. તેને પારખવા ચાની ભૂકીમાં લોહચૂંબક ફેરવવાથી કે ચાની ચપટી પાણીના ગ્લાસમાં નાખતાં વેંત જો પાણી રંગ પકડી લે તો તે ભેળસેળ પરખાઈ જાય છે.

¤

પ્રતિવર્ષ કેલાવેરા ખાતે યોજાતી 'જમ્પિંગ ફ્રોગ જ્યુબિલી' નામક સ્પર્ધામાં આ વર્ષે 'ફન એન્ડ ફ્રોગ્લિક' નામના દેડકાને કજ ફૂટનો લાંબો કૂદકો મારવા બદલ ૫૦૦ ડૉલરનું પારિતોષિક પ્રાપ્ત થયું હતું.

¤

અજમા સાથે સંચળ ફાકવાથી પેટના દુ:ખાવામાં રાહત થાય છે.

¤

દક્ષિણ અમેરિકામાં હવે મરચાંની ભૂકીથી દુખાવો મટાડવાનો સફળ પ્રયોગ થયો છે. મરચાંની ભૂકીમાંથી બનાવેલું આ ક્રીમ ડાયબીટીઝના દરદીઓને હથેળીમાં કે પગનાં તળિયે દાહ થતો હોય ત્યાં લગાડવાથી રાહત અનુભવાતી હતી એવું અમેરિકાના ડાયબીટીઝ મંડળે અભ્યાસ કરી તરાવ્યું છે.

¤


જોડણીભેદે અર્થભેદ

શંકર - મહાદેવ, શિવ   સંકર - મિશ્રણ

¤

કલાકણિકા : ચીનના ઇતિહાસમાં ઇ. ૬૧૮ થી ૯૦૭નાં સમયગાળાનો 'તાંગ' કાળ ત્યારના કલાકૌશલ માટે ખ્યાત છે. એ દરમિયાનના ચળકતા કાંસાની તકતીનાં દર્પણ વપરાતાં. એવા એક દર્પણની રૂપાની પીઠ પરનું અટપટી ફૂલવેલનું આ શોભન તેનું એક ઉદાહરણ છે.





'આદમના સર્જન પછી એને એકાકી ન રાખવા પરમેશ્વરે નિદ્રાધીન આદમની પાંસળીમાંથી 'ઇવ'ને પ્રકટ કરી, અને એ આદિ સ્ત્રી–પુરુષને ઇડનના બાગમાં અન્ય જીવોના અધિષ્ઠાતા બનાવ્યાં. ત્યાં એમને કોઈપણ વૃક્ષના ફળનો ઉપભોગ કરવાની છૂટ હતી, પણ ઇષ્ટ–અનિષ્ટના જ્ઞાનના વૃક્ષનાં ફળને હાથ પણ લગાડવા પર પ્રતિબંધ હતો. એક સર્પે ઇવને એ જ્ઞાનવૃક્ષનું ફળ ચાખવા લલચાવી અને એ ચાખ્યા પછી ઇવે આદમને પણ ખાવા પ્રેર્યો. આ આજ્ઞાભંગ બદલ આદમ અને ઇવને દુન્યવી સુખદુઃખ ભોગવવા અને મર્ત્યત્વને પામવાના શાપ સાથે સ્વર્ગમાંથી હાંકી કાઢવામાં આવ્યાં. સિસ્ટાઇન ચૅપલની છતમાં માઇકલ ઍન્જેલોએ કરેલું ઇવના પ્રાકટ્યનું ચિત્ર અહીં આપ્યું છે.